કુમાર

વર્ષ ૩૦ અંક ૬ · જૂન ૧૯૫૩
૩૫૪

તંત્રી · બચુભાઈ રાવત



લાડલી · દિવ્યકાંત ઓઝા

આવતી કાલનાં નાગરિકો માટેનું આજના ગુજરાતનું માનીતું માસિક · સંસ્થાપક રવિશંકર રાવળ



રાણકદેવી · ચિત્રકાર રવિશંકર રાવળ · અમદાવાદની ગુજરાત સાહિત્ય સભા તરફથી પ્રકાશિત 'શ્રી ક. મા. મુનશીની પાત્રસૃષ્ટિ'નામક ૪૨ પૂર્ણરંગી ચિત્રોના ચિત્રસંપુટમાંની એક કૃતિ : સભાના સૌજન્યથી (કુમાર · જૂન '૫૩નું મુખચિત્ર)

રાણકદેવી-ગુજરાતની એ મહાસતીનો ઇતિહાસ લોકકથામાં વિખ્યાત છે. ગુજરાતના રાજા જયસિંહદેવ સિદ્ધરાજે સોરઠ પર ચઢાઇ કરી હતી. સોરઠના રાજ્યને જીતવાનો એને મોહ નહોતો; પણ રાણક, જેના પર એ મોહ્યો હતો તેના પતિ રા'ખેંગાર પર વેર લઈ રાણકદેવીને પોતાની કરવાની ઇચ્છાથી એણે આ ચઢાઈ કરી હતી. રાણકદેવી સાચી પતિવ્રતા હતી. પોતાના પતિને યુદ્ધમાં જવા ભાવભીની વિદાય આપી, યુદ્ધે ચડતા પતિને ગૌરવથી ને અભિમાનથી એ ગઢ ઉપરથી જોઈ રહે છે એ પ્રસંગનું આ આલેખન છે. એનાં નયનોમાં ભાવિની ચિંતાભરી ઉત્સુકતા ભરી છે.



ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છુટક નકલ: બાર આના

વાચકો લખે છે......

અહીં પ્રકટ થતી દરેક વસ્તુ માટે એક ત્રિરંગી ચિત્ર ભેટ મોકલાશે.

પ્રો. ખુશાલ તલકશી શાહ રચિત ત્રણ પુસ્તકોને હિંદના અર્થશાસ્ત્ર માટે, જ્યારે તે પ્રસિદ્ધ થયાં ત્યારે, ક્રાંતિકારક સાહિત્ય ગણાવી શકાય. પહેલું પુસ્તક Wealth and Taxable Capacity of India હતું. જે તેમણે શ્રી ખંભાતા નામના તેમના વિદ્યાર્થીના સહયોગે લખ્યું હતું. બીજું પુસ્તક Trade Tariff and Transport એ નામનું હતું. તે અગાઉ પ્રો. શાહે Sixty Years of Indian Finance એ નામનું પુસ્તક પ્રસિદ્ધ કરેલું. આ સમયે તેઓ મુંબઈ વિદ્યાપીઠમાં અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક હતા; અને એમના સંચાલન નીચે તૈયાર થતી એ સંસ્થા બચપણની અવસ્થામાં હતી: હિંદની સંપત્તિનું માપ કાઢવાનો પ્રથમ પ્રયાસ ઓગણીસમી સદીના છેલ્લા વિભાગમાં શ્રી દાદાભાઈ નૌરોજીએ કરેલો. એ પ્રયાસના પરિણામ ઉપર તો રાનડે, ગોખલે, જોષી વગેરે અભ્યાસીઓ બ્રિટિશ સરકાર સામે ભયંકર હુમલાઓ ફેંકતા, એવા તીખા કે લૉર્ડ કિચનરે તો એક વાર લોકસભામાં કહેલું કે રણમેદાન ઉપર તોપના ગોળાઓનો વરસાદ લેવો સારો, પણ આ ગોળીઓની તિખાશ એથી ભૂંડી. શ્રી દાદાભાઈ પછી લૉર્ડ કર્ઝને આપણી સંપત્તિનું અને આપણી કમાણીની સરેરાશનું માપ કઢાવેલું; આ માપ એટલું તો નીચું આવેલું કે તેને પ્રસિદ્ધિ આપવામાં આવી નહોતી. પ્રો. ખુશાલ શાહે આવાં બને માપ તે પછી લગભગ પચીસ વર્ષે કાઢ્યાં. હિંદપુત્રનો શાસ્ત્રીય ઢબનો એ પહેલો પ્રયાસ હતો. ત્યાર પછી તો બીજા પ્રયાસો થયા છે, પણ શૈલી, પદ્ધતિ, ભાષા, એ અપેક્ષાએ પ્રો. ખુશાલનો પ્રયાસ હજુ પણ પ્રથમ સ્થાન ધરાવે છે. તેમનાં બીજાં બે પુસ્તકો Sixty Years of Indian Finance અને Trade, Tariff and Transport એ હતાં. જેમનું લખાણ પ્રથમ પુસ્તકના જેવું જ કડક હતું. વિદ્યાપીઠોમાં જ્યારે સરકારી વગ સખત હતી ત્યારે આવાં પુસ્તકો માટે આપણે ત્યાં એ સમયે અવકાશ નહોતો. આ કારણથી પ્રો. ખુશાલ શાહને પોતાનો હોદ્દો છોડવો પડેલો. તે પછી આપણી પ્રજાનું આર્થિક તંત્ર યોગ્ય યોજના ઉપર મૂકવામાં આવે તે માટે કૉંગ્રેસ તરફથી સમિતિ નીમવામાં આવેલી, તેમાં પંડિત નહેરુ, આચાર્ય નરેન્દ્રદેવ મુખ્ય હતા. એમણે આ કામ પ્રો. ખુશાલ શાહને આપેલું, જે કામ તેમણે મુંબઈ યુનિવર્સિટીમાં બેસી, સારી મહેનત લઈ, લગભગ છવ્વીસ જેટલાં પુસ્તકો લખી પૂરું કરેલું. પ્રો. ખુશાલ શાહ Socialist—સમાજવાદી હતા. અલબત્ત, છેલ્લાં વીસ વર્ષોમાં તેમનું અર્થશાસ્ત્રનું જ્ઞાન વ્યવસ્થિત રહી શક્યું નહોતું, કારણ કે તેઓ રાજકારણમાં પડ્યા હતા. ઉપરાંત, આપણા દેશના બધા પ્રદેશોમાં આર્થિક પ્રશ્નોના ઉકેલ માટે વિદ્યાપીઠોની અભ્યાસવ્યવસ્થા વિશેષ સંગીન થતી જતી હતી. એ સંયોગોમાં પ્રો. ખુશાલ શાહ, વર્તમાન યુગની દૃષ્ટિએ, અર્થશાસ્ત્રના વિષયમાં જૂના જોગી જેવા લાગતા હતા. આ બધું ખરું છે; છતાં હિંદના અર્થશાસ્ત્રના ઇતિહાસમાં સમાજવાદી પ્રણાલિકાના ગણેશ સ્થાપવામાં અને એ અભ્યાસને સંગીન બનાવવામાં પ્રો. ખુશાલનો પ્રયાસ ચોક્કસ પ્રથમ સ્થાન લેશે. હજુ પણ ઐતિહાસિક દૃષ્ટિએ આવા પ્રયાસો થયા નથી.

(વડોદરા) —(પ્રો.) કેશવલાલ હિં. કામદાર

મારું નામ તિવારી નથી, મને કોઈ વૃદ્ધ મળ્યો નથી, 'રીસી' નામનો ઘોડો મને ઇનામ અપાવી ગયો નથી, અને બસની ફર્સ ઉપરથી પડી જવાથી મારું મૃત્યુ ય નીપજ્યું નથી, ...અને છતાં મે '૫૩માં 'કુમાર'ના સંપાદક સાહેબે અમને મે ૧૯૫૧નું 'કુમાર' મોકલાવ્યું છે! ઈશ્વરનો આભાર એટલો માનવાનો કે પેલા અભાગી તિવારીજીની માફક અમારા નસીબનો પાસો સવળો પડી અવળો ફરી ગયો નથી! સ્ટૅાપ પ્રેસમાં એટલું જ કે તારીખ ભલે જૂની, પણ સામગ્રી બધી નવી જ નીકળી છે, એટલે 'આવતી કાલનાં નાગરિકોના માસિક'ના દાવાને ખાસ આંચ આવતી નથી. દુઃખ એ જ કે કુમારના ઘોડાએ બે વર્ષ અતીતમાં 'પીછેકદમ' કરી છે—અલબત્ત 'મુદ્રણરાક્ષસ'ના પાપે!

(દાનપુર) —બદ્રી ભટ્ટ

[*ગયા અંકના પૂઠા પરની એ છાપભૂલ નજર બહાર જવા માટે અમે દિલગીર છીએ.]

'કુમાર'ના એપ્રિલ અંકમાં શ્રી શાંતિલાલ શાહનું ચિત્ર ખૂબ ભાવવાહી છે; પરંતુ કેશ ગુંથાવનાર સ્ત્રીનું આખું ય મોં ને કેશ ગૂંથનાર સ્ત્રીનું અરધું મોં અરીસાના સીમા પ્રદેશમાં આવતું હોવા છતાં એનું પ્રતિબિંબ અરીસામાં કેમ દેખાતું નથી?

શ્રી અશોક હર્ષનાં પ્રસંગોચિત રેખાચિત્રો હું ખૂબ રસપૂર્વક વાંચું છું. શબ્દોની કરકસર કરીને પણ એ ઘણું ભાથું બંધાવે છે.

(અમદાવાદ) —રામુ પંડિત

[*પ્રશ્ન ઉચિત છે; પણ ઘણીવાર એવું બને છે કે અરીસા સામે બેઠેલાં પાત્રોનાં મોં તેઓ પોતે જોતાં હોય છતાં અમુક કોણ પર ઊભેલા આપણે તેમનાં પ્રતિબિંબ અરીસામાં જોઈ ન શકીએ. આ ચિત્રમાં ઓળાવનારે અરીસાનું ખાસ આલંબન લીધું નથી. કેમકે બીજા પાસે ઓળાવે છે એટલે એમનો કોણ જરા ભિન્ન છે. ઉપરાંત પ્રતિબિંબ કદાચ એ બંનેના ચહેરાની સાથોસાથ—નજીકમાં જ કાચ પર આવી જાય તેથી આકૃતિઓની ગૂંચવણી થઇ જાય અને મુખ્ય પાત્રોનો ઉઠાવ રૂંધાઈ જાય એ દૃષ્ટિ યે ચિત્રકારની ખરી.]

'કુમાર'નાં પાનાં (ખાસ કરીને અંદરનાં) નીકળી જાય એવું બને છે. તેમાં હું વાળો ઉકેલીને વચ્ચે ચીકણા કાગળની કાપલી આડી મૂકીને ફરી વાળો ફિટ કરું છું. કદાચ અન્ય ગ્રાહકોને એ રીત ઉપયોગી થાય.

(ચૂડા) —દિનકરરાય વૈદ્ય

'કુમાર' લગભગ ૩૦ વરસથી સાચી સેવા કરી રહ્યું છે અને તેથી તેના તરફ જનતાનો અથાગ પ્રેમ છે, છતાં 'કુમાર'ના ગ્રાહકો વધતા નથી, તેમજ તેને ટકાવી રાખવા માટે જનતા બીજી કોઇપણ રીતે આગળ આવતી નથી. ઊલટું 'કુમાર' પાસે વધારે સાહિત્ય અને પાનાંની કેટલાક ગ્રાહકભાઇઓ માગણી કરે છે; આ માટે મારી એક સૂચના છે તેનો અમલ 'કુમાર'ના ગ્રાહકો કે શુભેચ્છકો તરફથી બરાબર કરવામાં આવે તો બહુ જ ઓછી મહેનતે 'કુમાર'ને મદદરૂપ થવાશે.

'કુમાર'ના જેટલા ગ્રાહકો છે તે દરેક 'કુમાર' માટે ફક્ત એક જ જાહેરખબર ગમે તે સાઇઝની, બારમાસ માટેની, મેળવી આપવી. આ રીતે આટલી ઓછી મહેનત કરવામાં આવે તો 'કુમાર'ના સેંકડો ગ્રાહકો હોઇને સેંકડો જા.ખ. મળી રહે અને મોટેભાગે ઘણી જા.ખ. લાંબા વખત માટે પછી કાયમી બની જશે; તેથી 'કુમાર'ને સારો એવો ટેકો મળશે. એથી 'કુમાર' ગ્રાહકોને વધારે રસદાયી વાચન આપવાનું શરૂ કરી પાનાં વધારી શકશે. મહેનત થોડી કરવાથી પણ તેનો બદલો તેટલા જ લવાજમમાં વધારેમાં વધારે મળી રહેશે. આ મારી સૂચનાનો દરેક 'કુમાર'પ્રેમી બંધુ વિચાર કરે તેવી આશા રાખું છું.

(અમરગઢ) —મગનલાલ ડી. ત્રિવેદી

આંબો
· પરંપરિત હરિગીત ·

વૈશાખનો વંટોળ ગાંડોતૂર
–જેરુસલેમનાં ટોળાં તણો ધૂંધવાટ જાણે–
ટેકરી પરના બગીચાને ઝૂંણે,
ઝૂકી રહેલા એક આંબાને તરત ઘેરી વળ્યો.

ને નમ્ર આંબો
–શિષ્યના સૌ વૃંદને ઝૂલાવતો જાણે ઈશુ!–
કાચી અને પાકી ટપોટપ કેરીઓ ખરતી જતી
નિરખી રહ્યો..

હસમુખ પાઠક

આંબા ને કેરીઓનું રૂપક કોને માટે યોજ્યું છે તે સ્પષ્ટ છે. નવી કવિતાનું એક લાક્ષણિક દૃષ્ટાંત.

નવોઢા ભાર્યાના
શિખરણી

તમે આવ્યાં ગેહે તરુણ વયના પ્રાતર સમે
નવાં ફૂલો કેરી સુરભિ સમ લૈને મધુપ્રીતિ,
અનંગ પ્રત્યંગે ભરી સજીવ શે શું ફરી રતી!
નવા તારુણ્યે જે દિસતી અધખીલેલ ગુલ શી.

વટાવી ચોકીઓ નજર તણી જૈને પિતરની,
બહુધા ઢાળેલાં નયન અથડાતાં કદિ કહીં;
ખીલી રહેતી ઊષા વધૂમુખનભે શર્મસુરખી,
ન એથી કો બીજું પિયુનજરને માદક પીણું.

નર્યાં મુગ્ધ સ્વપ્ને ખીલત હરિયાળી હૃદયની
પરે લ્હેરાતી શી મધુર ફુલરાજી પ્રણયની;
ન શબ્દો,–મુગ્ધાના દૃગકુટિલનો એક લટકો
બધા આયુર્માર્ગે પથિક તણું પાથેય બનતો.

નવોઢા ભાર્યાના પ્રણયની કયી ના પ્રિયસ્મૃતિ?
કમાડો ઓઢેલાં નયનદ્વયની વાત જ જુદી.

સનાતન

જગતના લાંબા પ્રવાસમાર્ગમાં અખૂટ માધુર્યવાળું ભાતું બની રહેતાં સ્મરણો.

શૂન્યતા
· મંદાક્રાન્તા ·

માથે બોજા બહુ બહુ વહ્યા તો ય ભારે ન લાગ્યા,
ચિંતાભારે પણ નહિ કદી ધૈર્યે કે હામ ભાંગ્યાં,
દુઃખો કેરું વજન પણ હું શાંતિથી ઝીલનારી;
સ્હેવાયે ના પ્રાણ મનની આ શૂન્યતા ભારી ભારી!

ગીતા કાપડિયા

કોના મનની?

કોના મનની ભૂલ?

છાયા તેજ સમાં સાથે પણ
જુદી સમજ સમૂળ:
કોના મનની ભૂલ?

મોંઘી મમતા જે મુજને, તે
તારે વસમું વેર;
અમરત મેં માન્યું જેને, તે
તારે જલતું ઝેર;
મારે જે ગંગા, તુજને તે
વૈતરણી: શો ફેર!
શું સોનું? શું ધૂળ?
કોના મનની ભૂલ?

પિનાકિન્ ઠાકોર

નવાનવા
· ગઝલ ·

અભિપ્રાય પૂછ મા મને દુનિયા નવાનવા
જોઉં છું જૂની આંખે તમાશા નવાનવા.

એ દોષ દૃષ્ટિનો છે, કે સાગરની ચાલ છે?
દેખાય છે નઝરમાં કિનારા નવાનવા.

ક્યાં આ પ્રણયની કોઈ ન બદલી શક્યું કદી,
આવી ગયા ભલેને ઝમાના નવાનવા!

સર્જન કરે છે કોઈ, તો કોઈ કરે છે નાશ,
જાગ્યા હરીફ જાણે ખુદાના નવાનવા.

સાકી! પીવા દે સર્વને મનફાવતી રીતે,
ધારા ન ઘડ તું તારી સભાના નવાનવા.

મુકબિલ લઈને ભટકું છું મંઝિલની વાટમાં,
રસ્તા બતાવે છે મને શ્રદ્ધા નવાનવા.

મુકબિલ કુરેશી

કાળ-ઘંટી
· ઉપજાતિ ·

સંધ્યા-ઉષાનો પડ મંદ્ય બે આ
ઘંટી તણા કાળની, શાં પીસાતાં
અગણ્ય કૈં માનવ-બીજ નિત્ય!
એનો સ્મૃતિ-લોટ અતીત-થાળે
થાય એકઠો!

અમૃત ઇ. શુકલ







રાષ્ટ્રસમૂહ(કૉમનવેલ્થ)ના દેશોનાં પ્રતીક (ચિત્રબોધ)

જગતના પાંચ ખંડોને આવરીને પડેલું અને દુનિયાની વસતિનો ચોથો ભાગ ધરાવતું અગાઉનું બ્રિટિશ સામ્રાજ્ય, જે હિંદના સ્વતંત્ર થવા જેવાં ઘણાં કારણોને લીધે હવે રાષ્ટ્ર સમૂહ (કૉમન વેલ્થ ઑવ નેશન્સ)ના નામે ઓળખાય છે, તેમાંના મોટા દેશોથી માંડી નાનાં સંસ્થાનો સુધીના સર્વ સભ્યોનાં રાજ્યપ્રતીકોનું આ આલેખન, ગઇ બીજી તારીખે રાણી ઇલિઝાબેથ(બીજી)ની તાજપોષી નિમિત્તે બહાર પડેલી તેના કાર્યક્રમની પુસ્તિકામાંથી અહીં એટલા માટે રજૂ કર્યું છે કે એમાં પ્રત્યેક દેશની ભાવના તેમજ પરંપરા, તેનાં પ્રતિનિધિરૂપ કુદરતી કલાત્મક યા અન્ય ચિહ્નો દ્વારા સુશોભિત રીતે વ્યક્ત થએલી છે, અને એ પ્રતીકોનો આવો નિઃશેષ સમૂહ એકી સાથે મળવો દુર્લભ હોય છે. એમાં આ લખાણના મથાળાની બરોબર ઉપર વચ્ચોવચ બ્રિટનનું રાજ્ય ચિહ્ન છે, અને તેની ચોમેર આવેલાં અન્ય પ્રતીકો નીચે તે તે દેશોનાં નામ લખેલાં છે.







તદ્દન નીચલી પટ્ટીમાં વચ્ચેની તકતીમાં રાણી ઇલિઝાબેથના સત્તાવાર નામાક્ષરો E II R (ઈલીઝાબેથ રેજીના બીજી) છે અને તેની બંને બાજુની ચારચાર તકતીઓમાં અનુક્રમે ઇગ્લૅંડના રાષ્ટ્રીય ફૂલ ગુલાબ, સ્કૉટલૅન્ડના રાષ્ટ્ર-પુષ્પ થિસલ, આયર્લૅન્ડના રાષ્ટ્ર-ફૂલ શૅમરૉક તથા વેલ્સના રાષ્ટ્રીય પુષ્પ લીકનાં સુશોભનો યોજેલાં છે.





અમેરિકાની નવી દુનિયામાંથી જગતને નવસંદેશ આપનાર અર્વાચીન યુગનો આર્ષદ્રષ્ટા ઋષિ

એમર્સન


લેખક
અશોક હર્ષ

'I am owner of the sphere,
Of the seven stars and the solar year,
Of Cæsar's hand, and Plato's brain,
Of Lord Christ's heart, and Shakespeare's strain.'

અમેરિકાની નવી દુનિયામાંથી જગતને નવસંદેશ આપનાર એક અર્વાચીન ઋષિની આ વાણી છે. પશ્ચિમનું અધ:પતન જ્યારે હદ ઓળંગી ગયું હતું ત્યારે એ સામે પહેલવહેલો અવાજ અંગ્રેજ વિચારક કાર્લાઇલે ઉઠાવેલો. પરંતુ એ અવાજ અસરકારક નહોતો બની શક્યો. પણ ભારતીય આર્ષપરંપરામાંના જ એક તરીકે જેને સહેજે સ્થાન આપી શકાય એવા રાલ્ફ વાલ્ડો એમર્સનની વાણીએ જોઇતી અસર ઉપજાવી, એટલું જ નહિ પરંતુ આજે ય તે એટલી જ અસરકારક રહી છે. કાર્લાઇલે એની રોજનીશીમાં લખેલું : 'પ્રત્યેક યુગમાં એવો શબ્દ અસ્તિત્વમાં હોય જ છે જે માનવીઓને સંભળાવતાં તેમના અંતસ્તલ સુધી પહોંચી જાય છે. પરંતુ એ શબ્દ શોધવો શી રીતે ? કેવી રીતે એ ઉચ્ચારવો ?' એમર્સનને એ પ્રશ્નનો ઉત્તર મળી ગયો હતો. એણે એ શબ્દ પણ શોધી કાઢ્યો હતો ને એના ઉચ્ચારણની રીત પણ શોધી કાઢી હતી. વિશ્વહૃદયનો ધબકાર અનુભવી ગએલા એ ઋષિવરનો સંદેશ જેટલો પશ્ચિમ માટે છે એટલો જ પૂર્વ માટે પણ છે. શ્રી હેરંબચરણ મૈત્રે અમેરિકામાં આપેલા એક વ્યાખ્યાનમાં જણાવ્યા મુજબ, પૂર્વના દર્શનને એમર્સને નવું બળ પૂરું પાડ્યું છે.



જેની દોઢસોમી જયંતી ગયા મહીને આવી ગઈ



એમર્સનની મહત્તા આપણા દેશને હજી પૂરી નથી સમજાઈ. એ આપણને પૂરો પરિચિત પણ નથી. આનું કારણ આપણા પરનો અંગ્રેજોનો પ્રભાવ છે. અંગ્રેજો ગમે તે કારણે પણ અમેરિકનોની મુક્ત મને પ્રશંસા નથી કરી શકતા. નાથાનિયલ હૉથૉર્ન જેવો લેખક અમેરિકામાં અત્યંત લોકપ્રિય છતાં ઇંગ્લંડમાં લોકપ્રિય નથી થઈ શક્યો. એવું જ બીજા અનેક અમેરિકન લેખકોનું છે. કાર્લાઈલ જેવા નીડર વિચારકે એમર્સનને યુગમૂર્તિ ગણાવ્યા છતાં તેણે જ્યારે નરકમાં પોતાની અશ્રદ્ધા જાહેર કરી ત્યારે કાર્લાઈલ છંછેડાઈ ઊઠેલો. એમર્સને એને નમ્રપણે સમજાવવા પ્રયત્ન કરેલો; પણ સાથેસાથે પોતાની માન્યતામાં પણ તેમક્કમ જ રહેલો કે 'દરેક માનવી સત્યપ્રેમી હોય છે એવી મારી માન્યતામાંથી મને કશું જ ચલિત કરી શકે તેમ નથી.'

એમર્સન માનવજાતને માનસિક ગુલામીમાંથી છોડાવનાર એક મહાન મુક્તિદાતા હતો. વ્યક્તિઓ અને રાષ્ટ્રો વચ્ચેના ઘર્ષણના સ્થાને મુક્ત માનવીઓના પરસ્પર સહકારનો સંદેશ એણે દુનિયાને આપ્યો. માનવજાતની એકતાને એણે વિશ્વનો સર્વોચ્ચ નિયમ જાહેર કર્યો. માનવજાતને એણે આપેલો આદેશ છે—'જીવો, જીવવા દો અને જીવવા દેવામાં સહાયભૂત થાઓ.'

એ રાલ્ફ વાલ્ડો એમર્સનનો જન્મ ઈ.સ. ૧૮૦૩ના મેની ૨૩મીએ બોસ્ટન મુકામે થએલો. એનો પિતા વિલિયમ એમર્સન એક ઉદારમતવાદી ધર્મોપદેશક હતો. પરંતુ માનવજીવનના પોષણદાતાઓને માનવીઓ તરફથી તો પથરા જ મળે છે, એ સામાન્ય નિયમાનુસાર તદ્દન ગરીબ દશામાં જ એ અવસાન પામ્યો. એના પાંચ પુત્રોમાં રાલ્ફ બીજો હતો અને ૧૮૧૧માં એના થએલા અવસાન વખતે રાલ્ફની ઉમર માત્ર આઠ વર્ષની હતી. રાલ્ફની માતા બોર્ડિંગ હાઉસ ચલાવી કુટુંબનું જેમતેમ પૂરું કરતી. કુટુંબની સ્થિતિ એવી કંગાલ હતી કે રાલ્ફ ને તેના મોટા ભાઈ વચ્ચે માત્ર એક જ ઓવરકોટ હતો અને બેમાંનો એક બહાર જાય ત્યારે બીજાને ફરજિયાત ઘરમાં ગોંધાઈ રહેવું પડતું. ઘરમાં રહ્યે રહ્યે રાલ્ફ પ્લેટો કે પાસ્કલ વાંચતો

★ એમર્સનનો એક નિબંધ: મહત્તા

મહત્તા એ શું છે? જગતમાં આપણી કંઈ ને કંઈ માનહાનિ, કંઈ ને કંઇ અપમાન થવા નથી પામતાં? આપણે જેને સામાન્યતરીતે મહત્તાના નામે ઓળખીએ છીએ તે આપણી અપરિષ્કૃત ને બાલિશ અનુભૂતિમાંની એવી જ એક વસ્તુ છે. કોઈ સેનાની, કોઇ સિકંદર કે બોનાપાર્ટ એ કંઈ માનવજાતના સર્વોચ્ચ સામર્થ્યનો પ્રતિનિધિ નથી. બ હુબલ નહિ પરંતુ પ્રજ્ઞા, ઉચ્ચ નાગરિકત્વ તથા કાયદાઓનું, સંસ્થાઓનું તેમજ સાહિત્ય ને કલાનું સર્જન જ એ પ્રતિનિધિત્વ ધરાવી શકે.

આત્મગૌરવ એ મહત્તાના આવિર્ભાવનું પ્રાથમિકસ્વરૂપ છે. આખા સમાજનાવિરોધ છતાં એક વ્યક્તિ પોતાના મંતવ્ય પર મક્કમ રહે છે, અને આપણે તરત તેના પ્રત્યે આકર્ષાઇએ છીએ. કોઇ મજૂર કે ગાડીવાળો તેને જડેલા તમારા ખોવાએલા પૈસા પાછા આપવા બદલ યા તમને ડૂબતા બચાવવા બદલ ઈનામ સ્વીકારવાની ના પાડી દે છે, ને તેની એ સેવાવૃત્તિ તમને નીતિમાર્ગે પ્રોત્સાહિત કર્યા વિના નથી રહેતી. કોઇ તદ્દન નવી જ વ્યક્તિ માટે તમે કહી ઊઠો છો કે 'આ માણસ બહુ આગળ વધશે;' કારણ એની રીતભાતમાં એવું કંઇક જણાય છે કે બીજાઓ પોતાની કદર કરે તેની તેને કંઈ જરૂર જણાતી નથી. અને, કોઇ વ્યક્તિની ઉદાત્તતાનોસ્વીકાર કરી તેના વિષેનો આપણો સારો અભિપ્રાય તેને કહી બતાવીએ ત્યારે તે એ પ્રત્યે ઉદાસીનતા દર્શાવે એ કેવું કટુમધુર સંવેદન આપણામાં પ્રેરે છે! ચંચળ મનના કે નિશ્ચયાત્મક ધ્યેય વિનાના માણસો ભલે 'પ્રારબ્ધ'માં માને; પરંતુ પોતે જે કંઇ છે તે પર જ નિશ્ચલ શ્રદ્ધા રાખી રહેનારમાં પોતાનામાં જ તેના પ્રારબ્ધ કરતાં યે ચડિયાતું નિર્માણ રહેલું છે, અને તે ભાગ્યદશાનો ઉપહાસ કરી શકે છે. એકાદ આર્કીમીડિસમાં, ન્યૂટરમાં, સૅમ્યુઅલ જૉન્સનમાં એવી કંઈક તાકાત છે જેને બાહ્ય રક્ષણની કશી જરૂર નથી રહેતી. સાચા વિદ્વાનમાં એવું કંઈક હોય છે જેનો ઉપહાસ ન થઈ શકે, જેને ભયવિહ્વળ બનાવી ન શકાય કે ન ખરીદી શકાય. માત્ર બીજાઓને ખુશ કરવા માટે પોતાની વિચારશક્તિનો ઉપયોગ કરનારમાં રહેલી મૂર્ખતા ને દુષ્ટતા કોઈ પણ સમજુ માણસને પ્રતીત થયા વિના નહિ રહે. પરંતુ આવા 'સમજુ' માણસો વિરલ હોય છે.

આ આત્મગૌરવ એ શી વસ્તુ છે એ પ્રશ્ન વિચારીએ તો તે આપણને એથી યે ઉચ્ચતર પ્રશ્નો ભણી દોરી જાય છે. એ છે માનવમાં રહેલા પ્રભુનું પ્રત્યક્ષ દર્શન. એ વર્ણવી શકાય તેવું નથી. આત્મગૌરવ એ કોઇ ચમત્કારનથી, ફિરસ્તો નથી, સ્વપ્ન નથી કે કાનૂન નથી. એ એટલો સરળ છે કે એનું વર્ણન જ ન થઈ શકે. એ તો છે રાઇનો એક દાણો; પરંતુ એવો, કે આખી માનવજાતનો વિરોધ પણ તેને સહેજસરખો ચળાવી ન શકે, કે દુનિયા આખીની એકમતી પણ તેની પાસે કશું કબૂલાવી ન શકે.

તમને એવાં કેટલાંક પુસ્તકો ને વ્યક્તિઓ મળી આવશે જે તેમના પ્રત્યે તમારાં આદર અને સંમાન પ્રેરે; પરંતુ સુખદ એકાંતમાં તમને તમારી અંદર રહેલા સલાહકારની જે વાણી સાંભળવા મળે છે તેની મહત્તા સાથે પેલી મહત્તાની સરખામણી ન થઈ શકે. તમારે માટે તો તમારી અંદર રહેલો એ મંત્રી જ તમારો નેતા છે. ઉચિત શબ્દ અને ઉચિત કર્મ સાથે તેનું નેતૃત્વ સંકળાએલું છે. શનૈઃ શનૈઃ એનો વિકાસ માનવીને મહત્તા ભણી દોરી જાય છે.

મહત્તાનો પહેલો નિયમ તમારા આંતરિક સામર્થ્યને ઓળખવાનો છે, તો બીજો નિયમ છે એ સામર્થ્ય પર તમારું લક્ષ કેન્દ્રિત કરવાનો, જે એ સામર્થ્યને દ્વિગુણિત બનાવે.

યા મૂગો મૂગો બોર્ડિંગહાઉસના બોર્ડરોની વાતો સાંભળ્યા કરતો.

હાર્વર્ડમાંથી અઢારમા વરસે એ ગ્રૅજ્યુએટ થયો ત્યાં સુધીમાં તો શેક્સપીઅર, સ્પીનોઝા ને મોન્તેન પણ એના પ્રિય લેખકોમાં ઉમેરાઇ ચૂક્યા હતા. જોકે અભ્યાસમાં બહુ આગળપડતું એનું નામ નહોતું. ને એને વર્ગકવિ નીમવામાં આવેલો તે યે એની પહેલાં વર્ગના બીજા સાત છોકરાઓએ તે પદના સ્વીકાર માટે ના પાડ્યા પછી.

ઊંચા અને પાતળા બાંધાના રાલ્ફની આંખો વિશાળ અને પ્રેમનીતરતી હતી, જ્યારે એનો અવાજ મુગ્ધકર હતો. એણે જીવનક્ષેત્રમાં પોતાનું સ્થાન હવે મુકરર કરવાનું હતું. એની માતાની ઈચ્છા એને એના પિતાની જેમ ધર્મોપદેશક બનાવવાની હતી, અને રાલ્ફને પણ એનો વિરોધ ન હતો. પરંતુ એને એક મોટામાં મોટો ભય રહેલો અને તે ક્ષયના રોગનો. એમર્સન કુટુંબમાં એ રોગ વારસે ઊતરેલો. રાલ્ફનો પિતા એ રોગથી જ અવસાન પામેલો. એના બે ભાઈઓનો પણ પાછળથી એ જ રોગે ભોગ લીધો. પોતે એનો ગ્રાસ ન બની જાય તે માટે સતત બાર વર્ષ સુધી તે એ સામે ઝૂઝતો રહ્યો. આર્થિક સ્થિરતા મેળવવા તેણે શાળા ચલાવી જોઈ, લેખો ને કાવ્યો લખવા માંડ્યાં. જુદાંજુદાં દેવળોમાં ઉપદેશક તરીકે 'ટ્રાયલ' આપવા માંડી. કોઈ સ્થિર આવક આપતો ધંધો તે ન મેળવી શક્યો, પણ અનેક ચિત્તમાં જીવનને પ્રેરણાદાયક વિચારોનાં બીજ તે વાવી શક્યો. છેવટે કેટલાક ન્યૂ ઇંગ્લંડવાસીઓએ તેમની વચ્ચેના આ ફિરસ્તાને ઓળખ્યો અને ૧૮૨૯ના નવેમ્બરની ૧૧મીએ બૉસ્ટનના 'સેકન્ડ (યુનિટેરિયન) ચર્ચ'નો એને ધર્મોપદેશક નીમ્યો.

એણે આપવા માંડેલો ઉપદેશ લોકોનાં હૈયાંસરસો જડાઇ જવા લાગ્યો. ઈસુના ગિરિપ્રવચનની નજીક પહોંચતો એ ઉપદેશ હતો. એમાં સાંપ્રદાયિકતાની ગંધ સરખી ન હતી. પરંતુ સંપ્રદાયના અનુયાયીઓ સંપ્રદાયની દીવાલો છોડવા માગતા નહોતા, ને એમર્સનને વિશાળ માનવતાનો ત્યાગ કરી સાંપ્રદાયિકતાના કૂપમાં ગોંધાવું નહોતું. પરિણામે તેને એ પદ છોડવું પડ્યું. પોતાના ઉપદેશકપદેથી એણે અન્ય ઉપદેશકો જેમ કોઇ સંસ્થા કે વ્યક્તિ સામે આક્રમણ નહોતું કરેલું. દેવળના સત્તાધિકારીઓ સમક્ષ એણે દલીલ કરેલી કે, 'મારી દૃષ્ટિએ ખ્રિસ્તી ધર્મનો ઉદ્દેશ મનુષ્યોને સદ્ભાવનાશીલ અને સચ્ચારિત્ર્યશીલ બનાવવાનો છે, એટલે તે મનુષ્યની આજની જરૂરિયાતને અનુરૂપ હોવો જોઇએ.' રાજીનામું આપ્યા પછી કોઇએ તેનું કારણ પૂછતાં તેણે માત્ર એટલું જણાવેલું કે 'સંપ્રદાય અને મારી વચ્ચે વિચારભેદ રહેલો હોઈ તેમણે બીજો ઉપદેશક મેળવી લેવો જોઇએ.' એનો આત્મા સંપ્રદાયના સત્ત્વહીન ખોરાક પર પોષાઈ શકે તેમ નહોતો. એ તો માગતો—

'From air and ocean bring me foods
From all zones and altitudes.'

એણે બિનસંપ્રદાયિક રીતે માનવ એકતાનો જે ઉપદેશ આપવા માંડ્યો તેથી અંધશ્રદ્ધાળુઓ તો કહેવા લાગેલા કે એમર્સને પ્રભુના સ્થાને સેતાનને બેસાડવા માંડ્યો છે. આ 'ધર્મદ્રોહ' બદલ એને સજા કરવાની માગણી પણ થએલી. એના એક મિત્રના મોંએ એક ધર્મશ્રદ્ધાળુએ ખેદ વ્યક્ત કરેલો કે, 'મિ. એમર્સન માટે મને ખેદ

મહત્તા : એમર્સનનો નિબંધ ચાલુ ★

છે. તમે ભલે એક અદના મજૂર હો કે પછી મોટા પંડિત હો તોપણ તે જ. કોઇ મોચી સરસ જોડા સીવતો હોય તો તેનું કારણ જોડા સિવાય બીજી કશી ડખલમાં તે નથી પડતો હોતો તે છે. વીરત્વનો એક માર્ગ સહેલો નથી. ઍન્ટલે, ગિબન ફૂવિયર, જ્યોર્જ, સેન્ટ હિલેર કે લાપ્લાસની જીવનસિદ્ધિ જોઈ જાઓ. વૉલ્ટર રૅલે માટે સર સેસિલે કહેલું કે 'એ ગજબનો પરિશ્રમ ખેડી શકે છે.' આ ગણ્યાગાંઠ્યા શબ્દો આપણે જરાસરખા પ્રમાદવશ બનતાં આપણને ડંખ સમા–ચાબખા સમા લાગવા જોઇએ. આપણે પણ આપણી જાત માટે એ શબ્દો સાચા પાડીએ અને તેમના ડંખ ને ચાબખાથી બચી જઇએ. કરવાનું તો એટલું બધું પડ્યું છે કે આપણે સત્વર આપણી જાતને કર્તવ્યરત બનાવી, પ્રામાણિક પરસેવો પાડતા થવું જોઈએ.

મહાન પુરુષ સતત મથતો રહે છે આત્મપ્રતીતિ અર્થે,–સુખચેન કે પ્રશંસા અર્થે નહિ. કીર્તિ માટે એ વલખાં મારતો નથી હોતો. સર્વોચ્ચ પ્રજ્ઞાનો સંબંધ તેના શાશ્વત સ્રોત સાથે હોય છે, નહિ કે કોઇ વ્યક્તિવિશેષ સાથે. ઍન્ટોનિયસની સાથે કહીએ તો, 'ચિત્ર સારું હોય તો પછી એ કોણે ચીતર્યું છે એની કોને પડી છે? સારું તમે કર્યું કે બીજાએ તેની પંચાત શી?' જો સત્ય જ હોય તો પછી એ કોણે ઉચ્ચાર્યું છે તેની સાથે નિસ્બત શી?

માનવીમાં રહેલી નૈસર્ગિક શક્તિનો સ્વીકાર એ પણ મહત્તાનું એક અંગ છે. ઈંગ્લંડનો સાતમો હેનરી એક શાણો રાજવી હતો. એની સામે બંડ ઉઠાવનાર કિલડેરના અર્લ જિરાલ્ડની તપાસ પ્રિવી કાઉન્સિલ સમક્ષ ચાલી હતી ત્યારે એકે કહ્યું કે, 'આખું આયર્લંડ પણ આ અર્લને કબજે રાખી શકે તેમ નથી;' એટલે હેનરીએ જવાબ આપ્યો, 'તો પછી એને જ આખું આયર્લૅન્ડ કબજે રાખવા દો!' કલાકાર વિલિયમ બ્લેઇકે નિખાલસતાપૂર્વક જણાવેલું છે કે, 'મેં એવો એક ખરાબ માણસ નથી જોયો જેનામાં કંઈક સારું ન રહેલું હોય.' માત્ર બુદ્ધિશક્તિનો પ્રભાવ તો અમુક ક્ષેત્રના જ માણસો પર પડે. દા. ત. રસાયણશાસ્ત્રીઓ, ગણિતશાસ્ત્રીઓ, ખગોળશાસ્ત્રીઓ કે ભાષાશાસ્ત્રીઓ પ્રત્યે તેમના વર્ગ સિવાય સામાન્ય જનોને કશું આકર્ષણ નથી હોતું. આવી એકક્ષેત્રીય નહિ પરંતુ એથી વ્યાપક પ્રતિભા ધરાવનારા જ ખરેખર 'મહાન' છે અને તેઓ જ સર્વત્ર ઉત્સાહ રેલાવતા હોય છે. અબ્રાહમ લિંકન એ આ વર્ગનું આપણી નજર સામેનું કદાચ સૌથી વધુ નોંધપાત્ર ઉદાહરણ છે, જે અદનામાં અદના આદમી સાથે પણ સહેલાઈથી ભળી જતો. એનું હૃદય ધરતી જેવડું વિશાળ હતું, જેમાં પોતા પ્રત્યે કોઇએ કરેલા અપકારની સ્મૃતિસરખી સંઘરવાનો યે અવકાશ નહોતો.

જીવન ભ્રાન્તિઓનું બનેલું છે; અને એમાં સૌથી સામાન્ય ભ્રાન્તિ દરેક ગામડામાં સાંભળવા મળતો આ અભિપ્રાય છે કે, 'ખરેખર, હું જો ન્યૂયૉર્ક કે ફિલાડેલ્ફિયા, કેમ્બ્રિજ કે ન્યૂ હેવન યા બોસ્ટન કે ઍન્ડોવરમાં રહેતો હોત તો મને યોગ્ય સમાજ મને ત્યાં મળી રહેત.' તમે દરરોજ આવું સાંભળતા હશો; પરંતુ એ અભિપ્રાય છીછરો છે. 'દૃષ્ટિ તેવી સૃષ્ટિ' અને 'જગત તો એક પડઘો છે જે આપણું જ આપણા તરફ પાછું ફેંકે છે' એ હજુ તમારે શીખવાનું છે. ઊણતા છે આ સમજની, મહત્તાની નહિ.

આમ, આત્મગૌરવ સાથે માનવીમાં તેના જાતભાઈઓ પ્રત્યે બંધુભાવ રહેવો જોઇએ. એ જ મહત્ત્વાકાંક્ષી પુરુષને લોકોનો નેતા અને તેમનો પ્રતિનિધિ બનાવે છે.

[એમર્સનના 'ગ્રેઈટનેસ' નામક નિબંધમાંથી]

થાય છે, પણ એ અવશ્ય નરકમાં પડવાનો.' આ સાંભળી એ મિત્રે જવાબ આપેલો, 'એવું જ લાગે છે. પણ એક વાતની મને ખાતરી છે, અને તે એ કે, એમર્સન જો નરકમાં જશે તો ત્યાંનું વાતાવરણ પણ એવું બનાવી મૂકશે કે સ્વર્ગના બધા પુણ્યશાળી આત્માનું પણ એ પ્રિય સ્થાન બની રહેશે.'

ઉપદેશકપદ છોડ્યા પછી એમર્સન જીવનના મર્મમાં વધુ ને વધુ ઊંડો ઊતરવા મથવા લાગ્યો. પ્રકૃતિ સાથે તન્મયતા અનુભવવા તે ગામડાંઓના લાંબા પ્રવાસો ખેડવા લાગ્યો. આત્મનિમજ્જન દ્વારા એને આત્મશક્તિનો અદ્ભુત સ્રોત હાથ લાગ્યો. આવી શક્તિ હરેક માનવીમાં હોવાની પણ એને પ્રતીતિ થઇ અને એણે જણાવ્યું, 'તમારી આંતરિક શક્તિને વશ રહો. એ શક્તિ મુક્તિદાયક છે. બંધનકારક નહિ. પોતાના ભાગ્યવિધાતા પોતે જ બનવાની હિંમત કેળવો.' આત્મશોધનને અંતે એ માનવજાતનો સાચા અર્થમાં ગુરુ–એના પોતાના શબ્દોમાં કહીએ તો 'આનંદશાસ્ત્રનો અધ્યાપક' (Professor of the Science of Joy) બન્યો.

જો કે એણે પોતાને આનંદશાસ્ત્રનો અધ્યાપક ગણાવેલો એ સમયે ભૌતિક નજરે કશું આનંદસાધન એ નહોતો ધરાવતો. પત્ની પણ અવસાન પામેલી. તેની સાથેનો પ્રેમ, લગ્ન અને અવસાન બધું અઢાર જ મહિનામાં બની ગએલું. અવસાન પછી બે મહિના સુધી દરરોજ એ પત્નીની કબ્રની મુલાકાત લેતો રહેલો. એને હતું કે પોતે ય થોડા સમયમાં પત્ની પાછળ પરવારી નીકળશે. પરંતુ મૃત્યુએ એટલી સહૃદયતા ન બતાવી.

એ યુરોપ ઊપડ્યો અને કાર્લાઈલની મુલાકાત લીધી. મુલાકાતને અંતે એ નિરાશ જ થયો, કારણ એના કહેવા પ્રમાણે 'તે મહાપુરુષોને બિરદાવવા એટલો તત્પર રહેતો કે સામાન્ય માનવીની મહત્તા સમજવામાં તે નિષ્ફળ નીવડેલો.' યુરોપની બીજી કેટલીક પ્રસિદ્ધ વ્યક્તિઓમાં પણ એને એ જ દોષ દેખાયો. પોતપોતાના જડ મતાગ્રહોથી એ લોકોને ઊંચા જ આવતા ન જોઈને તેણે લખેલું: 'હજારો વર્ષો થયાં આ લોકો સ્વર્ગના દ્વારે એની અંદરના સૌન્દર્યની ઝાંખી કરવા બેઠા રહ્યા છે, અને હવે જ્યારે દ્વાર ખૂલ્યાં છે ત્યારે નિદ્રસ્થ થયા છે.'

યુરોપના પ્રવાસેથી એ આમ નિરાશ થઈ પાછો ફર્યો. એણે પોતાના દેશજનોને માનવતાનો નવસંદેશ સંભળાવવા માંડ્યો. બૉસ્ટનના 'બ્રાહ્મણો'ને એ ન ગમ્યું અને એક વાર હાર્વર્ડ કૉલેજમાંના એના વ્યાખ્યાન વખતે ધાંધલ પણ થયું. પરંતુ સામાન્ય જનો તેને ઉત્સુકતાપૂર્વક સાંભળતા, કારણ કે તેની વાણીમાં એમના અંતરની આશાઓ અને આકાંક્ષાઓનો જ પડઘો હતો. આવાં વ્યાખ્યાનોથી વરસે આઠસોએક ડૉલરની આવક એને થવા માંડી; તેમાં પછી એની પત્નીના મળેલા વારસાની વરસે બારસો ડૉલરની રકમનો ઉમેરો થયો એટલે કૉન્કૉર્ડ મુકામે એણે એક મોટું મકાન ખરીદ્યું અને ફરી વાર લગ્ન કર્યાં.

ત્યાં એનું મિત્રવર્તુલ વિસ્તર્યું. એ મિત્રોમાં એક તો હતો નાથાનિયલ હૉથૉર્ન, જેણે ધર્મપ્રેમ અને પ્રેમધર્મ વચ્ચેના સંઘર્ષને અમર બનાવ્યો છે. બીજો હતો 'પગથીના પયગંબર' તરીકે ઓળ-

ખાતો ઍાન્સન આલ્કૉટ, જે પ્લેટોની પ્રજ્ઞા અને સંત ફ્રાન્સિસનું સૌજન્ય ધરાવતો હોવાનું કહેવાતું. અને ત્રીજો હતો પશ્ચિમની દુનિયાનો અનન્ય સંત થૉરો, જેની ભૌતિક મૂડી તો હતી વરસે માત્ર પચીસ ડૉલરની આવક, પણ પ્રેમનો અઢળક ભંડાર એ ધરાવતો. 'ચાન્કી આવરણ નીચેની ગ્રીક દેવી' સમી સારાહ રિપ્લેને પણ એમાં ઉમેરવી જોઇએ. આ અને બીજા આવા મિત્રો સાથેના વિચારવિનિમયરૂપી ટંકશાળમાં આકાર પામીને એમર્સનના નિબંધો, કાવ્યો અને વ્યાખ્યાનોનું નગદ વિચારનાણું બહાર પડવા લાગ્યું. મહાન ફ્રેન્ચ નિબંધકાર મોન્તેન એનો પ્રિય લેખક હતો, અને એટલે જ એના સાહિત્યસર્જનમાં નિબંધનું સ્થાન સર્વોપરિ છે. જગતના ઉત્તમોત્તમ સાહિત્યમાં આજે એમર્સનના નિબંધોની ગણના થાય છે.

એનું જીવન એ પ્રેમ અને ક્ષમાનું જીવન હતું. એનો પુત્ર મૃત્યુ પામ્યો ત્યારે એક યુનિટેરિયન ધર્મોપદેશકે તેનું કારણ એમર્સનનો 'ધર્મદ્રોહ' ગણાવેલો. એમર્સને આ સાંભળી માત્ર એટલું કહેલું કે 'મારો એ મિત્ર કે હું જીવન, મૃત્યુ અને શ્રદ્ધાનો મર્મ સમજી શકીએ તેમ નથી.' એક વાર એના વ્યાખ્યાન પછી એક ધર્મોપદેશકે માનવજાતને એમર્સનના ઉપદેશથી મુક્ત કરવા જાહેરમાં પ્રાર્થના કરી. આ જાહેર અપમાન અંગે એમર્સનને કહેવામાં આવતાં તેણે જવાબ આપેલો: 'એ બહુ નિખાલસ આદમી લાગે છે.'

વ્યક્તિ પ્રત્યે એમર્સનને કશો દ્વેષ નહોતો, પરંતુ કોઈ પણ પ્રકારના અન્યાય સામે એનો પુણ્યપ્રકોપ ઊછળી આવ્યા વિના ન રહેતો. પ્રભુએ સર્જેલી સૃષ્ટિમાં માનવીએ ઊભી કરેલી અસમાનતા આલેખતાં એણે પ્રભુનો રોષ એક કાવ્યમાં વ્યક્ત કર્યો છે અને એને મોંએ આ પ્રકારે નવી વહેંચણીની હિમાયત એ કાવ્યમાં વ્યક્ત કરેલી છે:

'I will divide my goods;
Call in the wretch and slave;
None shall rule but the humble,
And none but Toil shall have.'

ગુલામીનો વિરોધ સજાપાત્ર ગણાતો હોવા છતાં એણે ગુલામીના નિવારણની હિમાયત માટે શહીદ થએલા એલિજા પી. લવજૉયને એના એક વ્યાખ્યાનમાં જાહેરમાં અંજલિ આપેલી કે 'બહાદુર લવજૉયે વાણીસ્વાતંત્ર્ય અર્થે લોકટોળાંની બંદૂકોની ગોળીઓ સામે પોતાની છાતી ધરી દીધી, અને જ્યારે જીવવું બહેતર નહોતું ત્યારે મૃત્યુને વધાવી લીધું!' એ વ્યાખ્યાનમાં હાજર રહેલા એમર્સનના એક અંગત મિત્રના કહેવા પ્રમાણે તેની આ હિંમતે શ્રોતાગણમાં એક ઠંડી ધ્રુજારી ફેલાવી દીધેલી.

અમેરિકાના આંતરવિગ્રહ પહેલાંના ને એ દરમિયાનના સમયમાં એમર્સનની 'શ્રેષ્ઠ અને વીરોચિત' વાણી સતત વહેતી રહેલી. એના કેંક મિત્રો એ આંતરવિગ્રહમાં ખપી ગયા, એનો જીવતો રહેલો એકનો એક પુત્ર એમાં ઘવાયો, છતાં ગુલામીના નિવારણ માટેના પોતાના બુલંદ અવાજને એણે મુદલ મંદ કે કંપિત થવા ન દીધો. લિંકન માટે એને અપૂર્વ માન હતું અને તેને એ 'અમેરિકન સ્વાતંત્ર્યનો રક્ષક' ગણતો, જ્યારે અબ્રાહમ લિંકન તો એને 'અમેરિકાનો પયગંબર' જ કહેતો.

ઈ. સ. ૧૮૭૨માં એનું મકાન આગમાં સળગી ગયું અને દસ વર્ષ સુધી તેનાં કડવાં સ્મરણો સંઘરી ૧૮૮૨માં એ અવસાન પામ્યો.

એમર્સન એક મહાન વિચારક હતો, પણ એણે કોઇ દર્શનપદ્ધતિ નથી સ્થાપી વિચારોને જડ અનુક્રમમાં ગોઠવવાનું એને ગમતું પણ નહોતું. એ પ્રકારની નિર્જીવ શાસ્ત્રીયતાને તે 'વામણાં ભેજાંઓનું ભૂત' ગણાવતો. એના કહેવા પ્રમાણે 'પ્રકાશને પકડવા જેટલું જ સત્યને પકડવું મુશ્કેલ છે'. તેમ છતાં પ્રકાશનાં કિરણોની એને એની પોતાની નજરે થએલી ઝાંખી નીચે મુજબ વર્ણવી શકાય: 'સઘળા મનુષ્યો વિશ્વરચનાનાં મહત્ત્વનાં અંગો છે, અને આ કારણે સઘળા મનુષ્યોની એકતા અર્થે આપણે મથવું જોઈએ.' પૂર્વના દ્રષ્ટાઓએ ઇશ્વરની એકતા તો પ્રતિપાદિત કરી હતી, પરંતુ પશ્ચિમના આ દ્રષ્ટાએ એ એકતા ઉપરાંત માનવજાતની એકતાનું પણ પ્રતિપાદન કર્યું. નિરાશાના અંધકાર વચ્ચે માનવીમાં આશા પ્રેરી તેનામાં જીવનોત્સાહ પ્રેરે તેવો એનો આ સંદેશ છે:

'તમને દૂર ફેંકી દેવામાં આવ્યા છે? તમે ગબડી પડ્યા છો? તમારી હાંસી થાય છે? ફિકર નહિ. ફરી કેડ કસો. કદી હાર ન માનતા. મુખે સ્મિત ફરકાવી, હૃદયમાં ધૈર્ય ધરી આગે ધપો અને અંતે વિજય તમારો જ છે. આ જગતમાં તમારો જન્મ ભૂલથી નથી થયો; જીવનની મહેફિલના તમે એક આમંત્રિત પરોણા છો.'



રાષ્ટ્રસંઘ (યૂનો)ના મકાનની ૬૦ ફૂટ લાંબી ને ૧૦ ફૂટ ઊંચી જરા ગોળાઈવાળી એક જંગી દીવાલ ઉપર, ડૉમિનિકન રીપબ્લિકની રાષ્ટ્રીય કલાશાળાના અધ્યક્ષ જોઝ વેલા ઝેનેટીએ કરેલું એક વિરાટ ભીંતચિત્ર હમણાં ખુલ્લું મુકાયું. તેમાં સંસારમાં સુખશાન્તિ સ્થાપવા માટે માનવી જે સનાતન મથામણ કરતો આવ્યો છે તેનું આલેખન છે. એને લગતા ફોટોગ્રાફમાં ડાબી બાજુથી પહેલો એ ૩૯ વર્ષનો કલાકાર યૂનોના મહામંત્રી ટ્રિગ્વે લી સાથે હસ્તધૂનન કરતો બતાવ્યો છે. બીજાં બે, તેના દેશ તરફનાં યૂનો ખાતેનાં પ્રતિનિધિઓ છે.

હમેશાં ખરી પડતી આવી હોવા છતાં આ વખતે જે ખોટી પડવાની પ્રત્યેક શક્યતા હતી તે જોષીબાવાની

ભવિષ્યવાણી



પાંચ પાંચ ભાઇ વચ્ચે એક બહેન એવી શૈલબાળા આજ સત્તરમાં વર્ષમાં પ્રવેશી. અવસર તો આનંદનો હતો, પણ ન મોટાભાઈના મુખ પર, ન નાના ભાઈઓનાં મોં પર કે ન વૃદ્ધ માના મુખ પર હર્ષની રેખા પણ દેખાતી હતી. એથી વિપરીત આનંદી મોટાભાઇનું મુખ અતિ ગંભીર બની ગયું હતું, હસતા-રમતા નાના ભાઈઓ શાંત અને મૂઢ બની ગયા હતા અને વૃદ્ધ માતાની આંખો વધુ ઊંડી ઊતરી ગઇ હતી.

એનું કારણ હતું. આંખોની કીકી સમાન શૈલબાળાના જીવનનો આજ અંતિમ દિન હતો. જ્યોતિષ અને ભવિષ્યવાણીને ઢોંગ-ધતિંગ માનનાર મોટાભાઈ પણ ભવિષ્યવાણી ભાખનાર વ્યક્તિ યાદ આવતાં મનમાં ગૂંચવાતા હતા. ગામના એ જોષીબાવા ભાગ્યે જ ભવિષ્યવાણી ભાખતા. એ માટે કૈં દક્ષિણા પણ ક્યાં લેતા? ધૂન ચડે મનમાં આવે તો વગર પૂછે પોત મેળા જ ભવિષ્ય કહી દેતા. બાકી ધંધો તો ભીખ માગવાનો જ કરતા હતા. મંદિરમાં સૂઇ રહેતા અને નદીતટે ચલમ ફૂંકતા રહેતા.

મોટાભાઇને યાદ આવ્યું કે શૈલબાળા જ્યારે પાંચ વર્ષની હતી ત્યારે નદી તરફ ફેરવીને પોતે એને પાછી લાવતા હતા ત્યારે વચમાં જોષીબાવા મળી જતાં નાની શૈલબાળાએ "રામ રામ બાવાજી!" કર્યું. જોષીબાવા ખુશ થતાં નજીક આવ્યા અને "બહુત જીયો બેટી! કહી તાળી પાડી એને રમાડવા લાગ્યા. એની બેઉ નાની ગોરી-ગુલાબી હથેલીઓથી તાળી પડાવતાં પડાવતાં જોષીબાવાની દૃષ્ટિ શૈલબાળાના ડાબા હાથ પર પડી. એમના મુખ પરથી પ્રસન્નતા અદૃશ્ય થઈ ગઈ અને આંખો બંધ કરતા બોલ્યા: "મેરી આશીષ ગલત નિકલેગી બિટિયા. સોલહ સાલ ખૂબ મૌજ કરલો."

"કેમ બાવાજી એમ બોલો છો?" કૈંક ચમકતા, કૈંક ગભરાતા મોટાભાઈએ પ્રશ્ન પૂછેલો જવાબમાં "સત્તરમી વર્ષગાંઠે બિચારીને દુનિયા છોડવી પડશે." એમ કહી હસતી શૈલબાળા સામે જોઈ દુઃખી થતાં બાવાજી "અબ કિસીકા ભવિષ્ય નહીં કહુંગા...બડા ખરાબ ધંધા હૈ" કહી ચલમ ફેંકી ભાગી ગયા હતા.

આજ એ વાતને વરસો વીત્યા. બાવાજી પણ ગામમાંથી અદૃશ્ય થઈ ગયા. પણ એમણે કહેલી ભવિષ્યવાણી અંદર રહી ગયેલ બાણની અણી જેમ ઘરમાં સૌના હૃદયમાં ભોંકાયા કરતી હતી. મોટાભાઈ ભવિષ્યવાણીને ગપ્પું માની હસી કાઢત. પણ એ બાવાએ ભાખેલા કેટલા બધા ભવિષ્યો સાચા પડ્યા હતા! મરવા પડેલા મનોરશેઠને ચોકે લેવાની તૈયારી થતી હતી ત્યાં કોણ જાણે ક્યાંથી આવી પહોંચતાં બાવાજી બોલેલા: "મરઘટ લે જાને કી જલ્દી મત કરના, ભૈયા! નહીં તો વહાંસે ભી લૌટ આયેંગે શેઠજી, હાં!...કહે દેતા હૂં! અભી તો મનોરબાપા બેટેકી શાદી કરાકે ઉસકે ભી બેટે કે ઘોડે બનેંગે ઘોડે." છેલ્લા શ્વાસ લેતા હોય એવું અનુભવ કરતા નિઃસંતાન મનોરશેઠની આંખો આ સાંભળી બીજા બધાની જેમ જ ફાટી ગઇ. બાવાજી તો ચાલ્યા ગયા. પણ સાથે શેઠની બીમારી પણ જાણે ચાલી ગઇ. સનેપાત મટી ગયો. તાવ ઊતરી ગયો. અને બે દિ'માં એમને હરતા-ફરતા જોઇ હાથ ધોઇ નાખનાર વૈદજી પણ મોમાં આંગળાં નાખી ગયા......અને હજી બેચાર દિવસ પહેલાં જ મોટાભાઇ મનોરબાપાને ઘોડો બનાવી રમતા એમના પૌત્રને જોઈ આવેલા. મરવા પડેલા અને નિઃસંતાન એવા પચાસ વર્ષના મનોરશેઠનું ભવિષ્ય બાવાજીએ કેટલું સત્ય ભાખેલું? બદલામાં શેઠે કેટલું ય ધન આપવા ઇચ્છેલું પણ બાવાજી તો "મુઝે પૈસે દેકર પાપમેં ડાલના ચાહતે હો...વાહ, જી વાહ!...અરે શેઠ, જબ મૈં તુમારે દરવાજે પર આ જાઉં, કુછ ભોજન કરાદેના બસ...હાં..." એમ કહી ચલમ ફૂંકતા ચાલતી પકડતા.

મોટાભાઈને એક બીજો પ્રસંગ યાદ આવ્યો. મંદિરના પૂજારીએ પોતાની દીકરીનું વેવિશાળ કરી નાખેલું. જેમ તેમ બાવાજીને મનાવી લગ્નની મિતિ નક્કી કરાવતા હતા ત્યાં બાવાજીએ ધડ કરતા છોકરીના અને વરના જન્માક્ષર પૂજારીના માથા પર ફેંક્યા અને બોલ્યા "અબે મૂરખ, શાદી-બાદીકા ખયાલ છોડ દે...નહિ તો શાદી કે દૂસરે દિન હી વર યા કન્યા ઝહર પી કર મર જાયેંગે." પૂજારીએ આવી ભવિષ્યવાણી પાછળ બીજું કૈં સ્વાર્થી કારણ કલ્પી લગ્ન પતાવી નાખ્યા. પણ બાવાએ કહ્યું હતું એમ ખરે જ લગ્નના બીજા દિવસે પૂજારીની છોકરી કૂવે પડી. બહાર કાઢતાં એ બોલી! "મને હારા માણહ સાથે પરણાવવી'તી, બાપુ! હવે મને બચાવવાની માથાકૂટ નકામી છે. મૈં તો ખૂબ અફીણ ખાધું છે. પીડા નહોતી સેવાતી એટલે જ કૂવામાં પડી." પૂજારીએ બિચારાએ માથું કૂટ્યું.

અને આવા તો અનેકાનેક દાખલાઓ ચિત્રપટની જેમ મોટાભાઇની આંખો સામે તરવા લાગ્યા. છતાં તેમને લાગતું હતું કે "જ્યોતિષ કૈં સંપૂર્ણ વિજ્ઞાન નથી. જબરા જ્યોતિષી ભાસ્કરાચાર્ય પણ ગોથું ખાઈ ગયા હતા ત્યારે આ તો બાવાજી!" એ ત્રણેએ શૈલબાળાને આ વાતની જાણ ન થાય તે માટે બધા જ ચાંપતા પ્રયત્નો કર્યા. પણ એક તો શૈલબાળા પર બાવાજીની નાનપણમાં થએલી મુલાકાત અને વાતચીતનો પ્રભાવ એવો પડ્યો હતો કે એ વાત એ-

નાથી ભૂલાતી જ નહિ. અને તદુપરાંત એના જન્મદિને યા આમેય ઘણીવાર બા એને જોઈ રડી પડતી તેથી યે એ બધું જાણતી'તી.

શૈલબાળાને ન રમતોમાં રસ પડતો ન પહેરવાઓઢવામાં. એના માટે નાનપણમાં ડઝનબંધ ફ્રૉક સિવડાવવામાં આવતાં. પણ એને એ પહેરવાનું મન પણ ન થતું. રમતો રમવામાં એને કંટાળો આવતો. કોઇ પુસ્તક વાંચવાના બહાને એ સૂનમૂન પડી રહી કલાકો સુધી વિચાર્યા કરતી. જેમ જેમ મોટી થતી ગઈ તેમ તેમ તો જીવન પ્રત્યે એને વિરક્તિ જ થવા લાગી. ભણતી તે પણ યંત્રવત્ અને ખાતીંપીતી તથા હરતીફરતી તે યે યંત્રવત્!

સત્તરમી વર્ષગાંઠે એ સદા માટે ચાલી જશે તે કરતાં પણ વધુ દુઃખ તો સૌને એના જીવનને જોઈને થતું હતું. મોટાભાઈએ એના નીરસ, શુષ્ક, જડવત્ જીવનમાં રસ અને આનંદનો સંચાર કરવા એને સંગીત શીખવવા શિક્ષિકા રોકી તો અનિચ્છાએ શીખી અને શીખીશીખીને પણ અંતે તો મીરાંબાઇના ભજનો જ ગાયે રાખતી. જેમ જેમ મોટી થતી ગઈ તેમ તેમ એ વધુ ને વધુ એકાંતિક, વધુ ને વધુ ગંભીર, વધુ ને વધુ સાદી બનતી ગઇ. મોટાભાઇ, બા—બધાં કેટલું યે સમજાવતાં.પણ એમૂઢની જેમ સાંભળી લઇ સૂમસામ પડી રહેતી. બાને અને મોટાભાઈને દુઃખ થતું કે આતા પહેરવા-ઓઢવા, ખાવાપીવા હરવાફરવા અને લહેર કરવાના દિવસો છે ત્યારે બિચારી આમ સાવ સાધુડીની જેમ જીવન વીતાવે છે! એને સહેલીઓ મારફત પણ સમજાવ્યું કે ભવિષ્યવાણી ક્યારેક ગપ પણ હોય, ગણત્રી ખોટી પણ હોય. પણ એના વિચિત્ર સ્વભાવ ને વર્તનથી કોઈ છોકરીઓને પણ એની સહિયર બનવામાં આનંદ ન આવતો. બાને તો એ જ લાગી આવતું કે ફૂલની જેમ વિકસતી આ સુંદર છોકરી આટલું બધું કષ્ટ સહે છે! સત્તરમી વર્ષગાંઠે આવી એકની એક સુંદર, સુશીલ છોકરી પાછી થશે ને પોતે ઘરડાં-બુઢ્ઢાં જીવતાં રહેશે એ વિચાર જ બાને કંપાવી મૂકતો હતો.

પણ એક દિવસે સૌએ શૈલબાળામાં એક પરિવર્તન જોયું. એણે માથામાં ગુલાબ ખોસ્યું. આટલી નાનીશી વાતનું મહત્ત્વ બીજા કોઇને ભલે ન હોય, પણ મોટાભાઈ ને બા તો આ જોઈ અત્યંત પ્રસન્ન થયાં. બાજુમાં હમણાં રજાઓમાં પોતાની માસીને ત્યાં આવેલ સુધીર નામના એક યુવક સાથે એને પરિચય કેવી રીતે થયો એ તો એ જ જાણે, પણ સુધીરની વાતો અને વાતો કરવાની પદ્ધતિ એને બહુ પ્રભાવિત કરતી હતી. જ્યારથી શૈલબાળાની ભવિષ્યવાણીની વાત જાણી ત્યારથી એણે, પોતે કૉલેજમાં ભણેલ તર્કશાસ્ત્ર ને ઇતર-વાચનથી કેળવેલી દલીલબાજીની શક્તિથી શૈલબાળાને ખૂબ ખૂબ સમજાવી કે ભવિષ્યવાણી સાચી માનવાને કોઇ કારણ જ નથી. બધું 'હંબગ' છે. અને ધારો કે સાચું હોય તો યે આમ જીવનને શુષ્ક નીરસ અને જડવત્ બનાવવાથી તો લાભ જ શો? થોડું જીવવાનું હોય તો તો વધુ લહેર કરવી જોઇએ. વધતો જતો પરિચય, રોજની પ્રભાવોત્પાદક વાતચીત ને સુધીર પાસેથી વાંચવા મળતાં કાવ્યના તેમજ વાર્તાનાં પુસ્તકોના વાચનથી અંતે શૈલબાળાને લાગ્યું કે પોતે અમસ્તી જ જીવનને કચડી નાખે છે. ભવિષ્યવાણી ખોટી હોય એ વાત તો એને ગળે ન જ ઊતરી; પણ બીજી વાત ગળે ઊતરી. ચાર્વાકમત કહો યા ઉમર ખય્યામનો મોજવાદ કહો—તે એમાં માનવા લાગી.

ગુલાબના સૌંદર્ય અને પરિમલથી આકર્ષાઇ તેણે એક ગુલાબ માથામાં ખોસી નવા જીવનનો આરંભ કર્યો. અકબંધ પડી રહેલી સાડીઓ રોજ ઉખેળાતી ગઇ, પહેરાતી ગઇ. સંગીતમાં ભજનોના સ્થાને નાનાલાલનાં ગીતો ગવાવા લાગ્યાં. ગંભીર મુખ પ્રફુલ્લિત રહેવા લાગ્યું. એકાંતિક પ્રકૃતિ બદલાઇ ગઈ. નાના ભાઈબહેનોને રમાડતી, મઝા કરાવતી, 'સમવયસ્કાઓ સાથે હવે તો હરવાફરવા અને ગમ્મતકરવા લાગી. સુધીર સાથે વાત કરતી અને ક્વચિત તળાવ-કાંઠે કે આંબાવાડિયા તરફ ફરવા પણ જવા લાગી.

આ બધું જોઇ મોટાભાઈ, બા ને નાના ભાઈબહેનો-સૌ એટલાં ખુશ થયાં કે એની કોઈ સીમા નહિ. મનોમન બા અને મોટાભાઈ સુધીરનો આભાર માનવા લાગ્યા. મોટાભાઇએ તો એક દિવસ એને ઘેર બોલાવી ખૂબ આભાર પણ માની લીધો. મનમાં ઊંડે ઊંડે બાએ અને મોટાભાઇએ વિચારી પણ લીધું કે ભલે સુધીર અને શૈલબાળા હરે-ફરે, થોડા વખતમાં વેવિશાળ કરી નાખીશું. બેઉને બનશે પણ સારું. પણ શૈલબાળાએ એ માટે કહેલું, 'સત્તરમે વર્ષે હું મરી જાઉં તો એ દુઃખી જ થાય ને? એ વર્ષગાંઠ પછી જ વિચારીશું.'

પણ લગ્ન ભલે પછી થાય, એનો પ્રેમ તો આનંદી દેખાવડા અને રસિક સુધીર સાથે વધતો જ ગયો. સુધીર પણ શૈલબાળાના આકર્ષણમાં ખેંચાતો ગયો. એ કવિરાજને કાવ્યસર્જન માટે ઘણી પ્રેરણા મળી રહેતી. શૈલબાળા એની કવિતા પર, એની સુમધુર વાણી પર, એના સુંદર ને પ્રભાવશાળી વ્યક્તિત્વ પર પાગલ બનતી જતી હતી. એનો સાચો અને આદર્શ પ્રેમ જ એને સત્તરમી વર્ષગાંઠ સુધી સુધીર સાથે ગઠબંધન કરતાં રોકતો હતો. અને આજ સત્તરમી વર્ષગાંઠ આવી પણ ગઈ હતી. એક તરફ પ્રસન્નતા હતી તો બીજી તરફ ભય હતો. ચહેરા પર ન સમજાય એવા ભાવો રમી જતા હતા. મોટાભાઈ, બા, નાનાં ભાઈબહેનો સૌ વિચિત્ર ભાવતરંગોમાં ડુબકા ખાઇ રહ્યાં હતાં. દિવસ તો જેમ તેમ નીકળી ગયો. પણ રાતના બાર સુધી હજી સૌને ભય લાગતો હતો.

બનાવેલું મિષ્ટાન્ન આજે એમ જ પડયું રહ્યું. શૈલબાળા કૈં જ

સુભાષિત

(આર્યા)

अमितगुणोऽपि पदार्थो दोषेणैकेन निन्दितो भवति ।
निखिलरसायणसहितो गन्धेनोग्रेण लशुन इव ।।

અનુવાદ

અમિત ભર્યા ગુણ તો યે એક જ દોષે પદાર્થ નિંદાતો;
સકલ રસાયણભર જે લસણ જુઓ ઉગ્ર ગંધથી.

[વિવરણ: ગતાંકના સુભાષિતમાં જોયું કે ઘણા ગુણમાં એક દોષ ઢંકાઈ જાય છે. ઉપરના સુભાષિતમાં ઊંધી ફલટે છે. લસણમાં એક જ દોષ એવો છે કે એનાથી ઘણા ગુણો ઢંકાઇ જાય છે. લસણને આપણામાં ગરીબની કસ્તુરી કહે છે અને એ અનેક રસાયણોથી ભરેલું છે. ઘણા મોટા રોગો એના સેવનથી મટે છે. પણ એની ગંધ એવી છે કે એનું સેવન રદ કરવા માટે આપણા લોકોએ ધાર્મિક બાધ ઊભો કરેલો છે. આવા શ્લોકો અને કહેવતો અનુભવ પરથી પ્રચલિત થાય છે, અને મનુષ્યના જીવનમાં પણ એવા અનુભવ થાય છે એ નોંધપાત્ર છે. ઘણી રીતે સારો માણસ એના કઢંગ કે મિજાજી સ્વભાવને લીધે નિંદાય છે એવું બને છે. આપણી ભાષામાં ગર્વ કે અભિમાનને 'ગંધ' કહે છે. 'એના નાકમાં તો પારવિનાની ગંધ છે' એમ ગર્વિષ્ઠ માટે બોલાય છે. એવી ગંધવાળા માણસોના સદ્ગુણો એ એક 'ગંધ'થી ઢંકાઈ જાય છે. અન્ય ક્ષેત્રોમાં પણ એવા દાખલા મળશે —ર. ભી.]

ન જમી શકી. બા અને મોટાભાઈને પણ પછી ક્યાંથી ગળે ઊતરે? અણસમજુ બાળકોએ થોડુંઘણું જમી લીધું. રાતે પણ એ જ હાલ રહ્યા. સૌની નજર વાતચિત કરતાં કરતાં ઘડિયાળ તરફ જતી હતી. આઠ થઈ ગયા; નવના ડંકા વાગી ગયા; દસના ટકોરે તો બાળકો ત્યાં ઓસરીમાં જ ઘેન ભરાતાં ઢળી પડ્યાં. બાએ લાવીને કંઈ ઓઢાડી દીધું બા જેમનેમ વાતો ચલાવ્યે રાખતાં હતાં. મોટાભાઇ પણ ગંભીરતા ઘટાડવા કંઈક રમૂજી વાતો કરતા હતા. સાપ કે વીંછી નીકળે તો ફેંસલો કરવા ડંડો પણ લઈને જ બેઠા હતા. શૈલબાળા ચુપચાપ બેઠી હતી. આજ ફરી એ ગંભીર, સૂમસામ અને મૂંગી બની ગઈ હતી. અગિયારના ટકોરા પણ થઈ ગયા.

બહારથી તો બા વાતો કરવા કે સાંભળવાની ચેષ્ટા કરતાં હતાં પણ મનમાં તો એક્કે એક દેવતાને મનાવી રહ્યાં હતાં અને કેટલી યે માનતાઓ લઇ રહ્યાં હતાં. હવે તેમને આશા પણ બંધાઈ હતી. મોટાભાઇ પણ હસવાની વાતો કરતાં કરતાં હાથમાં ડંડો મજબૂત પકડીને બેઠા હતા. ખુદ મોતનાં ય હાજાં ગગડાવવા તે તૈયાર હતા.

ઘડિયાળના કાંટા તીવ્ર ગતિએ બાર તરફ દોડતા હતા. કંઈ યાદ આવતાં મોટા ભાઇ બોલ્યા: 'સુધીર અહીં હોત તો કેટલો ખુશ થાત? એકાએક કામ આવી પડતાં સાંજની ગાડીએ એ કલકત્તા ઉપડ્યાં.'

ચૂપચાપ નીચું જોઇને બેઠેલી શૈલબાળાએ ક્ષણ માટે આંખો ઊંચી કરી મોટાભાઇ તરફ જોયું અને ઘડિયાળ તરફ નજર ફેંકી. ફરી આંખો અધમીંચી કરી દીવાલને અઢેલીને એણે બગાસું ખાધું.

'અને હા...' મોટાભાઈએ કહ્યું: 'એક કવર પણ દેતો ગયો છે. મને કહ્યું કે છેલ્લી કવિતા લખી છે. સુલુને આપી દેજો'.

'છેલ્લી કવિતા?...લાવો તો!' શૈલબાળાએ કલાકો પછી જીભ ખોલી તેથી ખુશખુશ થતાં મોટાભાઈ ઊઠીને કોટના ખિસ્સામાંથી એક બંધ પરબીડિયું લાવ્યા.

શૈલબાળાએ પરબીડિયું ખોલ્યું ત્યાં જ બારના ટકોરા શરૂ થયા. એણે થોડુંક જ વાંચ્યું હશે ત્યાં અંતરસ જેવું થતાં અને આંખોમાં પાણી તથા મોં પર ગભરામણ થતાં 'અંતરસ થયું. જરા પાણી પી આવું.' કહી એ અંદર પોતાના ઓરડામાં ચાલી ગઈ.

મોટાભાઈ ખુશીથી પાગલ થતાં નાના ભાઈઓને જગાડવા લાગ્યા. બા મંદિરની ઓરડી તરફ રોતાંરોતાં ભગવાનનો પાડ માનવા દોડ્યાં. કૃષ્ણજન્મના સમયે ભાવિકોને થતા આનંદથી યે અનેરો આનંદ અત્યારે શૈલબાળા જીવી જવાથી થયો. મોટાભાઈ તો નાનાભાઈઓને હઠાડી ગાંડાની જેમ 'અલ્યા કનુ, મનુ હસમુખ, રમુ! જીવી ગઈ...શૈલબાળા જીવી ગઈ. જોષીબાવા ગપગોળો ફેંકી ગયા હતા.' એમ બોલતા બોલતા શૈલબાળાના ઓરડા તરફ દોડ્યા. 'સુલુ, સુલુ!' કરતા એ શૈલબાળાના ઓરડામાં પ્રવેશ્યા પણ બારણું ખોલી અંદરનું દૃશ્ય જોતાં જ હર્ષથી છલકાતી આંખની પ્યાલીઓ ઢોળાઈ ગઈ. આંખો ફાટી ગઈ. પથ્થરની જેમ બારણામાં જ સ્તબ્ધ થઈ ઊભા રહી ગયા. મોં ખુલ્લી ગયું.

સંભવતઃ સુધીરે ભેટ આપેલી નવી રેશમી સાડીનો ગળે ફાંસો બાંધી હિંડોળા-ખાટના બે આંકડીઆ વચ્ચે શૈલબાળા ફાટે ડોળે, ખુલ્લા મોંએ, ઝૂકેલી ડોકે લટકતી હતી!

માંડમાંડ હામભીડી પગ આગળ વધારી મોટાભાઇએ શૈલબાળાનો હાથ હાથમાં લીધો, પણ નાડી ચાલતી હોયતો હાથમાં આવેને? નીચે પડેલો કાગળ ઉપાડતાં વાંચવા મળ્યું: 'હવે જીવીને કુળને લાંછન લગાડવા કરતાં જોષીબાવાની ભવિષ્યવાણી ખરી પાડું છું.'

મોટા ને વિચિત્ર અક્ષરો પર નજર ફેરવ્યા પછી દૃષ્ટિ શૈલબાળાના લટકતા સ્થૂળ અને વિચિત્ર દેહ પર પડી. એના હાથમાં રહેલ સુધીરના અક્ષરો વાળા કાગળ પર નજર ફેરવતાં બધું સમજાઈ ગયું. માફી માગીને એ એક કૉલેજ ફ્રેન્ડ સાથે સિવિલ-મૅરેજ કરવા સદા માટે શૈલબાળાને છોડીને ચાલ્યો ગયો હતો.

મોટાભાઇને શૈલબાળા, ખાટ, આખું ઘર ગોળ ફરતું લાગ્યું. માથું પકડી એ બેસી ગયા. 'સુલુ! સુલુ!' કરતાં દોડ્યાં આવતાં બા અને 'સુલુબેન! સુલુબેન!' કરતાં દોડ્યા આવતા ભાઇઓ તરફ દોડી જઇ એ રૂંધાએલા કંઠે બોલ્યા: 'બા! બા! આખરે બાવાજીની વાત થઇને રહી!'

અને આંખોમાં આવુંઆવું થતાં આંસુ દુઃખની આગના કારણે ધુમ્મસમાં પલટાઇ જઇ આંખે અંધારાં છવાતાં 'સુલુ ગઈ, બા!' કહેતાં એ ઢળી પડ્યા. બા માથું કૂટતાં સુલુના ઓરડા તરફ દોડ્યાં ને બાળકો પોક મૂકી રોવા લાગ્યાં. મોટાભાઈના હોઠ ફરી ફફડ્યા! 'અંતે ભવિષ્યવાણી સાચી પડી!' —રૂપાંતર: **લલિત પરીખ**

આખરે એવરેસ્ટનો પરાજય (અનુસંધાન પૃષ્ઠ ૨૨૯થી)

આ છાવણીઓ સુધી માત્ર અનિવાર્ય ગણાય એવી વસ્તુઓ જ લાવવામાં આવે છે, કારણકે ૨૫,૦૦૦ ફૂટની ઊંચાઇએ માણસ ૨૦ પૌંડથી વધુ વજન ઊંચકી જ નથી શકતો.

ઈ. સ. ૧૯૨૧માં લે. કર્નલ હાવર્ડ બરીની આગેવાની નીચેના પ્રથમ પ્રયાસથી માંડી ચાલુ સાલના કર્નલ હન્ટની આગેવાની નીચેના આખરી પ્રયાસ સુધીમાં એવરેસ્ટનાં થએલાં આરોહણો અને તેમાં સર થએલી ઊંચાઈની તવારીખ નીચે મુજબ છે: ૧૯૨૧: નેતા-લે. ક. સી. કે. હાવર્ડ બરી, ૨૩,૦૦૦ ફૂટ; ૧૯૨૨: નેતા-બ્રિગેડિયર જનરલ સી. જી. બ્રુસ, ૨૭,૩૦૦ ફૂટ; ૧૯૨૪: નેતા-જનરલ બ્રુસ, ૨૮,૧૫૦ ફૂટ; ૧૯૩૩: નેતા-રટલેજ, ૨૮,૧૦૦ ફૂટ; ૧૯૩૫: નેતા-એરિક શિપ્ટન, ૨૩,૬૦૦ ફૂટ; ૧૯૩૬: નેતા-હ્યૂ રટલેજ, ૨૩,૦૦૦ ફૂટ; ૧૯૩૮: નેતા-એચ. ટિલમૅન, ૨૭,૩૦૦ ફૂટ; ૧૯૫૧: નેતા-એરિક શિપ્ટન, ૨૬,૬૦૦ ફૂટ. આ બધી ટુકડીઓ બ્રિટિશ ટુકડીઓ હતી. ત્યાર બાદ ગઈ સાલનાં બે સ્વિસ ટુકડીઓનાં આરોહણો નીચે મુજબ હતાં: નેતા-ડૉ. આર. ડચુરાન્ટ, ૨૮,૨૦૦ ફૂટ; નેતા-ડૉ. આર. શેવાલી, ૨૬,૫૭૫ ફૂટ.

આ છેલ્લા બ્રિટિશેતર આરોહણમાં પણ તેનસિંગ જ સૌથી વધુ ઊંચાઇએ પહોંચેલો. હિંદે અભિમાન લેવા જેવું એ છે કે, એવરેસ્ટની પ્રથમ શોધનું માન એક હિંદીને છે અને હવે તેના વિજયનું માન પણ એક હિંદીને જ સાંપડ્યું છે. જેના નામ પરથી હિમાલયના એ શિખરને 'એવરેસ્ટ' નામ આપવામાં આવ્યું છે. એ સર જ્યૉર્જ એવરેસ્ટ તો હિંદ સરકારના મોજણી ખાતામાંથી ૧૮૪૫માં નિવૃત્ત થઈ ગએલા. જગતનું એ સર્વોચ્ચ શિખર હોવાની શોધના માનના સાચા અધિકારી છે શ્રી રાધાનાથ સિકદાર. એ આજીવન અવિવાહિત રહેલા અને ૧૮૭૦માં અવસાન પામ્યા. એમના નામ પરથી એવરેસ્ટનું હાલનું નામ બદલાવી તેને રાધાનાથ શિખર નામ આપવાને પણ કેટલાક લોકોએ ઊહાપોહ કર્યો છે, પણ તેમ બનવું સંભવિત લાગતું નથી. અમેરિકાની શોધ કોલંબસે કર્યા છતાં ઈટાલિયન ખલાસી એમેરિગો વેસપુચીનું નામ એ નવા ખંડને અપાઇ ગયા પછી એ ભૂલ સુધારવાનો આગ્રહ જેમ કોઈ પ્રદર્શિત નથી કરતું તેમ એવરેસ્ટની નામસુધારણાનો આગ્રહ પણ જતો કરવા યોગ્ય છે.

જગતનું સૌથી પ્રસિદ્ધ અને મોઘું બેનમૂન રત્ન

કોહીનૂર

જેનો ઇતિહાસ હિંદના ઇતિહાસ સાથે અવિભાજ્યપણે સંકળાએલો રહ્યો છે.



બ્રિટિશો અહીંની જે વિવિધ સમૃદ્ધિ હાથ કરી ગયા છે તેમાં કોહીનૂર હીરાની તેમની પ્રાપ્તિ અવિસ્મરણીય છે. જગતનું એ સૌથી વધુ કીમતી અને સૌથી વધુ પ્રસિદ્ધ રત્ન બ્રિટિશ તાજમાં જડી દેવામાં આવ્યું છે. રાણી એલિઝાબેથના રાજ્યારોહણ પ્રસંગે એ હીરો હિંદમાં પાછો લાવવા કેટલોક ઊહાપોહ થએલો ને સર સી. વી. રામન્ જેવાએ પણ કોહીનૂર હિંદને પાછો મળવો જોઇએ એવો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો; પરંતુ ભારત સરકારે બ્રિટન પાસેથી એ પાછો ન માગવાનો નિર્ણય કર્યાનું બહાર આવ્યું છે. એલિઝાબેથની તાજપોશીનો વિધિ પતી ગયા બાદ એ હીરો અન્ય રાજચિહ્નો સાથે પાછો લંડનના ટાવરમાં આવેલા વેકફીલ્ડ ટાવરમાં મુકાઇ જશે.

કોહીનૂરના મૂળ સ્રોત વિષે બે જુદાજુદા અભિપ્રાય પ્રવર્તે છે. એક અભિપ્રાય મુજબ એ હીરો પાંચ હજાર વર્ષ જૂનો છે. ઈન્દોરની ઉત્તરે લગભગ પચાસ માઇલ પર આવેલા ઉજ્જૈનના મહારાજા વિક્રમાદિત્ય પાસે એ હીરો હતો ને ઇ. સ. ૧૩૦૪માં દિલ્હીના સુલતાન અલ્લાઉદ્દીન મોહમ્મદશાહે માળવા જીતી લેતાં તે એના હાથમાં ગએલો. એના અવસાન પછી ઇ. સ. ૧૩૯૪માં તૈમુર લંગે દિલ્હી લૂટ્યું ત્યારે એને કોહીનૂર હાથ ન લાગેલો એ પરથી લાગે છે કે દિલ્હીથી નાસી છૂટેલો સુલતાન નસરતશાહ એ હીરો પોતાની સાથે લઇ ગયો હોવો જોઇએ. ત્યાર બાદ સવાસોએક વર્ષ રહીને તૈમુરના જ એક વંશજ ઝહીરૂદ્દીન મોહમ્મદ અથવા બાબરે દિલ્હીના સુલતાન ઈબ્રાહીમ લોદીને ઇ. સ. ૧૫૨૬ના એપ્રિલની ૨૧મીએ પાણીપતના મેદાનમાં હરાવી દિલ્હીની સલ્તનત હાથ કરી ત્યારે કોહીનૂર એને કબજે આવ્યો. બાબરે પોતાની રોજનીશીમાં એ વિષે લખ્યું છે કે 'હુમાયૂં આગ્રા પહોંચ્યો ત્યારે એ લોકો નાસવાની તૈયારી કરતા હતા, પણ હુમાયૂંએ બધે પોતાના માણસો ગોઠવી દીધેલા. એ લોકોએ પોતાને જવા દેવાના બદલામાં મૂલ્યવાન વસ્તુઓ ભેટ ધરવા માંડી જેમાં અલ્લાઉદ્દીન લાવેલો એ પ્રખ્યાત હીરો પણ હતો. એ હીરા વિષે એવું કહેવાય છે કે આખી દુનિયાના લોકોને અઢી દિવસ જમાડી શકાય એટલી એની કીમત ચુનંદા ઝવેરીઓએ આંકેલી છે.'


બીજો અભિપ્રાય એવો છે કે આ હીરો સત્તરમી સદીના વચગાળે કૃષ્ણા નદી પાસેની ખાણમાંથી પહેલવહેલો હાથ લાગેલો. એ વખતે ગોવળકોંડા પર કુતુબશાહી વંશનું શાસન હતું. ગોવળકોંડાના એક ઉમરાવ ને જવાહરાતના શોખીન મીર જુમલાએ આ હીરો મેળવી લીધો અને મુઘલ શાહાનશાહ શાહજહાંને તે ભેટ ધર્યો. એ વખતે આ હીરાનું વજન ૯૦૦ રતિ અથવા ૭૮૭·૧૨ કૅરેટ હતું.

પ્રસિદ્ધ ફ્રેન્ચ પ્રવાસી ટૅવર્નિયરે ઈ. સ. ૧૬૬૫માં ઔરંગઝેબના ખજાનામાં આ હીરો જોએલો. એ વખતે એનું વજન ૩૧૯·૧૨ રતિ અથવા ૨૭૯·૯૧૬ કૅરેટ હતું. ઈ. સ. ૧૭૦૭ના માર્ચની ૩જીએ ઔરંગઝેબનું અવસાન થયું તે સાથે મુઘલ સામ્રાજ્યની પડતી શરૂ થઈ. ઇરાનમાં નાદિર કુલી નામના એક ભરવાડ જુવાને ત્યાંની રાજગાદી પચાવી પાડી અને નાદિરશાહ નામ ધારણ કરી ગાદીએ બેઠો ઈ. સ. ૧૭૩૯ના જાન્યુઆરીમાં તેણે કંદહાર જીતી લીધું અને ફેબ્રુઆરીની ૧૩મીએ કર્નાલ નજીક ત્રણ જ કલાકમાં મુઘલ સૈન્યનો પરાભવ કરી દિલ્હી તરફ આગળ વધ્યો. મુઘલ શહેનશાહ મોહમ્મદશાહને શાહી ખજાનામાંથી કશું લેવા કે છુપાવવાનો સમય મળે તે પહેલાં તો તે દિલ્હીમાં દાખલ થઇ ગયો અને સારો યે શાહી ખજાનો કબજે લઈ લીધો, જેમાં કોહીનૂર પણ હતો. વસ્તુતઃ એ દેદીપ્યમાન રત્નને 'કોહ ઈ-નૂર' ('તેજનો પહાડ') એ નામ નાદિરશાહે જ આપેલું

દિલ્હી લૂંટી ગયા પછી ઇ સ. ૧૭૪૭ના જૂનની ૧૯મીની રાત્રે નાદિરશાહનું ખૂન થયું અને ઇરાનની ગાદી સાથે કોહીનૂર પણ શાહ રૂખના કબજે આવ્યો. તેણે એ હીરો કાબૂલના દુર્રાની વંશના સ્થાપક અહમદશાહ દુર્રાનીને ભેટ આપ્યો. અહમદશાહ પાસેથી તેના પુત્ર તૈમુર અને તૈમુર પછી તેના પુત્ર શાહ ઝમાન પાસે આ હીરો ગયો. શાહ ઝમાનના ભાઈ મોહમ્મદે તેની પાસેથી રાજગાદી પડાવી લઈ તેને અંધ બનાવી કેદમાં નાખ્યો, પરંતુ ઝમે તે યુક્તિથી કોહીનૂર હીરો તો શાહઝમાન કેદમાં પણ પોતાની પાસે રાખી શકેલો. કેદની કોટડીમાંથી તે એના ત્રીજા ભાઇ સુલતાન શુજાને હાથ લાગેલો. ઈ. સ. ૧૮૦૯માં શુજાએ કાબૂલની ગાદી હાથ કર્યા પછી લૉર્ડ એલ્ફિન્સ્ટને આ હીરો તેની પોંચીમાં જડેલો જોએલો. શાહ શુજા પાસેથી મોહમ્મદે પાછી કાબૂલની ગાદી પડાવી લેતાં શુજા પોતાના ને ઝમાનના કુટુંબ સાથે નાસી છૂટ્યો અને લાહોર આવી શીખ મહારાજા રણજિતસિંહના આશ્રયે રહ્યો. રણજિતસિંહનું રાજ્ય ત્યારે ખૈબરઘાટની પેલી પાર ઠેઠ અફઘાનિસ્તાન સુધી વિસ્તરેલું હતું. તેણે શાહ પાસે કોહીનૂરની માગણી કરી, પણ શાહે આનાકાની કરતાં તેણે એને અને એના કુટુંબને કાશ્મીરમાં કેદમાં રાખી રીબાવવા માંડ્યાં. આ રીબામણીથી ત્રાસી છેવટે શાહની બેગમ વફાબેગમે રણજિતસિંહને કોહીનૂર અપાવવાનું વચન આપતાં શાહને તેના કુટુંબ સાથે લાહોર પાછો લાવવામાં આવ્યો. વફાબેગમે પોતે આપેલા વચન મુજબ શાહ પાસેથી રણજિતસિંહને કોહીનૂર અપાવી દીધો. રણજિતસિંહે તેની કીમત પૂછતાં વફાબેગમે જવાબ આપેલો કે: 'કોઇ માણસ પોતામાં હોય એટલા બળપૂર્વક ચારે દિશામાં ને ઊંચે આકાશમાં પથ્થર ઉછાળે અને પછી એટલા ઘેરાવા તથા એટલી ઊંચાઈના ઢગલામાં જેટલું સોનું અને જવાહરાત ખડકી શકાય એટલી એ હીરાની કીમત થાય.'

ઇ. સ. ૧૮૩૮માં લૉર્ડ ઑકલૅન્ડના લશ્કરી મંત્રી ઑન. મિ. એચ. ડબલ્યુ. જી. ઑસ્બૉર્ને શીખ દરબારની મુલાકાત લીધેલી ત્યારે કોહીનૂર જોવાની ખાસ ઇચ્છા પ્રદર્શિત કરેલી. એ નીરખ્યા પછી ઑસ્બૉર્ને એના વિષે લખ્યું છે: 'લગભગ દોઢેક ઇંચ લંબાઈ અને એકથી સહેજ વધારે ઇંચ લંબાઇનું આ એક ખરેખર અત્યંત જાજ્વલ્યમાન રત્ન છે. એના જડતરથી એ અરધોએક ઇંચ બહાર રહે છે. એના કરતાં અરધા કદના બે સુંદર હીરા સાથે એ કડાની અંદર જડી લેવામાં આવેલો છે. કોઇ પણ પ્રકારની ખામી વિનાનું એ એક અત્યંત પ્રકાશમાન રત્ન છે ને તેનું મૂલ્ય લગભગ ત્રીસ લાખ સ્ટર્લિંગ જેટલું છે.'

(અનુસંધાન પૃષ્ઠ ૨૩૦મે)



જ્ઞાનતંતુઓ તારનાં દોરડાં જેવાં છે, તે મગજ તથા કરોડરજ્જુ તેનાં મુખ્ય મથકો છે

આપણા આખા શરીરને વ્યાપીને તેના ખૂણે-ખૂણા સુધી પથરાએલા સફેદ દોરી જેવા જ્ઞાનતંતુઓ એટલી તો બધી શાખા—પ્રશાખાઓમાં વિસ્તરેલા છે કે કોષોની આસપાસ તો તે નરી આંખે જોઈ પણ ન શકાય એટલા બારીક થઈ જાય છે

આપણને જીવન અને જગતનું ભાન કરાવનાર

જ્ઞાનતંતુઓ

કાયાની કરામત-૩૩

લેખક - ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

આપણને બહારની દુનિયાનું અને શરીરના જુદા-જુદા ભાગોની સ્થિતિનું યથાર્થ જ્ઞાન કરાવનાર જ્ઞાનતંતુઓનો ઉલ્લેખ આગલાં પ્રકરણોમાં વારંવાર આવી ગયો છે. ઝડપી સંદેશા-ઓ લેવા-મોકલવા માટે યોજાએલી તારની વ્યવસ્થા જેવી જ આ વ્યવસ્થા આપણા દેહ વિષે છે. આમાં જ્ઞાનતંતુઓ તારનાં દોરડાં જેવા છે. મગજ અને કરોડરજ્જુ એ આપણા શરીરમાં જ્ઞાનનાં મુખ્ય મથકો છે, જ્યાં શરીરની બધી કામગીરીની જાણ રહે છે અને જ્યાંથી શરીરની બધી કામગીરીનું નિયમન પણ થાય છે. આ ત્રણ અંગો મળીને શરીરનું 'જ્ઞાનતંત્ર' (Nervous System) બને છે.

આપણા આખા શરીરને વ્યાપીને પથરાએલી લોહીની નળી-ઓની જેમ જ્ઞાનતંતુઓ પણ શરીરના ખૂણેખૂણે પથરાએલા છે. એક જાડી દોરી જેવા રૂપે અવયવો કે માંસપેશીઓમાં પ્રવેશ્યા બાદ તે એટલી બધી તો શાખા-પ્રશાખાઓમાં વિસ્તરે છે કે કોષોની આસ-પાસ તો તે નરી આંખે પણ ન દેખાય એવા અતિ બારીક થઈ જાય છે. લોહીની નળીઓની કેશવાહિનીઓ પણ આવી જ હોય છે ને?

આમ આખા શરીરને આવરીને પથરાએલા સફેદ દોરા જેવા દેખાતા આ જ્ઞાનતંતુઓમાંનો પ્રત્યેક તંતુ પાછો અનેક તંતુઓનો બનેલો હોય છે. એ દરેક તંતુનું કામ સંદેશાઓનું વહન કરવાનું છે. એમાં મગજ અને કરોડરજ્જુ ભણી સંદેશાઓ લઇ જનારા તંતુઓ અંતર્વાહી (Afferent Nerves) જ્ઞાનતંતુઓ કહેવાય છે. આમાંના જે મગજ તરફ જઈને આપણામાં દૃષ્ટિ, શ્રવણ, ગંધ, સ્વાદ, સ્પર્શ, વેદના આદિની સંવેદનાઓ પ્રકટાવે છે એ સંવેદનાવાહક (Sensory) જ્ઞાનતંતુઓ કહેવાય છે. જ્યારે પાચનનું નિયમન કરનાર અંતર્વાહી જ્ઞાનતંતુઓ કોઈ પણ પ્રકારની સંવેદના પ્રકટાવતા નથી.


મગજમાં સંદેશો પહોંચ્યા પછી તેના જવાબ રૂપે મગજ તથા કરોડરજ્જુમાંથી સંદેશાઓ અને હુકમો બહાર લઇ જનારા તંતુઓ બહિર્વાહી કે આજ્ઞાવાહક જ્ઞાનતંતુઓ (Efferent Nerves) કહેવાય છે. આ તંતુઓ ત્રણ જાતના છે: (૧) માંસપેશીઓમાં જઈ માંસ-પેશીઓનું સંકોચન કરનારા ક્રિયાતંતુઓ Motor fibers; (૨) લોહીની નળીઓની માંસપેશીઓના વાઝોમોટર જ્ઞાનતંતુઓ, જેમનું કામ લોહીની નળીઓને સાંકડી-પહોળી બનાવી શરીરના અમુક ભાગોમાં લોહીના ભ્રમણનો વધારો-ઘટાડો કરવાનું છે; અને (૩) સીક્રેટરી જ્ઞાનતંતુઓ, જે ગ્રંથિઓના કોષેકોષે પથરાએલા છે અને શરીરની જરૂર પ્રમાણે ગ્રંથિઓના સ્રાવ વહેવડાવે છે. ઘણાખરા જ્ઞાનતંતુઓમાં અંતર્વાહી અને બહિર્વાહી બંને તંતુઓ સંયુક્તરીતે સમાએલા હોય છે, પણ કાન અને આંખના જ્ઞાનતંતુઓમાં તો એક જ પ્રકારના (સંવેદનાવાહક) તંતુઓ જ હોય છે.

આપણા શરીરમાં માંસપેશીઓની જે યોજના છે, તે અંકુશ વિના તો નકામી જ નીવડે. એટલે તેમને હલાવવા-ચલાવવા તથા નિયમનમાં રાખવા માટે જ્ઞાનતંતુઓની રચના થઇ છે. માંસપેશી-ઓના કોષો પોતાના આકારના ફેરફાર કરવા માટેની વિશિષ્ટતા ધરાવે છે, પણ તેમને તેમ કરવાનું સૂચવવાનું તથા સમતોલ રાખી કાબૂમાં રાખવાનું કામ તેમનાથી વધારે ઝડપી જ્ઞાનતંતુઓ ઉપાડે છે.

જ્ઞાનતંતુઓ ચાર જાતના સંદેશાઓનું વહન કરે છે: (૧) બહાર-ની દુનિયામાં બનતા બનાવોની મગજને ખબર આપે છે, જ્યાં જ્ઞાનની લાગણી પ્રગટે છે; (૨) આ બનાવોને લક્ષ્યમાં રાખી તેને અનુરૂપ શરીરે કરવાની તૈયારી રૂપે શરીરના આગેના કે પાસેના ભાગોમાં મગજના સંદેશાઓ લઈ જાય છે; (૩) શરીરની અંદરના જુદા-જુદા અવયવોના સંદેશાઓ પણ લઇ જાય છે અને (૪) આના પરિ-ણામે લાગતાવળગતા અવયવની આજ્ઞા કે દૂરના ભાગોના નિયમન સાથે કામગીરી માટે સૂચનાઓનું પણ વહન કરે છે.

દોરડું જેમ ઘણી દોરીઓનું બનેલું—અને દોરીઓ વળી અનેક તારની બનેલી—હોય છે, એમ પ્રત્યેક જ્ઞાનતંતુ પણ પાછો ઘણા અત્યંત બારીક તંતુઓ (fibers)નો બનેલો છે. એનો ખયાલ એટલા પરથી આવશે કે આપણા એકલા નેત્રતંતુમાં પાંચ લાખ તંતુઓ સમાએલા છે! એ દરેક તંતુ ચીકણું પ્રવાહી ભરેલી નળી છે. અને એનું મૂળ તો ઠેક શરીરની ટોચે આવેલા મગજમાં કે કરોડરજ્જુ-





ડાબી બાજુ : જ્ઞાનતંતુની રચના-દરેક જ્ઞાનતંતુનું મૂળ જ્ઞાનકોષમાં આવેલું છે. એ કોષની વચ્ચે ન્યૂકલીઅસ હોય છે. કોષ એક છેડેથી ફણગારૂપે જ્ઞાનતંતુ બની બીજા કોષ તરફ જાય છે; ને બીજે છેડે ઝાડની ડાળીઓની જેમ ફેલાએલો હોય છે; અને એ ડાળીનો ઉલ્લો છેડો પાછો બીજા કોષતંતુના છેડા સાથે જોડાએલો હોય છે. આમ એક કોષની ઉત્તેજના તંતુ દ્વારા બીજા કોષમાં જાય છે.

માં આવેલું હોય છે. ઝાડની સૌથી ટોચ પરની ડાળીનું મૂળ પણ જેમ છેક જમીનમાં આવેલું છે એવી આ રચના છે. આ મૂળ જ્ઞાનતંતુ-કોષ (Nerve-cell). બીજી રીતે કહીએ તો જ્ઞાનતતુ-કોષમાંથી ફૂટેલા લાંબા ફણગાઓ એ જ જ્ઞાનતંતુઓ. અને એ જ્ઞાનતંતુ કોષોના સમૂહનાં જ મગજ ને કરોડરજ્જુ બનેલાં છે.

જ્ઞાનતંતુ કોષનું બીજું નામ ન્યુરોન (Neuron) છે. બીજા કોષો કરતાં આ કોષો વિશિષ્ટ પ્રકારના છે. દરેક કોષમાંથી બે પ્રકારના ફણગા (Processes) નીકળે છે. ફણગાનો એક પ્રકાર તે ટૂંકા ને ઝાડની ડાળીઓ જેવા આકારના ઘણા લઘુતંતુઓ (Dendrite) નો. એમાં વળી કોક કોષને તો એક જ લઘુતંતુ (Dendron) હોય છે. આવા એક કોષના લઘુતંતુ પાડોશના કોષના લઘુતંતુ સાથે જોડાએલા રહે છે જેથી એક કોષની ઉત્તેજના બીજા કોષમાં પસાર થાય છે.

બીજા પ્રકારના ફણગાનું નામ મુખ્ય તંતુ (Axon) છે. આ લાંબા હોય છે. તે માંસપેશી કે અવયવમાં પ્રવેશ્યા બાદ અનેક નાની શાખાઓમાં વિસ્તરી જઇને અવયવના કોષેકોષે પથરાએલા હોય છે. આમાંના કોઈક કોઇકની લંબાઈ તો ત્રણ કે ચાર ફૂટની છે.

આવા મુખ્ય તંતુઓના મોટા જથ્થાને જ જ્ઞાનતંતુ (Nerve) કહેવામાં આવે છે. આ તંતુ (fiber) એટલે લઘુ કે મુખ્ય તંતુ; અને એવા મુખ્ય તંતુઓનો થોકડો એટલે જ્ઞાનતંતુ. દરેક મુખ્ય તંતુ ઉપર માયેલીન (Myelin) નામનું ચરબીનું જાડું આવરણ રહે છે. આ ચરબીને લીધે જ્ઞાનતંતુનો રંગ સફેદ છે. કેટલાક જ્ઞાનતંતુઓ આવા આવરણ વગરના પણ છે, જે ભૂખરા રંગના દેખાય છે. એમનું નામ 'સિમ્પૅથેટિક' (Sympathetic) જ્ઞાનતંતુઓ. ચરબીના પડ ઉપર વળી ન્યુરીલેમા (Neurilema) નામનું એક પાતળું પડ આવેલું છે.

જ્ઞાનતંતુનો સક્રિય ભાગ તો ફક્ત મુખ્ય તંતુઓ જ છે. એમાં થઇને જ તંતુપ્રવાહ વહે છે; જ્યારે એમના ઉપરનાં પડો તો એ પ્રવાહને ઝરી જતો અટકાવવા માટેનાં વીજરખાં (Insulators) જેવાં છે. વીજળીના તાર ઉપર રબ્બર કે રેશમનાં વીજરખાં નથી હોતાં? એ માનવીએ શોધેલી કરામત છે, જ્યારે આ કુદરતી છે.

તંતુઓ ખૂબ આવેગશીલ (Irritable) હોય છે,—માંસપેશીઓ કરતાં પણ વધુ. આથી માંસપેશીઓ કરતાં તંતુઓમાં ઉત્તેજનાનું ઝડપી વહન થાય છે. તંતુનું એક જ કામ છે અને તે ઉત્તેજનાનું (Stimulusનું) વહન કરવાનું. આ ક્રિયાને તંતુપ્રવાહ (Nerve Impulse) કહેવામાં આવે છે.

જ્ઞાનતંતુઓના બંને છેડાઓ ઉપર જે ઉત્તેજના થાય છે તે તંતુઓ વહી જાય છે. વેદનાની ઉત્તેજના પ્રથમ મગજ કે કરોડરજ્જુ ભણી જાય છે અને પછી તેને અનુરૂપ હલનચલન કરવા માટેના ત્યાંના હુકમો માંસપેશીઓ ભણી વહી જવામાં આવે છે. આમ થવાથી જ શરીરની બધી કામગીરીઓ શક્ય બને છે. શરીરનાં જે કંઇ કાર્યો થાય છે તે બધાં જ્ઞાનતંત્રને લીધે જ છે અને તેના જ કાબૂ નીચે છે. આ અંગે કઠોપનિષદમાં એક સુંદર ઉક્તિ છે. शरीर रथमेवतु इन्द्रियाणिहयानाहु॥ શરીર રથ છે, ઇન્દ્રિયો (જ્ઞાનતંતુઓ) ઘોડાઓ છે.

આ ઉત્તેજના અને હુકમો જ્ઞાનતતુઓમાંથી મોજાં રૂપે વહે છે. વીજળીનો પ્રવાહ પણ આવો હોય છે. બે છેડાઓ પકડી રાખેલા દોરડાને છેડેથી જોસથી હલાવતાં દોરડામાં જેમ તરંગો ઊપજે છે એમ આ તંતુપ્રવાહ વહે છે. સંદેશો પસાર થઈ ગયા બાદ જ્ઞાનતંતુનું ઉષ્મામાન વધે છે. આ ઉપરથી નક્કી થાય છે કે સંદેશાના વહનમાં કોઈ રાસાયનિક ક્રિયા સમાએલી છે, જેના પરિણામે ગરમી ઉત્પન્ન થાય છે. આમ, એ તંતુપ્રવાહમાં ઇલેક્ટ્રો-કેમિકલ કામગીરી સમાએલી છે.

તંતુઓમાંથી એક વાર પ્રવાહ વહ્યા બાદ ફરીથી તરત જ તે બીજું કામ ઉપાડવા સજ્જ રહે છે. એ ઝડપ એટલી છે કે એક સેકંડમાં બે હજાર જેટલા તંતુપ્રવાહ તે વહી શકે છે. પણ આ પ્રકારની કાર્યશક્તિ થોડોક વખત ટકી રહે છે. પછી તે મંદ પડે છે; પણ તદ્દન બંધ તો થતી જ નથી. તંતુપ્રવાહને મંદ પાડનારાં બીજાં કારણો શરીરના ઉષ્ણામાનની વધ-ઘટ અને થાક છે.

વીજળીમાં જેમ જાડા તારમાંથી વિદ્યુત્પ્રવાહના માર્ગને ઓછો અવરોધ નડે છે, એમ પાતળા કરતાં જાડા જ્ઞાનતંતુમાં તંતુપ્રવાહનો વેગ ઝડપી રહે છે. વેગનો આધાર તંતુઓના કદ અને આવરણ (ચરબી વીજળીનું મંદ વહન કરે છે) ઉપર છે, જે એક કલાકના ૨૦૦-૨૫૦ માઇલથી માંડી ઓછામાં ઓછો સાઠ માઇલ જેટલો છે. 'ક્રિયા-તંતુ'માં આ વેગ એક સેકંડના ૧૧૧ ફૂટ જેટલો અને 'સંવેદનાવાહક તંતુ'માં ૧૪૦ ફૂટ જેટલો છે. એટલે પાંચ કે છ ફૂટ ઊંચા માનવશરીરમાં એક સંદેશાનું વહન એક સેકંડના ૨૦થી ૨૫મા ભાગ સુધીમાં થાય છે!

બધા તંતુઓ એક જ જાતના છે. વળી તંતુપ્રવાહ પણ એક જ પ્રકારનો હોય છે; છતાં યે તે જુદીજુદી જાતના સંદેશાઓ વહી જાય છે. આનો આધાર તંતુઓના બે છેડાઓ ઉપર છે. એમાંનો એક છેડો છાપ કે સંદેશો ગ્રહણ કરનાર હોય છે અને બીજો છેડો મગજમાં કેન્દ્રમાં જોડાએલો હોય છે. આ રીતે નેત્રતંતુ ફક્ત દૃશ્યની જ છાપ ગ્રહણ કરે છે; અવાજનાં મોજાંની એના ઉપર કશી અસર નથી. હવે જો નેત્રતંતુઓના છેડા બદલી નાખીએ (જોકે આ બાબત અશક્ય છે) તો તે અવાજ કે બીજી સંવેદનાઓ પણ ઝડપથી ગ્રહણ કરી શકે છે.

જ્ઞાનતંતુ કપાઈ જાય તો તે કંઈ સદાને માટે નાશ પામતો નથી, કારણકે એની બનાવટમાં આવેલા બીજા સાજા રહેલા તંતુઓ તો કોષમાંથી પોષણ મેળવ્યા જ કરે છે; જોકે કોષોથી તદ્દન કપાઇને છૂટા પડી ગએલા તંતુઓ મરી જાય છે. પણ કોષોના સંબંધમાં રહેલા તંતુઓ તો ફરી પાછા 'ઊગવા' માંડે છે અને અગાઉના થાનકમાં જઈ ભળે છે.



ગુજરાતી જેની માતૃભાષા છે, તેના ભણતરમાં તે જ ભાષા 'સેકન્ડ લૅંગ્વેજ' ગણાય; વળી મૅટ્રિકથી ઈન્ટર સુધી'નો' ગુજરાતી; તે પાછી બી એ.માં લઈ શકાય; ને એમ.એ.માં નહિ; કોર્સ જ તૈયાર નહિ; બી. એ.માં ગુજરાતીમાં ઑનર્સ પણ નહિ;દાખલા તો કે ભણવા જ પડે;-આવા થડ-પાયા વિનાના અભ્યાસક્રમો ભણતાં યુનિવર્સિટીના વહીવટ ઉપર મિજાજ તો ગયો જ હતો. એવામાં ૧૯૩૪-૩૫માં અંગ્રેજીમાં મૅટ્રિકની પરીક્ષામાં એટલા બધા છોકરાઓ નાપાસ થયા કે પરિણામ કંઈ સત્તર કે ઓગણીસ ટકા આવ્યું. અને એ પગલું 'મૅટ્રિકની કતલ'ને નામે પ્રસિદ્ધ થયું.

સોએ ઍંશી અંગ્રેજીમાં નાપાસ! દળણાં દળીને, છાણ-ટોપલા કરીને, ઝીકટીક ટોપીમાં ભરીને, ઉછીના લઇને, દાન સખાવતો લઇને ગામડેગામથી ત્યારે કૈંક વિધવા યા ગરીબ બાઈના છોકરાઓ મૅટ્રિકમાં બેસતા મેં જાણ્યા છે. વળી એની ફી—પરીક્ષાની ફી! એમાં સોએ ઍંશી નાપાસ! અને અંગ્રેજીમાં ઊડયા એટલે બધામાં ઊડયા.

ત્યારે 'માસ્તરો શું હજામપટ્ટી કરતા હતા? નિશાળોનો વહિવટ કેવોક ચાલતો હશે? યુનિવર્સિટીએ ચાંપતી તપાસ કેમ ન રાખી?' આવા બધા સવાલો ચારે બાજુ સળગવા લાગ્યા. અને એ વખતે ઓપેરા હાઉસ સામે ચાલતા સ્ટુડંટ્સ બ્રધરહુડમાં એસ. કે. શાહ, યુસુફ મહેરઅલી, સોલી બાટલીવાળા વગેરેની આગેવાની નીચે પછી તો વિદ્યાર્થીઓ ભભૂકી ઊઠયા.

એમાં મારે માથે ગુજરાતનો પ્રવાસ આવ્યો, અને પ્રચારાર્થે સુરત, વડોદરા, આણંદ, રાજકોટ, ભાવનગર વગેરે સ્થાને મૅટ્રિકની કતલ ઉપર ભાષણમાળા ચલાવવા બન્દા ઊપડયા. યુનિવર્સિટીના વહીવટની તથા એની પાઠય પુસ્તકો નક્કી કરવાની, પરીક્ષકો નીમવાની, સવાલપત્રકો કાઢવાની, જાતજાતની રીતિનીતિની ખૂબ ટીકા કરી અને હોહા કરી મૂકી. રાજકોટ-ભાવનગરના પ્રવાસમાં તો શારદાબેન મહેતા પણ જોડાયાં. અને એ તો યુનિવર્સિટી સેનેટનાં મેમ્બર, બારડોલીનાં લડવૈયાં, એટલે વિદ્યાર્થીઓની સભાઓ ગજાવવાની, ભાષણો કરવાના અભરખા પૂરા કરવાની પૂરતી તકો મળી.

યુનિવર્સિટી એટલે તો ત્યાં શું યે જાણે બ્રિટિશ સામ્રાજ્યનો અડ્ડો હોય એમ માની કેટલાંક દેશી રાજ્યોમાં ભાષણ કરવા દેવામાં નહિ આવે એવા મનાઈ હુકમો પણ નીકળ્યા. અને આ થયું ત્યારે વિલ્સન અને વડોદરાની કૉલેજમાં તો સૉનેટ કે રંગભૂમિ ઉપર પણ ગાળાગાળી વિનાનું—સાહિત્યસંબંધી ભાષણ કરવાની યે છૂટ ન મળી!

ઘણાથી યુનિવર્સિટીની આ જોહુકમી ખમી શકાઈ નહિ. ત્યાંના વહિવટને સુધારવા માટે ઘણા લોકો વારંવાર કહેતા, પરંતુ બધું વ્યવસ્થિત કરવાની સૂચના જ માત્ર કરતા. પણ અમારું જુવાન લોહી ઊકળી રહ્યું હતું વળી એક લડતનો સ્વાદ ચાખ્યો હતો એટલે મનને જરા ચળવળ પસંદ તો પડતી જ હતી.

એ વખતે, અસલ તો અમદાવાદના પણ હવે ઝવેરીવાળા ચિનાઈ કુટુંબના એક નબીરા ચીમનલાલ જીવણલાલ ગામદેવીમાં રહેતા. એમણે નાણાંની મદદ કરી અને જોરદાર ભાષણો પણ કર્યાં. એટલે અમે તો 'વૉર કાઉન્સિલ' જમાવી દીધી. પછી તો લડતે સારું જોર પકડયું. યુનિવર્સિટી હૉલમાં, સેનેટની બેઠક મળી હતી ત્યાં. તે દિવસે ચર્ચગેટ આગળ એકઠા થએલા વિદ્યાર્થીઓ ફાઉન્ટનને ફરીને સરઘસના રૂપમાં યુનિવર્સિટી હૉલમાં પહોંચ્યા મોખરે સ્વ. પ્રો. કે. ટી. શાહ, શારદાબેન, મહેરઅલી, સોલી, ચિનાઇ (અને મારું નામ ઉમેરવા દો તો હું પોતે), એમ સરઘસ કાઢી જ્યાં સેનેટરો બેઠા હતા ત્યાં હૉલમાં એમની છાતી પર હાજર થઈ ગયા. ચંદાવરકર અને હૅમિલ બે સરનશીનો બેઠા હતા. હૅમિલ તો અમારો જૂનો પ્રિન્સિપાલ. એણે જ મોટે ભાગે અંગ્રેજીના પેપરમાં કાતર ચલાવી હતી એવી બૂમ પડી હતી. ડાચકા અને ડરેલ સેનેટરો તો હેબકાઇ જ ગયા! પણ એક વાર વિદ્યાર્થીઓ દાખલ થઇ ગયા એટલે હવે શું થાય?

સેનેટ હૉલમાં હોહા મચી ગઈ. વડીલો ચૂપચાપ બેસી રહ્યા. કંઈ કામકાજ તો શું ચાલે? કે. ટી. શાહ, શારદાબહેન મહેતા, હંસાબહેન મહેતા વગેરે ચારપાંચ જ ફક્ત વિદ્યાર્થીઓની તરફેણમાં બેઠેલાં સેનેટરો હતાં. બાકી બધા તો રૂઢિચુસ્ત, વ્યવહારુ, બંધારણવાદી વિદ્વાનો ભારેખમ મોઢે ગંભીરાઈથી શાંત બેસી રહ્યા હતા.

બહાર પણ છોકરાઓ સારા પ્રમાણમાં જમા થઈ ગયા હતા. એવામાં પથ્થરમારો શરૂ થયો ને હૉલના કાચ તડાતડ તૂટવા લાગ્યા. પણ તરત સોલી બાટલીવાળાએ મોરચો સંભાળી લીધો ખુરશી પર ખુરશી ગોઠવી, ઊભા થઈ એણે સેનેટને સંબોધીને એક નાનકડું ઝાટકી નાખે એવું ભાષણ કીધું, ને છોકરાઓને પૂરતી શાંતિ જાળવવા સંબોધ્યું. લાગતા જ બધા તદ્દન શાંત થઇ ગયા. સોલીએ માગણીઓ રજૂ કરી, દસ ટકા છૂટછાટ મૂકવા કહ્યું, ડેપ્યુટેશનને મળવા સૂચના કરી. પણ ચંદાવરકર સાહેબના પેટમાંનું પાણી જરાયે હાલે નહિ ને. હૅમિલ વચ્ચે ઊંચોનીચો થાય અને ચંદાવરકરને કંઈ કહે કે તરત અહીં સોરાબજી ત્રાડ નાખે, અને વાગ્બાણ છોડે, શેઈમના પોકારો ઉઠાવે. એમ સામનો બરાબર કલાકો સુધી ચાલ્યો.

એક વાગ્યે કે એમ મળેલી બેઠક ચારેક વાગ્યા સુધી, એમાંથી કોઈ પણ ચસ્યા વિના ચોંટી રહી. સેનેટરો તો, જાણે કાપીએ તો લોહી ન નીકળે એમ પોતપોતાની ખુરશીમાં ડઘાઈને ચૂપચાપ પાંપણ પણ ફરકાવ્યા વિના બેસી રહ્યા હતા. વિદ્યાર્થીઓને તો ગમ્મત હતી—અહીં આ અતિ પવિત્ર અને પ્રાચીન મનાતી વિદ્યાની વેદી આગળ, અનેક જુવાનિયાઓના ભાવિ ઘડનારા આ ભાગ્યવિધાયકો તથા મોટે ભાગે તો પોતાની જાતને દૈવી અંશ યા વાચસ્પતિના અવતાર માનનારાઓની સામે આ શો પ્રચંડ અને ઉગ્ર ઉલ્કાપાત! એમનામાંના કંઇકને ઈશ્વરના અસ્તિત્વમાં શંકા આવી હશે, કંઈકને કલિયુગનું પૂરું સામ્રાજ્ય સ્થપાયું જણાયું હશે, કંઇકને પ્રલયકાળ નજીક આવ્યો લાગ્યો હશે, કંઈકને પોતાના દિવસના લવાજમના રૂપિયાનું બિલ બનાવવાના વિચાર આવતા હશે!

ખરેખર, વિદ્વાનો અને પંડિતો સામાન્ય પરિસ્થિતિથી જરા જુદા સંજોગોમાં મુકાતાં કેવા અસહાય, નિરાધાર, દયા ખાવા જેવા થઈ જાય છે એનો આ સચોટ દાખલો હતો. આ બાજુ સોલી તો શૂર પર ચડયો જતો હતો. ફરી એણે સેનેટરોને ઉદ્દેશીને બૂટસ

બોલે એ છટાથી ખાસ્સી મણમણની સંભળાવી એક ભાષણ ઝાડી નાખ્યું. પછી એકએ વાતો ચંદાવરકરને ઉદ્દેશીને અને એકબે હૅમિલ્ટને ઉદ્દેશીને પણ કહી. વચ્ચે એકાદ બે કાયદાબાજોએ સભામોકૂફીની દરખાસ્ત મૂકી, પણ કશું તણખલું યે હાલ્યું નહિ. એવામાં કોર્ટમાંથી મુન્શી આવ્યા. એમણે કંઈ પતાવટની વાતો કરી પણ કંઈ વળ્યું નહિ. આખરે સભા બરખાસ્ત કરવી જ પડી, અને એ જગ્યા આગળ સેનેટરો વિખરાતાં એ જ સ્થાને પ્રો. કે. ટી. શાહના પ્રમુખપણા હેઠળ અમે વિદ્યાર્થીઓની સભા ભરી બેત્રણ ઠરાવો પસાર કરી નાખ્યા.

બીજે દિવસે ફરી સેનેટ મળી. સોલી અને હું સવારે એ બાજુ આંટો મારવા ગયા ત્યારે યુનિવર્સિટીની ચારે પાસ તાર નંખાતા હતા ને પોલીસ ગાર્ડ મુકાતા હતા. એ કામ હૅમિલ સાહેબ કરાવી રહ્યા હતા. એ પટ્ઠાની અમારા પર નજર પડી કે તરત બોલાવ્યા, ને 'ચાલો કૉફી પીએ' એમ કહી અમને સામે આવેલી 'કૉર્નેલિયા'માં કૉફી પીવા લઈ ગયો. ત્યાં બેઠા એટલે કહે કે કાલે તમે કમાલ કરી, અને એ માટે હું મગરૂર છું. પણ આજે એક જણ પણ અંદર આવી શકશો નહિ. માટે ધ્યાન રાખીને કામ વેતરજો.

અમે તો સરઘસનો વિચાર માંડી વાળ્યો હતો. 'ટાઈમ્સે' અમારાં ભારોભાર વખાણ કરી કાચબારી ભાંગવાને 'ટુ બ્રૅમ્બો ઈટ' એવું ફ્રેઇઝ પણ વાપર્યું હતું. બધું ખરું, પણ એમાં દહાડો શો પાક્યો? પરિણામ સુધર્યાં? યુનિવર્સિટીમાં પછી જોકે ફેરફાર થયો, પરીક્ષાની પદ્ધતિ બદલાઇ, પરીક્ષકોની ચૂંટણી ફરી, બીજે વર્ષે પરિણામ સારું આવ્યું, પણ એ માટે તો અનેક કારણો આપણે રજૂ કરી શકીએ.

જાહેરજીવન કહો કે રાજકારણ કહો, એને વિષે, બસ આ અનુભવે જે નિરાશા સાંપડી તેથી–યા પછી ગમે તે કારણે, એ પછી એવા કામમાં ઝંપલાવવાને માટે મારું મન સદાનું મોળું થઇ ગયું.

એ બેત્રણ વર્ષોમાં યશનો સિતારો જરા મલપતી ચાલે ચાલતો હોવો જોઇએ. અમદાવાદની ગુજરાત સાહિત્ય સભાએ 'આગગાડી' નાટક વખાણ્યું ને એ માટે રણજિતરામ ચન્દ્રક આપવાનું નક્કી કર્યું. એ વખતે અમદાવાદમાં પહેલી જ વાર મેં લખેલું ભાષણ વાંચ્યું. એમાં 'લેખકો ચન્દ્રક ક્યાં લગાડીને જશે, અને એ શું કામ લાગશે, કદાચ વેચવો તો નહિ પડે' એવી ટકોર મેં કરી હતી.

હા, 'આગગાડી'નો જશ તો બાપુજીને અને લલ્લુશંગને જવો જોઈએ. પણ એ બાળપણાના ભેરુઓ હવે મળે પણ ક્યાં? દુઃખ તો એ થયું કે બાપ પણ જીવતા ન હોતા, નહિતો આ માન મળતું જોઇ એની છાતી તો ગજગજ ફૂલત. પણ મા જીવતી હતી એને યે અમદાવાદ એ સભામાં લઈ જવાની મતિ ક્યાં સૂઝી હતી? અને વહુ?— હવે નાહકના બળાપા કરવાનો શો અર્થ છે?

તારીખ ૩જી મે ૧૯૩૭ને રોજ સાહિત્ય સભાએ સુવર્ણચન્દ્રક આપ્યો. કેવો સંજોગ! મારા પિતાની એ મૃત્યુ તારીખ! આવા અકસ્માતો એમ ઘણીવાર બને છે. ત્યારે જ મેં ભાષણમાં કહ્યું હતું કે આ સોનું જોઇને મન તો નહિ ચળે? અને એવો પ્રસંગ આવ્યો યે ખરો.

બાપુજીની પેલી રેલવેની ગ્રૅચ્યુઇટીના પૈસા બે જૂના દોસ્ત, નવનીત ચોકશી અને ઓચ્છવલાલ ઘીવાળાએ પોતાને નામે સાચવી, થોડા વધારી, સારે ને સદ્ધર ઠેકાણે રોકી મારા નામ પર કરી આપ્યા હતા. ને આપણે હજી સાડત્રીસને સરવાળે પહોંચ્યા તોયે કમાવામાં અલ્લાયો, એટલે એના વ્યાજમાંથી જ રોટલો ખાતા હતા!

સો-સવાસો રૂપિયામાં બે બહેનને તેમજ બહેનના બે દીકરાઓને ભણાવી મારી મા ઘર કેમ ચલાવતી હશે એનો જ્યારે વિચાર કરું છું ત્યારે આજે આંતરડી કકળી ઊઠે છે. પણ ત્યારે મારા જેવા બિનજવાબદારને એનો સહેજ વિચાર સરખો યે નહોતો આવ્યો!

સંસારમાં બે સારા દોસ્તો ય મળે, તો કોક કવરધું પણ મળી જાય. ૧૯૩૭ સુધી લત નહોતી લાગી, તે એ સાલમાં એકાએક પૈસાની લાહ્ય લાગી. સોનાનો મોહ તો લાગ્યો જ હતો. પેલો એક ચાંદલો તો જાણે સમજ્યા, પણ એની લગડી હોય યા પાટ હોય તો કેવું સારું?! દસેક વર્ષ પહેલાં હું શેઠ હેમચંદ મોહનલાલને ત્યાં ભણાવવા જતો. એ હેમચંદભાઇ સોનાની પાટનો, ઉથલાનો, સીધાનો, ગલીનો, ગાળાનો, ખુલ્લાનો વેપાર કરતા એમ આપણે ન કરી શકીએ?


વર્ષો સુધી પારીસમાં વેપાર કરી, ત્યાંથી રૂખસદ લઇ અહીં રહેવાનું નક્કી કરી પાછા હિન્દ ફરનાર એક જણ જોડે ઓળખાણ થઇ. મારા એક જૂના અને વફાદાર વિદ્યાર્થીના એ કાકા થાય, એટલે એની સાથે વાતચિતમાં થોડો વેપાર કરવાનું નક્કી કર્યું.

પણ 'વેપાર' શબ્દ તો હું જાતને છેતરવા વાપરું છું,—ઘણા વાપરે છે. ખરું જોતાં તો એ સટ્ટો જ. થોડી મૂડીએ—યા વગર મૂડીએ લેણદેણ કરવી એ સટ્ટો જ કહેવાય. એવા સટ્ટાને હજી ઘણા 'બિઝનેસ'—'વેપાર' કહે છે. બિઝનેસ ખરું, પણ સટ્ટાનું! એ ભાઈની પાસે પૈ નહિ. બધું પારીસમાં ફના કરીને અહીં પાછા ફરેલા એ વાતની તો સૌને મોડેથી ખબર પડી. શરૂઆતમાં એનો ચાર આની ભાગ, મારો બાર આની, અને કામકાજમાં જરૂર પડે તો મારી મૂડી, એમ બૅંકનો ઓવરડ્રાફ્ટ લઇને ધંધો શરૂ કર્યો. ઓવરડ્રાફ્ટ શું તે ત્યારે સમજ્યો, પણ એનો પૂરો અર્થ તો પાછળથી સમજાયો!

સોના પહેલાં થોડી પાટ ચાંદીની લીધી ને પછી સોનાના પાટલા પર પણ ઝોકાવ્યું. સિતારો સારો;–અને સટ્ટાના (અનુ. પૃ. ૨૨૩મે)



પચ્ચીસ વર્ષ પહેલાં



જેઠ ૧૯૮૪
અંક ૫૪માંથી



આ મને ઓળખો છો? એ આજથી ૨૫ વર્ષ પહેલાંના સરદાર વલ્લભભાઈ છે. ૧૯૨૮ માં બારડોલીની ના-કરની લડત જીતીને એમણે રાજકીય કારકીર્દિની પહેલી ધજા ફરકાવી એ પ્રસંગે 'કુમાર'માં એ પ્રકટ થએલી.

આ અંકના પહેલા પાનાનો કાકાસાહેબનો મનનીય લેખ સામે ચોકઠામાં ઉતાર્યો છે.

પરીક્ષાઓ પતી ગઈ ને વૅકેશનો વીતી ગઈ; હવે શું? 'મિજલસ'માં એ વિષે લખ્યું હતું: 'એ 'હવે શું?'ના વિચારો વહેલા આવ્યા હોત તો લાંબી વૅકેશનો અને રજાઓમાં કંઈ નવી બાબતો, અનુભવો કે તાલીમ મેળવવા યત્ન થયો હોત એમ ઘણાને લાગે છે. જીવનના મહત્ત્વના દિવસો અને કામ કરવાની તકો કોઈક જ પિછાની શકે છે અને દુઃખની વાત તો એ છે કે જીવનની આવી તૈયારી કરવામાં એક પણ શાળા, શિક્ષક કે માબાપ ભાગ્યે જ યોગ્ય સલાહ આપી શકે છે.

એટલે, વિદ્યાર્થીઓ અને યુવાનો પોતે જ પોતાના પ્રશ્નો છોડી નહિ શકે તો કોઈ તેમની પરવા કરવાનું નથી. એમણે જ જાતે એકઠા મળીને રોજની ફુરસદ, રજાઓ અને વૅકેશનોના વખતમાં ઘરઉદ્યોગો, રસાયણો, બાગબાની, જરૂર પૂરતી સુતારી-લુહારી, હાથકારીગરી, બીજું પરચુરણ સમારકામ, રોજના ઉપયોગની ચીજો પૂરી પાડે તેવા નવા હુન્નરો વગેરે શીખવા-ખીલવવા મંડળો બાંધી, ખાનગી ફંડો ઊભાં કરી, અથવા જાતમહેનત કરી ક્રિયાશક્તિ ખીલવવાની યોજનાઓ ઉપાડવી જોઇએ; જેથી દિવસના સાત આઠ કલાક પ્રામાણિક ઉદ્યમ કરી નિર્વાહ જેટલું પણ કમાઈ શકાય. પોતાના મંડળદ્વારા બનાવેલો સામાન, વસ્તુ કે પદાર્થ વેચવાનો પ્રયાસ કરવામાં પણ વ્યાપારી અનુભવ ને તાલીમ મળશે. શરૂઆતમાં કંઇ પણ કમાણી ન થાય તોપણ કંઇક ઉદ્યમ શીખીએ છીએ એ ભાવથી મહેનત કરનારા પણ ઘણું નવું પામશે. આ પ્રયત્નમાંથી સીધી કમાણી નહિ થાય તો યે હાઇસ્કૂલ કે કૉલેજનો અભ્યાસ પૂરો કર્યા પછી કોઈ પણ ઠેકાણે જતાં આવી વધારાની તાલીમવાળો વિદ્યાર્થી બીજા કરતાં વધુ આદર પામશે ને તેની ઑફિસ, દુકાન કે ધંધાના કામમાં તેની ક્રિયાશક્તિનો પ્રભાવ બતાવી શકશે, એટલું જ નહિ પણ કોઈ પણ નવા કામ, કારીગરી કે હુન્નરમાં તે જલદી પાવરધો થઇને આગળ આવશે. શાળાનું જીવન પૂરું થશે ત્યારે કંઈક શીખી લઈશું એવી રાહ જોનારા રખડી રહે છે અને પાછળ રહી જાય છે અથવા તેમની ઉમેદવારી લંબાય છે. સાફસૂફ, ગોઠવણ અને કરામતમાં જેટલો અનુભવ વધારે તેટલી તેવા માણસની માગણી વધારે થવાની.'



આ ઉપરનું 'પ્રાર્થનાબદ્ધ હાથ'નું ચિત્ર જર્મનીના વિખ્યાત કલાકાર આલ્બર્ટ ડ્યુરરની કૃતિ છે. એને વિષે એક સુંદર વાત કહેવાય છે કે આલ્બર્ટ ડ્યુરર અને એનો મિત્ર ફ્રાન્ઝકિંગરસ્ટેન, એ બંને ઊગતી વયે કલાકાર થવાની અભિલાષાએ એક જ કલાકારના સ્ટૂડિયોમાં દાખલ થયા. ઉભયનાં માબાપ ગરીબ હતાં બંને જણ ઉદ્યમી, ખંતીલા અને સરખા જ પ્રેમાળ હતા. પણ આલ્બર્ટમાં કળાની કુદરતી પ્રતિભા હતી, જ્યારે ફ્રાન્ઝમાં માત્ર કલા પ્રત્યેનો અગાધ પ્રેમ હતો—ભક્તિ હતી. એના હાથમાં કુશળતા નહોતી.


વર્ષ પર વર્ષ વીતી ગયાં. એક ઇટલી ગયો, બીજાએ જર્મનીમાં જ રહી અભ્યાસ જારી રાખ્યો. દરમિયાન ઉભયનાં માબાપ ગુજરી ગયાં અને વખત બારીક આવ્યો. આલ્બર્ટને થોડીઘણી સફળતા મળી હતી ને એ પોતાની કમાણીમાંથી થોડું ફ્રાન્ઝને આપતો.

એક વખત એમણે 'પ્રભુનો પ્રેમ'નું ચિત્ર દોરવાનું ઠરાવ્યું. ચિત્રો દોરાઈ રહ્યાં અને બંને સરખામણી માટે પોતાનાં ચિત્ર લાવ્યા. ફ્રાન્ઝની કૃતિ નિસ્તેજ ને પ્રાણરહિત જણાતી હતી, જ્યારે આલ્બર્ટનું ચિત્ર સૌંદર્ય અને ભાવથી ઊભરાતું હતું. આ પળે જ ફ્રાન્ઝને ખરું ભાન થયું કે કલાકારનો સમર્થ આત્મા પોતાનામાં હજી જાગ્યો નહોતો; અને અત્યાર સુધીનાં પોતાનાં બધાં વર્ષો ઘરના છાપરાની ટોચ પર ઊભા રહી તારા પકડવાના નિષ્ફળ પ્રયાસમાં વીતાવ્યા જેવાં એને લાગ્યાં. પોતાની અરધી જિંદગી વેડફાઇ ગઇ હતી અને સફળતાની લેશપણ આશા રહી નહોતી. પણ

જગદંબા કેળવણી

કેળવણી કહે છે: 'હું વિજ્ઞાનની સખી નથી, કળાની પ્રતિહારી નથી, સત્તાની દાસી નથી, કાયદાની કિંકરી નથી, અર્થશાસ્ત્રની બાંદી નથી. હું તો ધર્મનું પુનરાગમન છું. મનુષ્યનાં હૃદય, બુદ્ધિ તેમજ તમામ ઇંદ્રિયોની સ્વામિની છું. ◖ માનસશાસ્ત્ર ને સમાજશાસ્ત્ર એ બે મારા પગ છે. કળા અને હુન્નર મારા હાથ છે. વિજ્ઞાન મારું મસ્તિષ્ક છે. ધર્મ મારું હૃદય છે. નિરીક્ષણ અને તર્ક મારી બે આંખો છે. ઇતિહાસ મારા કાન છે. સ્વાતંત્ર્ય મારો શ્વાસ છે. ઉત્સાહ અને ઉદ્યોગ મારાં ફેફસાં છે. ધીરજ મારું વ્રત છે. આવી હું જગદંબા છું, જગદ્ધાત્રી છું. મારી ઉપાસના કરનાર બીજા કશાનો ઓશિયાળો નહિ રહે. એની સર્વ કામના મારી મારફતે પ્રાપ્ત થઇ શકે એમ છે.'

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર



સમુદ્રકિનારા પરનું મંદિર : મહાબલિપુર

તરત એણે કશો જ ઉદ્દ્ગાર કાઢચો નહિ; માત્ર આવેશથી એકાદ પળ બે હાથમાં માથું મૂકી એ ઊભો રહ્યો, અને પછી બે હાથ જોડી ભાંગ્યાતૂટચા પણ મરદાનગીભર્યા અવાજે બોલ્યો: 'ભલા, પ્રભુએ તારા જેવી ઉમદા બક્ષિશ મને આપી નથી, પણ મારે માટે બીજું કાંઇક એકાદ નાનકડું સારું કાર્ય નિર્માયું હશે. અત્યાર લગી હું બંધ આંખે ફર્યો અને મારાં આટલાં વર્ષ નિરર્થક ગુમાવ્યાં. પણ હવે જર્મનીનો કલાકાર તું જ થજે અને હું...'

'સબુર ફ્રાન્ઝ! એક પળ એમ જ રહે.' આલ્બર્ટે ટેબલ પરથી કાગળ લેતાં કહ્યું.

આલ્બર્ટ એની કૃતિને કદાચ છેવટનો હાથ મારતો હશે એમ ધારી ફ્રાન્ઝ એના જોડેલા હાથ સહિત શાંત ઊભો રહ્યો. આલ્બર્ટે એની પેન્સિલ વડે થોડી લીટીઓ દોરી ને ફ્રાન્ઝને કાગળ બતાવ્યો. ફ્રાન્ઝ બોલી ઊઠચો: 'આ તો મારા જ હાથ!—કેમ કાઢચા ?'

'તું તારું જીવનનું આમ શોચનીય પણ મરદાનગીભર્યું અર્પણ કરતો ઊભો હતો ત્યારે મેં એ લીધા. મને થયું કે આ હાથ ભલે કોઈ ચિત્ર દોરી નહિ શકતા હોય પણ આ પળે એક અદ્દ્ભુત ચિત્રની વસ્તુ તો ચોક્કસ બની ગયા છે. આ જોડેલા હાથમાં. ફ્રાન્ઝ, મને શ્રદ્ધા છે અને ભવિષ્યના દિવસોમાં એ આ દુનિયાનાં સર્વ માનવ હૃદયોને સ્પર્શશે જ.'

અને આલ્બર્ટના આ શબ્દો સાચા હતા. સ્નેહ ને કર્તવ્યની દુનિયામાં આ સાદી વાત હૃદયસ્પર્શી ને અનેકને માર્ગદર્શક થઇ પડી છે. અને કલાકારોના જગતમાં તો એ ચિત્ર મૂલ્યવાન ગણાય છે; કેમકે વર્ષો સુધી સેવેલી અંતરની એકમાત્ર ઉજ્જ્વલ આશાને ત્યજી દેતી વેળાએ પણ, પ્રભુમાં લેશપણ શ્રદ્ધા નહિ ગુમાવનાર ફ્રાન્ઝે જે મધુર પણ મરદાનગીભરી અધીનતામાં એ હાથ જોડેલા એ વિરલ ભાવનાનું એમાં આલેખન છે.


ભારતની પ્રાચીન કલાસમૃદ્ધિમાં એક અગત્યના અંકોડારૂપ ગણાતા મદ્રાસ પાસેના 'મહાબલિપુરમ્'નાં પ્રાચીન મંદિરો, કશા પણ ચણતર વિનાના—માત્ર એકએક આખા કાળમીંઢ પત્થરમાંથી જ સળંગ કોરી કાઢેલાં છે એ તેની સવિશેષ ને અજબ વિશિષ્ટતા છે! શ્રી રત્નમણિરાવ ભીમરાવ જેવા ઇતિહાસજ્ઞના એ અંકમાંના લેખમાંથી તેનો ટૂંકો પરિચય આપવા સાથે અહીં તથા આ અંકની આર્ટપ્લેટમાં એ કલાનાં નવાં સુંદર ચિત્રો પણ આપ્યાં છે.

'હિંદુસ્તાનમાં જેમ પર્વત અને નદીઓની સમીપમાં ઘણાં સુંદર અને પવિત્ર ધામ છે, તેમ આપણા સોરઠી સોમનાથ જેવાં કેટલાંક ધામ સમુદ્રને કિનારે પણ છે. એવું જ સમુદ્રકિનારાનું એક સુંદર સ્થળ મહાબલિપુર છે.


મદ્રાસથી દક્ષિણે દરિયાકિનારે સાઠ માઈલ દૂર મહાબલિપુર આવેલું છે યુરોપિયન લોકો એને 'સાત પેગોડા' Seven Pagodas ને નામે ઓળખે છે. એમ કહેવાય છે કે મહાબલિપુરમાં દરિયાકિનારે હાલ જ્યાં એક મંદિર છે ત્યાં પહેલાં સાત મંદિરો હતાં અને તેનાં શિખરો ઉપર ત્રાંબાનાં પતરાં જડેલાં હતાં. આ શિખરો ઉપર સૂર્યનું તેજ પડવાથી વહાણવટીઓ દૂરથી તે જોઇ શકતા. આ સાત મંદિરોને લીધે ફિરંગીઓએ એ સ્થળનું નામ સાત પેગોડા પાડેલું ને હજી યે પણ પશ્ચિમના લોકો એ જ નામે તેને ઓળખે છે.

મહાબલિપુર પુરાણપ્રસિદ્ધ બલિ રાજાનું શહેર હતું એમ મનાય છે. એમ કહેવાય છે કે બલિનો પુત્ર બાણાસુર મહાબલિપુરનો રાજા હતો. એની પુત્રી ઓખાના, શ્રી કૃષ્ણના પૌત્ર અનિરુદ્ધ સાથેના ગુપ્ત પ્રેમની વાત તો જાણીતી છે. બાણાસુરે અનિરુદ્ધને મહાબલિપુરમાં કેદ કર્યો હતો અને શ્રી કૃષ્ણે જે યુદ્ધ કરેલું અને દેવો જેમાં વચ્ચે પડેલા એ બધું આ મહાબલિપુર આગળ જ બનેલું હતું.

મહાબલિપુરનું ખરું નામ તો મામલ્લપુર અગર મહામલ્લપુર છે, અને શિલાલેખથી એ જ નામ ખરું છે એમ ચોક્કસ થાય છે. પલ્લવ રાજા નરસિંહવર્મા પહેલાનું ઉપનામ મહામલ્લ હતું ને એણે જ મામલ્લપુર અગર મહાબલિપુર વસાવ્યું. પરંતુ પલ્લવ મહારાજ્યની તે રાજધાની થયું હોય એમ જણાતું



'પાંડવોના રથ'ના નામથી ઓળખાતાં આ પ્રાચીન શિવમંદિરો સળંગ આખાં ને આખાં અખંડ પત્થરમાંથી કોતરી કાઢેલાં છે એ તેની વિશિષ્ટતા છે. ડાબી બાજુથી : અનુક્રમે દ્રૌપદીનો, અર્જુનનો, ભીમનો અને યુધિષ્ઠિરનો રથ; જમણે છેડે આગળ : સહદેવ-નકુળનો રથ.



એક કાળમીંઢ ખડકના દીવાલ જેવા પડખા પર કોતરેલા **ગંગાવતરણ**ના આ દૃશ્યમાં એક નાના મંદિરની પાસે ભગીરથ તપ કરે છે અને ચોમેરથી દેવદેવીઓ, કિન્નરયુગલો, સિદ્ધો ને ગંધર્વો ભક્તિભાવપૂર્વક ઊતરી આવતાં દર્શાવ્યાં છે. એ મૂળ શિલ્પ તો આથી બેવડા વિસ્તારનું છે, જેનો આ નાનોસરખો મધ્ય ભાગ છે, અને એમાં દેવો તથા તપસ્વીઓ, ઉપરાંત નાગનાગણીઓ, હાથી, વાંદરાં, હરણ વગેરે પ્રાણીઓની પણ કોતરણી છે. (ફોટો · જગન મહેતા)



કેટલાકના મત પ્રમાણે આ ભાસ્કર્યમાં અર્જુને શિવ પાસેથી પાશુપત અસ્ત્ર મેળવવા માટે કરેલી તપશ્ચર્યા-નું દૃશ્ય છે. એ ગમે તે હો, પણ એના કલાકારોએ ૯૬ ફીટ લાંબા ને ૪૩ ફીટ ઊંચા કાળમીંઢ ખડકની વિશાળ દીવાલ પર જે હિંમતથી ટાંકણું ચલાવીને એમાં વેગ-ભરી રેખાઓ વડે કથાપ્રવાહ વહેવડાવ્યો છે, અને જુદાજુદા દેહવિન્યાસવાળાં દેવો, માનવો ને પ્રાણી-ઓની સ્વાભાવિક છટાઓ ઉતારી છે તે ભારતીય શિલ્પ કલાના ઇતિહાસમાં એક અનન્ય નમૂનારૂપ ગણાય છે. ને તેમાં યે કલામર્મજ્ઞ ડૉ. કુમારસ્વામીના મત પ્રમાણે પ્રાણીઓની આકૃતિઓ તો હિંદમાં બીજે કોઈ સ્થળે આટલી સુંદર નથી. બાજુના ચિત્રમાં તેમાંનાં બે હરણ મોટાં કરીને બતાવેલાં છે. તેમાં ખંજવાળતા હરણની પ્રમાણશુદ્ધ દેહરચના ઉપરાંત એ મૃદુનિર્દોષ પ્રાણીની અદા કેવી ઉતારી છે!



મિથુન (ફોટો · જગન મહેતા) 'અર્જુનનો રથ' નામના મંદિરની એક બહારની દીવાલ પર વચલી તકનીમાં નંદીને અઢેલી ઊભેલા શિવની મૂર્તિ છે. તેને બે પડખેની બે તકનીઓમાં મિથુન (સ્ત્રી પુરુષના યુગલ)નાં બે શિલ્પ છે તેમાંનું એક આ છે. ભારતીય શિલ્પના ઇતિહાસમાં અગત્યનું સ્થાન ધરાવતા મહાબલિપુરના શિલ્પમાં નાની વિગતો જતી કરીને માનવ તથા પ્રાણી-દેહની છટાને આવેગને તેના સ્વાભાવિક રૂપમાં ઉતાર્યાં છે. અડદિયા પત્થરમાંથી કોરેલા આ યુગના ખરબચડા શિલ્પમાં પણ દેહરેખાની સ્વાભાવિકતાનું એ પ્રવાહી સૌંદર્ય ઉતાર્યું છે.

આજે તો આ મહાબલિપુરનો મહિમા એના વિચિત્ર સ્થાપત્યના અવશેષોથી ને સુંદર મૂર્તિવિધાનથી જ છે. એ અવશેષોમાં પણ 'પાંચ પાંડવના રથ' કહેવાતાં મંદિરો, થોડી ગુફાઓ અને 'અર્જુનનું તપ' કહેવાતો કોતરેલો મોટો પત્થર, એટલું જ મુખ્ય છે. હિંદુસ્તાનનાં કેટલાંક સ્થળોના પ્રમાણમાં આ સ્થાપત્ય આકર્ષક નથી, પણ હિંદના સ્થાપત્ય અને કલાના ઇતિહાસમાં શાસ્ત્રીય દૃષ્ટિએ એનું મહત્ત્વ ઘણું છે.

પાંચ પાંડવના રથ (જે ખરી રીતે તો શિવ-મંદિરો છે) એક આખા ટેકરામાંથી કોતરી કાઢેલા છે, ને દરેકના આકાર તથા કદ જુદાં છે. દ્રૌપદીનો રથ બંગાળી ઘાટનો છે ને અર્જુનનો છેક સાદો દ્રાવિડ ઘાટનો છે. ભીમસેનનો રથ વળી જુદી જ જાતનો છે. એનું શિખર નીલગિરિના ટોડાના છાપરા જેવું ગોળ અને લાંબું છે. ધર્મરાજાનો રથ ચાર માળનો છે તે સર્વથી વધારે આકર્ષક છે. તેની ટોચ ઉપર સાધારણ ઘુંમટોથી જુદો પડે તેવો ગોળ બેઠો ઘુંમટ છે. સહદેવ-નકુલના રથ ઉપરના ચાર રથથી સહેજ બાજુમાં બનાવેલો છે. એની આસપાસ સિંહ તથા નંદીની મૂર્તિઓ બેસાડેલી છે તથા એક બાજુ હાથીની મોટી મૂર્તિ છે. એ ત્રણે મૂર્તિઓ શિવ, દુર્ગા અને ઇંદ્રના વાહન રૂપે છે. આ રથ સિવાય થોડે દૂર છુટાછવાયા બીજા ગુફાઓ જેવા મંડપો છે. એમાં મહિષાસુર-મર્દિની, શેષશાયી ને વરાહસ્વામીના મંડપો ઉત્તમ છે.

એક ટેકરીની સીધી દીવાલ ઉપર અનેક મૂર્તિઓ કોતરેલી છે એને 'અર્જુનનું તપ' કહે છે. પણ બીજા એક મત પ્રમાણે એ આખો યે દેખાવ ભગીરથના ગંગાવતરણનો છે અને એ વાત ખરી જણાય છે. એક મોટી ટેકરીની પત્થરની સીધી ભીંત ઉપર માણસ અને જનાવરોની અનેક મૂર્તિઓ કોતરેલી છે. જમણે હાથે બાજુમાં હાથીની મોટી મૂર્તિઓ છે અને વચમાં ઊંચા હાથ કરી ડાબે પગે ઊભેલી તપ કરતી એક મૂર્તિ છે. કેટલાક એને અર્જુન અને કેટલાક ભગીરથ કહે છે. એની સહેજ નીચે ડાબે હાથે દ્રાવીડ ઘાટનું એક નાનું મંદિર કોતરી પાસે આખા કદના એક ઋષિ બેસાડ્યા છે. કલાની દૃષ્ટિએ એ આકૃતિ સંપૂર્ણ ગણાય છે. અને એ પણ ભગીરથની મૂર્તિ કહેવાય છે. આસપાસ હરણ અને વાંદરાંની ઘણી જ સુંદર મૂર્તિઓ છે. નાગનાગણી અને અપ્સરાઓ પણ અહીં કોતરેલી છે. જમણી બાજુ એક તરફ આગલા પગ ઊંચા કરી ઊર્ધ્વબાહુ તપ કરતો હોય એવો એક બિલાડો છે અને તેના પગ આગળ કેટલાક ઉંદર રમતા કર્યા છે. કેટલાક માને છે કે તપોવનના આ દેખાવમાં બિલાડા પણ તપસ્વી જેવા થઈ જતા અને ઉંદર નિર્ભય થઈ પાસે રમતા એ ભાવ બતાવવા એ કોતરેલું છે.

મહાબલિપુરનું સ્થાપત્ય જેવું વ્યક્તિત્વવાળું છે એવું જ વિશિષ્ટ એનું મૂર્તિવિધાન છે. આ મૂર્તિવિધાનમાં પણ પ્રાણીઓની મૂર્તિઓ તો ઘણી જ આબેહૂબ છે. ને અર્જુનના તપમાં ઉંદરથી માંડી હાથી સુધી જે પ્રાણીઓ કોતરેલાં છે તે પ્રાણીના આકારો એ જાતની સર્વોત્કૃષ્ટ પ્રાચીન કૃતિઓમાં ગણી શકાય એવા છે. કલામર્મજ્ઞ ડૉ. કુમારસ્વામીના મત પ્રમાણે હિંદુસ્તાનમાં પ્રાણીની આકૃતિઓ બીજે કોઈ ઠેકાણે આવી સુંદર નથી.'


ટિકિટસંગ્રહ

એ સંસારવ્યાપી શૉખ વિષેની માહિતી આપતો વિભાગ

યૂનોની ટિકિટોની ઈનામી હરીફાઇ

ઇ. ૧૯૫૦માં યૂનો (રાષ્ટ્ર સંઘ) તરફથી ત્રણ પ્રકારની નવી ટિકિટોનાં ડિઝાઇનો માટે એક ઈનામી હરીફાઇ જાહેર કરવામાં આવી હતી, જેમાં દરેક વિભાગ માટે પહેલું ૧૦૦૦ અને બીજું ૫૦૦ ડૉલરનું એમ બે ઈનામો હતાં: વિભાગ (૧) સામાન્ય, (૨) માનવ હક્ક ને (૩) કોઈ વિષયને લગતી ટિકિટો. એમાં વિજેતા નીવડેલાં ડિઝાઇનો આ સાથે આપ્યાં છે. તેમાં વિભાગ (૧)માં પહેલું ઇનામ ઈઝરાએલના વિલી વિન્ડને યૂનોની ૧૫ સેન્ટની ટિકિટ માટે મળ્યું છે, જે પર પૃથ્વીના ગોળાને રક્ષી રહેલી શાન્તિની પાંખ ઉપર યૂનોનું પ્રતીક ચીતરેલું છે. બીજું ઈનામ નૉર્વેના યોહાન્સ હોકલૅન્ડને ૧૦ સેન્ટની ટિકિટના ડિઝાઈન માટે મળ્યું છે, જે પર સહકારમાં એકબીજાનાં કાંડાં પકડી રહેલી મહાપ્રજાઓના હાથ વડે યોજાએલા પંચકોણ સાથે શાંતિસૂચક ઑલિવ વૃક્ષની ડાળીઓની શોભનગૂંથણી છે. વિભાગ (૨) માં માનવ હક્ક વિષયનું પહેલું ઇનામ ન્યૂ ઝીલૅન્ડના મિ. લીઓનાર્ડ મિચેલને ૫ સેન્ટની ટિકિટ માટે મળ્યું છે, જે પર યૂનોના પ્રકાશમાન પ્રતીકના રક્ષણમાં બાળકને છાતીએ વળગાડીને ઊભેલી માતાનું ચિત્ર છે, ને નીચે પાંચ ભાષાઓમાં 'માનવ હક્ક' લખાણ છે. એનું બીજું ઇનામ ૧૦ સેન્ટની ટિકિટ માટે ઇઝરાએલના સ્ટીવન પી. ઈર-શાયને મળ્યું છે, જેમાં યૂનોના મકાનની છાયામાં 'માનવ હક્ક'ની ફરસબંધી પર માનવી ઊભેલો છે. વિભાગ (૩)માં પહેલું ઈનામ યૂનોના ખેતીવાડી વિભાગ F A O માટેની ઘઉંનું ડૂંડું ધરાવતી ૧૫ સેન્ટની ટિકિટ માટે હૉલૅન્ડના ડર્ક ગેલ્ડરને મળ્યું છે, ને બીજું ઈનામ ઇંગ્લંડના હ્યૂબર્ટ વૉઈટી-વિમ્મરને વિશ્વટપાલસંઘની ૧ સેન્ટની ટિકિટના ડિઝાઇન માટે મળ્યું છે, જે પર જગતનકશાને આવરીને પડેલા મોટા પરબીડિયાની પાછલી બાજુએ યૂનોનું પ્રતીક સીલ તરીકે ચોડેલું છે. એ ટિકિટ આ માસ ની ૧૨મી તારીખે બે કિંમતમાં (૧ સેન્ટની કાળી ને ૫ સેન્ટની બ્લુ રંગમાં) બહાર પડશે. બધી ટિકિટોના ચોમેરની ચારે કિનારો પર ચાર ભાષાઓમાં 'યુનાઇટેડ નેશન્સ' એવા અક્ષર છે.

આ ઉપરાંત યૂનો તરફથી આ વર્ષમાં બીજી ચાર પ્રકારની ટિકિટો અને એક ટિકિટ-છાપવાળું પરબીડિયું બહાર પડનાર છે. તે પૈકી 'રેફ્યૂજી' (નિર્વાસિત)ના સ્મરણની ટિકિટનું આલેખન આ સાથે આપ્યું છે. હવે સપ્ટેમ્બરમાં બે કદનાં ટિકિટછાપ ઉપસાવેલાં પરબીડિયાં, ૨૪મી ઑક્ટોબરે ઉપર્યુક્ત યુનાઇટેડ નેશન્સ ડે (રાષ્ટ્રસંઘ દિન) નિમિત્તની ટિકિટ, ને ૧૦મી ડિસેમ્બરે 'માનવહક્કદિન'ના સ્મરણની ટિકિટ નીકળશે.



નિર્વાસિતોનું સ્મરણ આપતી યૂનોની ટિકિટ

આ માસ (જૂન)ની બીજી તારીખે રાણી ઈલીઝાબેથના રાજ્યારોહણ નિમિત્તે ઇંગ્લંડે કાઢેલાં 'ફર્સ્ટ ડે-કવર' ઉપરનું ચિત્ર આ સામે છાપ્યું છે, જે પર, વચ્ચે રાણીના ચિત્રને ચારે ખૂણે અનુક્રમે તેના પતિ ડ્યૂક ઑવ એડિનબરો, ઘોડેસવાર રાણી, બાળકો સાથે રાણી અને હસતી રાણીનાં ચિત્રો છે; ઉપર તાજ અને નીચે રાણીના શાહી નામાક્ષરો E II R (ઇલીઝાબેથ રેજીના બીજી) છે.




સમસ્ત ભારતની દૃષ્ટિએ સૌ પહેલી ટપાલની ટિકિટ હિંદમાં ઈ. ૧૮૫૪ના ઑક્ટોબર માસમાં બહાર પાડવામાં આવી હતી. તેની પ્રથમ શતાબ્દી આવતા વર્ષમાં આવે છે તે પ્રસંગે નવી ટિકિટો બહાર પાડવાનું વિચારાતું હોવાનું જાણવામાં આવ્યું છે.





સંયુક્ત રાષ્ટ્રસંઘ-યૂનો-માટેની ત્રણ પ્રકારની ટિકિટોની ઈનામી હરીફાઈમાં વિજેતા નીવડેલાં પહેલા તથા બીજા નંબરનાં ડિઝાઇનો

આજ સુધી અણનમ રહેલું હિમાલયનું સર્વોચ્ચ શિખર (૨૯૦૦૨ ફૂટ) એવરેસ્ટ જે પર અંતે ૨૯મી મે '૫૩ અને શુક્રવારે માનવીએ પોતાનો વિજયધ્વજ રોપ્યો.



આખરે એવરેસ્ટનો પરાજય

દસ દસ આક્રમણો છતાં દુર્જય રહેલો હિમાલયનો શિખરમણિ એવરેસ્ટ છેવટે અગિયારમા આક્રમણે પરાસ્ત થયો છે અને યુગોનું આયખું ધરાવતા એ ભવ્યભાષણ



એવરેસ્ટનો પ્રથમ હિંદી આરોહક
શેરપા તેનસિંહ

નગાધિરાજના શીર્ષે ક્ષણભંગુર માનવીનાં પહેલી જ વાર ચરણ ચંપાયાં છે. દિશાના ગજથી ગાપતાં માનવી ભલે ક્ષણભંગુર હોય, ભલે વામન હોય; પરંતુ કાળના ગજે વિરાટ છે, ખુદ કાળના જેટલો શાશ્વત છે. સાડાત્રણ હાથની તેની કાયામાં વિરાટનું સ્પંદન અનુભવતા માનવીએ અતાગને તાગવાને અસાધ્યિતને સાધવાને, અકળને કળવાને અને અશક્યને શક્ય બનાવવાને તેના શિશુકાળથી કેડ કસેલી છે. તેના શૈશવકાલથી માંડીને આજ સુધીની તેની સિદ્ધિઓ અનેક છે. બ્રહ્માંડનો કોઇ ખૂણો અગોચર ન રહેવા દેવો એ તેની અચૂક નેમ છે. અલબત્ત, ભૌતિક નજરે એ આ પૃથ્વીથી બંધાએલો છે, એટલે બ્રહ્માંડનો તાગ એનાથી સદેહે મેળવી શકાય તેમ નથી. એ માટે એણે વિજ્ઞાનની સહાય લીધી છે. પરંતુ પોતે જે પર વસે છે એ પૃથ્વીનો તો કોઈ ભાગ એ અપરિચિત કે અણખૂંદ્યો રહેવા દેવા તૈયાર નથી. પૃથ્વીના બંને ધ્રુવોથી માંડી સઘળા રેખાંશ અને વિષુવવૃત્તથી માંડી સઘળા અક્ષાંશને તે ખૂંદી વળ્યો છે. જાન હથેલીમાં લઈને વિકરાળ વસ્તુસ્થિતિનો તેણે સામનો કર્યો છે. એ જ જાનફેસાની અને છેલ્લા સવાત્રણ દાયકાથી હિમાલયના સર્વોચ્ચ શિખર એવરેસ્ટના આરોહણ માટે પ્રેરી રહી હતી અને અનેક નિષ્ફળતાઓ તથા શહાદતો પછી છેવટે તે એ ઉન્નતશીર્ષ શિખરને નમાવવામાં સફળ થયો છે. ઇ. સ. ૧૯૩૩માં રટલેજના નેતૃત્વ નીચેના આરોહણ સુધીની માનવીના એ મહાન સાહસની રંગરોમાંચભરી વિક્રમકથા 'કુમાર'ના દસમા વર્ષમાં ગુજરાતી વાચકો સમક્ષ પહેલવહેલી રજૂ થએલી. એ પછીનાં એવરેસ્ટનાં જ નહિ પણ નંદાદેવી, કમઠાચળ, વગેરેનાં આરોહણોની કથા પણ 'કુમાર'માં અપાઇ ચૂકી છે.

હિંદને માટે અનન્ય ગૌરવની હકીકત એ છે કે એવરેસ્ટના ગિરિશૃંગ પર સૌ પ્રથમ પહોંચનાર માનવી એક હિંદી જ છે, અને તે શેરપા તેનસિંગ. અત્યાર સુધીનાં એવરેસ્ટનાં આરોહણોમાં અનિવાર્ય બની રહેલા શેરપા તેનસિંગ ગયા વરસે સ્વીસ આરોહક ટુકડીની સાથે રહીને કોઈ માનવી ત્યાર સુધીમાં નહોતો પહોંચેલો એટલી ઊંચાઈએ પહોંચી ગએલો. એના આ વિક્રમને સ્વીસ ટુકડીના નેતા શેવાલીએ ભાવભરી અંજલિ આપેલી છે. એ વખતે જ તેનસિંગને શ્રદ્ધા હતી કે પોતે એવરેસ્ટની (જુઓ પૃ. ૨૨૭મે)

અપ્રકટ ટેલિફોનો



પ્રબોધ જોષી

એ   તા. ૨૭-૯-૫૨; સમય: સાંજના ૪ને.

એલાવ...કોણ આર્ટિસ્ટ 'પુટ્ટી' કે?...હં, એલાવ. હું અહીં તંત્રી બોલું છું. હા જુઓ, બીજી ઑક્ટોબરે અમે ચાર પાનાંની મહાત્મા ગાંધીજીની પૂર્તિ બહાર પાડીએ છીએ...હા. હા, નક્કી જ છે...તો તમે જલદી ગાંધીજીનો એક સ્કેચ ચીતરીને મોકલી આપો...લીનો-કટ?...શું?...વૂડકટ? અરે ભાઈ, ગમે તે મોકલી આપજોને...હેં? હા, હા, જલદીસ્તો. પછી પાછો બ્લૉક...હેં? હા...ના ના, બીજીનો અંક પહેલીએ તૈયાર થશે. સાહેબજી...જરૂર, જરૂર...'

તા. ૨૯-૯-૫૨; સમય: બપોરના ૨-૩૦.

'એલાવ...ઑર્ડિનરી બ્લૉકમેકર્સ કે? જરા મિ. પટેલને બોલાવો તો...હા જી...(ધરરરરરરરરરર...) હા, એલાવ, હું અહીં તંત્રી બોલું છું એલાવ, મેં અહીંથી માણસ જોડે એક સ્કેચ મોકલ્યો છે તેનો બ્લૉક જલદી બનાવીને મોકલી આપજો...હેં? હા. ગાંધી પૂર્તિમાં લેવાનો છે...શું? ના, ભાઇ ના; મોટો ગોટાળો થયો છે. કહ્યો'તો ગાંધીજીનો ચીતરવાનો, અને એણે મોકલ્યો છે પણ ગાંધીજીનો લખીને, પણ મને લાગે છે કે તેણે વલ્લભભાઇનો ચીતર્યો છે. ઠીક છે કે ચશ્માં ચીતર્યાં છે, એટલે 'વલ્લભભાઈ બંધારણ ઉપર સહી કરતા' કે એવા કૅપ્શન સાથે કે 'ગાંધીજીની પૂંજી' કે એવું કંઇક મૂકીશું...હા જી...જોજો હોં! કાલે સવારે મળવો જ જોઇએ...હા જી...'

તા. ૩૦-૯-૫૨; સમય: બપોરના ૧-૩૦.

'એલાવ...તંત્રી સાહેબ? હું ઑર્ડિનરી બ્લૉક મેકર્સમાંથી પટેલ ...એલાવ, મેં બ્લૉક માણસ સાથે મોકલ્યો છે...ના ના, રસ્તામાં જ હશે; તમને તરત મળી જશે. પણ એલાવ, મેં બ્લૉકની પ્રુફ કાઢી તો તે વલ્લભભાઇનો નહિ પણ રાજાજીનો લાગે છે...હા, ચશ્માં કાળાં નથી કર્યાં એ જ ભૂલ છે...એલાવ, નીચે લખજોને કે ગાંધી-યુગની છેલ્લી વિભૂતિ! અરે, રાજાજીનો કોઇ લેખ છાપજો...હાજી, આજના ચિત્રકારો જરા કમર્શિયલ થઈ ગયા છે. સાહેબજી. બિલ જરા જલદી હોં કે? સાહેબજી...'

તા. ૩૦-૯-૫૨; સમય: સાંજના ૪.

'એલાવ, કંપોઝ ખાતું કે? કોણ ફોરમૅન ચીમનલાલ? હાં, જુઓ, હું એક બ્લૉક મોકલું છું. હેં? હું? ..હું તંત્રી. શાનો બ્લૉક? જુઓ, બ્લૉકમેકર કહે છે કે એ રાજાજીનો છે, પણ બ્લૉકની પ્રુફ જોતાં તે પટ્ટાભી સીતારામૈયાનો લાગે છે...હેં? હા, વૂડકટ જેવું કંઈ કહે છે. એ તો જે હશે તે. નીચે લખજોને કે ગાંધીજીના આદર્શ મુજબ જીવનાર યોદ્ધા...હેં? હા પહેલે જ પાને...ના ના, પૂર્તિના પહેલા પાને...'

તા. ૩૦-૯-૫૨; સમય: સાંજના ૭.

'એલાવ, કંપોઝ ખાતું? કોઈ આવ્યું? રાતમાં કોણ છે? જીવણ-લાલ? બોલાવો. (કટ...કટ્ કટાક!) એલાવ, કોણ જીવણલાલ? જુઓ ત્યાં મારા ટેબલ ઉપર બ્લૉક છે. હા, હા. તંત્રી કહે છે કે એ પટ્ટાભીનો છે, પણ મને તો પ્રુફ જોતાં એન. ગોપાલસ્વામી આયંગરનો લાગે છે. શું? કૅપ્શન? અરે ભાઇ કંપોઝ કરાવજોને એક લાઇન કે 'ગાંધીજીની અસરમાં પલટાએલા બ્રિટિશ અમલના ધુરંધર અમલદાર.' હા... જોજો ભૂલ ન થાય...'

તા. ૧-૧૦-૫૨; સમય: સવારના ૯.

'એલાવ, પ્રુફ-રીડિંગ ખાતામાં આપો તો. એલાવ, કોણ રમણ-ભાઈ? જુઓ સવારે એક બ્લૉક કંપોઝ સાથે પ્રુફ માટે મૂક્યો છે. ચીમનલાલે કહ્યું હતું કે તે ગોપાલસ્વામી આયંગરનો છે, પણ મને એ કિશોરલાલ મશરૂવાળાનો લાગે છે; તો તમે સુધારીને જે આવે તેને આપજો અને નીચે લખજો કે 'બાપુના એક વધુ સાથી ખર્યા.' હેં? હું? હું જીવણલાલ. તમે ય છેલ્લે પૂછો છોને! જોજો પ્રુફમાં ભૂલ ન રહે.'

તા. ૧-૧૦-૫૨; સમય: સવારના ૧૧.

'એલાવ, ચીમનલાલ કે? હું રમણલાલ. જીવણલાલનો ટેલિફોન હતો કે આ બ્લૉક તમારા મત મુજબ પટ્ટાભીનો નહિ પણ આયંગરનો છે; પણ તેમના મત મુજબ કિશોરલાલનો છે. પરંતુ મને તો લાગે છે કે એ શંકરરાવ દેવનો છે; એટલે એ મુજબ લાઇન મૂકી છે. પેજ પાડી દેજો, નહિ તો મોડું થશે...'

તા. ૨-૧૦-૫૨; સમય: સવારના ૧૧.

'એલાવ,...દૈનિક પત્ર કે? હું એક વાચક છું. તમારા છાપામાં આજે મુન્શીના સ્કેચ નીચે શંકરરાવ દેવ કેમ મુકાયું છે?'

તા. ૨-૧૦-૫૨; સમય: બપોરના ૧૨.

'એલાવ, તંત્રીસાહેબ છે કે? હું એક વાચક છું. આજની પૂર્તિમાં નરહરિભાઇના સ્કેચ નીચે શંકરરાવ દેવ કેમ છપાયું છે?'

તા. ૨-૧૦-૫૨; સમય: બપોરના ૧.

'એલાવ, તંત્રી છે કે? તેમને કહો કે આજે સવારે પૂર્તિના પહેલા પાને શો બફાટ કર્યો છે? અસફઅલીના સ્કેચ નીચે શંકરરાવ દેવ કેમ લખ્યું છે?'

તા. ૨-૧૦-૫૨; સમય: સાંજના ૪ને.

''એલાવ, આર્ટિસ્ટ 'પુટ્ટી' કે? હું તંત્રી. હું એમ કહેતો હતો કે અમે આવતા રવિવારથી 'શોધી કાઢો' નામની હરીફાઈ શરૂ કરીએ છીએ. તેમાં તમારો ચીતરેલો સ્કેચ મૂકવાનો છે. તમે કાલથી અમારા પ્રેસમાં જોડાઈ જાઓ. માગશો તે પગાર મંજૂર છે. હા ગમે તે ટાઈમ; ટાઈમનું બંધન નથી. માત્ર ગાંધીજીનો સ્કેચ ચીતર્યો તેવો ચીતરવાનો! બસ, જરૂર...કહ્યુંને કે પગાર ગમે તે આપીશું......'

ચિત્રકાર: (વડીલ મિત્રને) આ પેલો કલાવિવેચક તો તદ્દન નાલાયક છે. તેણે મારાં નવાં ચિત્રોના વિવેચનમાં મારાં ચિત્રો બિલ-કુલ દમ વગરનાં છે તેમ લખ્યું છે.

મિત્ર: તું તેની ચિંતા ના કર; તેનામાં આવડત જ નથી. એ તો પોપટ જેવો છે. જે બધા લોકો કહે છે તે જ તે કહે છે. આ કંઈ તેનો પોતાનો અભિપ્રાય નથી; આ તો લોકોનો છે.

'??'   '!!'



અન્યાય   (કાર્ટૂન: રંગલો)

અવનીન્દ્રનાથની આત્મકથા
જોડાસાંકોર ધારે-૧૭


બાનો હાથ
કલાકારનું ધ્યાન

શ્રીમતી રાણીચંદને લખાવેલાં સંસ્મરણોના મૂળ બંગાળી ગ્રંથ ઉપરથી • અનુવાદક
રમણિક મેઘાણી

ધ્યાન-ધારણા કે પૂજા-અર્ચના મેં કદી કર્યાં નથી. પણ ભાભીને જોતો: મસૂરીમાં પહાડ ઉપરના બંગલામાં ખડખડિયાં બંધ કરી બેઠાં હોય, શાક-ચટણી કરાવતાં હોય અને બેઠાંબેઠાં માળા ફેરવ્યા કરતાં હોય; અને રસ્તા પરથી કોઈ ઓળખીતાને જતાં જુએ તો તેને બોલાવી ખબરઅંતર પણ પૂછે. હું તો સવારે ઊઠતાં જ ફરવા નીકળી પડું. ઘણી યે વાર એ મને રોષથી કહે કે 'નિરાંતે બેસીને ભગવાનનું નામ તો લો થોડુંક! પણ એ કોને ગમે? ક્યાં ફરવા નીકળી ગયા હતા આ સવારના પહોરમાં?' હું હસીને ઉત્તર આપતો કે 'અરે ભાભી, પેલી તરફ કેટકેટલી મઝાની વસ્તુઓ છે જોવાલાયક એ જોઈ આવ્યો. કેવાં સુન્દર પક્ષીઓ; એ બાજુએ બેઠાં હતાં! ઘેર બેસીને ભગવાનનું નામ લેત તો ઓછું એ બધું જોવા મળત?' અને એ માળા ફેરવતાંફેરવતાં જરા વધુ રોષ ઉતારતાં.

ધ્યાનધારણા શાથી ન કરતો એ જાણો છો? એક વાર શું થએલું એ કહું. હવે હું દાક્તરોને મારું લિવર બતાવતો નથી. કહું છું કે 'લિવર મારું બરાબર છે, તમારે બીજું જે કરવું હોય તે કરો, પણ મારા લિવરને હવે અડશો નહિ.' પણ એ સમયે બીજે ક્યાંયે કંઈ જ તકલીફ નહોતી, ઓચિંતાની કાળજામાં જ પીડા ઊપડેલી. ભયંકર હતી એ પીડા. કાળજાથી માંડીને છાતી સુધી શૂળા ભોંકાતાં હોય તેવું અસહ્ય દર્દ થતું હતું. અને એ અસહ્ય દર્દમાં તરફડતો તરફડતો આખરે હું બેભાન થઇ ગએલો. ત્રણચાર દાક્તરોએ આવી ઉપચારો કર્યાં. સવારે સારું રહે, પણ સાંજે પાછો દુખાવો ઊપડે. અને દુખાવો ઊપડવાની બીકમાં જ હું ભાંગી પડું. સાંજ નમવાની સાથોસાથ થાય કે બસ હમણાં દુખાવો શરૂ થશે. જાણે સ્ટેશનમાં આવતી ગાડીએ દૂરથી જ વ્હિસલ આપી. એક દિવસ તો સવારથી જ પીડા ઊપડી. વેદનાથી હું અતિશય ઢીલો બની ગયો. નાના બાળકની જેમ ચીસો પાડવા લાગ્યો કે 'બસ, હવે હું મરી જઈશ. મરી જાઉં છું.' કરુણા, નેલી વગેરે આવ્યાં ને મને વળગી પડ્યાં. હવે વધુ વખત નથી એમ જ લાગતું હતું. દાક્તરો આવ્યા. ત્રણત્રણ ઈન્જેક્શનો મોર્ફિયાનાં આપ્યાં: એક સવારે, એક બપોરે ને એક રાતે દસ વાગે. મેં દાક્તરોને આજીજી કરી કહ્યું કે બીજું ભલે ગમે તે થતું, પણ એક વાર મને ઊંઘ આવી જાય એવું કંઇક કરો. દાક્તરો પણ બિચારા વિચારીવિચારીને થાક્યા. એક દિવસમાં ત્રણત્રણ મોર્ફિયા-ઈન્જેક્શનો! એમણે કહ્યું કે જે બે ડોઝ મોર્ફિયાના અપાયા છે એમાં તો ભલભલા હાથીને ય ઊંઘ આવી જાય! ખેર, ત્રીજો—એક વધુ ડોઝ તેમણે આપ્યો, ને કહ્યું કે હવે જે થવાનું હોય તે આ છેલ્લા ડોઝથી જ થવું જોઇએ—વધુ કંઈ ન કરી શકાય. અને આટલું કહી તેમણે તે રાત પૂરતી વિદાય લીધી. અને મારા ઓરડામાંથી મેં પણ એકેએક વ્યક્તિને વિદાય આપી કે તમે બધાં જ આ ઓરડો છોડીને ચાલ્યાં જાઓ. આજે મારે એકદમ એકાકી જ રહેવું છે. રાત પણ ઘણી વીતી હતી. છેલ્લા કેટલાક દિવસના ઉજાગરા અને ચિન્તાને કારણે સહુ પોતપોતાના ઓરડામાં જતાં જ ઊંઘમાં પડી ગયાં. આખું યે મકાન નિઃસ્તબ્ધ હતું. હું ઉઘાડી આંખે પથારીમાં પડ્યોપડ્યો ઊંઘની રાહમાં જાગતો પડ્યો હતો. ઊંઘ જ ન આવે, પછી બીજું કરું યે શું? રહીરહીને જોતો હતો. મોર્ફિયાની અસર ધીરેધીરે થતી હોય એમ લાગતું હતું. જોઉં છું તો મારી ચારે બાજુની મચ્છરદાની જાણે ધ્રૂજતીધ્રૂજતી સરી ગઇ છે, અને ભીંતના હાલ પણ એવા જ છે! ચૂલા ઉપર ગરમ હવા જેમ કંપતી લાગે છે અને બપોરની વેળાએ મેદાનમાં પણ એવું જે દૃશ્ય દેખાય છે, એ મરીચિકા-ઝાંઝવાં જેવું થયું. ચારે બાજુની ભીંત નજર સામે હાલતી જણાઈ! મનમાં થયું કે ઈચ્છું તો આમાંથી પાર નીકળી જાઉં. આવી રીતે જ પરોઢ થયું. હજી હું જોઈ જ રહ્યો છું, ત્યાં ઓચિંતાનો એક હાથ—મારી બાનો હાથ મચ્છરદાની ઉપરથી નીચે આવ્યો. એ હાથને જોતાં જ હું ઓળખી ગયો. જડ થઇને હું પડ્યો રહ્યો. જાણે બા કહી રહી છે: 'ક્યાં દુ:ખે છે બેટા? અહીં? અહીં ને?' અને એ હાથ ટક કરતોક બરાબર જ્યાં પીડા થતી હતી ત્યાં સ્પર્શ્યો. આખું શરીર જાણે ચોંકી ઊઠ્યું! ચારે બાજુ ધારીધારીને જોયું. પણ ક્યાંય કોઈ નહોતું. અને મારું દર્દ? મારી પીડા? પથારીમાં પડખું ફેરવી, બેઠા થઈ, આમતેમ ફરીને જોયું, પણ મારી પીડા—મારું દર્દ પણ જાણે ચાલ્યું ગયું હતું! હજી હમણાં તો જડ જેવો પડ્યો હતો—જરા યે હાલવાચાલવાની પણ શક્તિ નહોતી થોડીવાર પહેલાં, તે હું હવે બિછાનામાં મારી મેળે બેઠો થયો! શું કહું? હું મનોમન અવાક જ થઈ ગયો.

પથારીમાંથી બેઠો થઈ ધીરેધીરે બહાર આવ્યો. જોઉં તો એકદમ સાજો-સારો માણસ! માંદગીનું નામનિશાન પણ નથી. બારણા પાસે નોકર સૂતો હતો. એ ઝટપટ ઊઠીને મારી પાસે આવ્યો. મેં એને કહ્યું કે 'કોઇને બોલાવવાની જરૂર નથી. ચૂપચાપ એક ગ્લાસ ઠંડું પાણી લઈ આવ.' એણે ઠંડું પાણી લાવી દીધું. મેં બરાબર મોંમાથું ધોઈ, તાજા થઈ એને કહ્યું, 'જા, હવે મારે માટે એક કપ સરસ ચા અને બે ટોસ્ટ સરખીરીતે માખણ ચોપડીને તૈયાર કરી લાવ. બહારના વરંડામાં હું ચિત્રો દોરું છું ત્યાં આપી જા. અને જો, હોકો પણ જરા સરખીરીતે ભરતો આવજે.' નોકર એ બધું આપી ગયો. ગરમાગરમ ચા-ટોસ્ટનો નાસ્તો પતાવી, હોકાની નળી મોંમાં લઈ હું આરામથી હોકો ગડગડાવવા લાગ્યો. ત્યારે સવારના પાંચ વાગ્યા હતા. મોટા ભાઈ ઉપરને દાદરેથી મને વરંડામાં આવીને બેઠેલો જોતાં અવાક થઇ ગયા! કહે 'આ શું? તું અહીં બહાર આવીને બેઠો છે?' મેં કહ્યું: 'હવે સારું થઈ ગયું, મોટાભાઈ.' નેલી, કરુણા, અલકની બા એ સૌએ ઊઠીને બિછાનામાં દરદીને ન જોયો એટલે ચારેબાજુ હો-હા ને દોડાદોડ કરી મૂકેલી. વરંડામાં આવતાં એ સૌ સામટાં પૂછવા લાગ્યાં કે 'તમે ક્યારે ઊઠીને બહાર આવ્યા એની જરા યે ખબર ન પડી!' મેં કહ્યું કે 'ખબર કેમ પડે? હું તો હવે એકદમ સાજો-તાજો-માજો બની ગયો છું; હવે તમારે જરા યે ચિંતા કરવાની નથી! આમ કહું છું ત્યાં તો મહેન્દ્રબાબુ દાક્તર પણ આવી પહોંચ્યા. મને વરંડામાં લહેરથી બેઠેલો જોઈ એ ચમકી ગયા. મેં એમને કહ્યું: 'હવે તમારી જરૂર નથી.' એમણે હસીને ઉત્તર આપ્યો કે 'સારું', સારું; સાજા થઈ ગયા ને? ખાવા-પીવામાં શું કર્યું? હવે સાજા માણસ-



પગથિયાં પર ઊભેલા : આગળ અવનીન્દ્રનાથ અને પાછળ તેમના મોટા ભાઈ ગગનેન્દ્રનાથ

આ આત્મકથાના મોટા ભાગમાં જેનો ઉલ્લેખ આવે છે તે ટાગોર કુટુંબની 'જોડાસાંકો'ની હવેલી

ની જેમ હરોફરો. જુઓ, કઇ રીતે તમારા દરદને અમે ભગાડી મૂક્યું છે?' મહેન્દ્રબાબુ હતા ત્યાં જ દાક્તર આકનનાં પગલાં દાદર પર સંભળાયાં. એમણે મને કુશળ-અંતર પૂછતાં જ એમનો હાથ ઝાલી હૅન્ડશેક કરતાં મેં કહ્યું, 'ગુડ બાઈ, દાક્તર. હવે તમારી જરૂર નથી, જઈ શકો છો નિરાંતે!' અને દાક્તર હસતાહસતા ચાલ્યા ગયા.

દાક્તરો ચાલ્યા જતાં મનમાં સહેજ ખટકો થયો. દાક્તરોને 'હવે જરૂર નથી' કહી વળાવી તો દીધા; પણ કોણ જાણે ફરી પાછું દરદ સાંજે ઊપડશે તો? અને મનમાં કંઇકંઇ થવા લાગ્યું. એ જ વખતે હોમિયોપૅથિક દાક્તર અમરનાથ મારા ખબર પૂછવા આવ્યા. એમને કહ્યું કે થોડીક દવા આપતા જજો—રાખી મૂકીશ, દરદ ઊપડશે તો લઈ લઈશ. એમણે કહ્યું: 'ભલે, હમણાં જ મોકલી આપું છું.' એમના ગયા પછી આવ્યા વૃદ્ધ દાક્તર ડી. એન. રાય. માની તબિયત માટે એ અવારનવાર આવતા, એ મને જોવા આવ્યા હતા. ચારેબાજુ મારી માંદગીના ખબર પ્રસરી ગયા હતા કે આજની રાત કાઢશે કે કેમ એ જ શંકા છે. વૃદ્ધ દાક્તરે આવતાં જ કહ્યું 'લીવરનું દરદ ઊપડે એમાં કંઇ નવાઈ છે? આ ઉમરે આટલાં બધાં પુસ્તકો લખે છે તે!' મેં કહ્યું, 'આટલાં બધાં પુસ્તકો વળી ક્યાં લખ્યાં છે મેં?' તો કહે કે 'હું જાણું છું ને? ઘેર છોકરીઓ થોડા દિવસ પહેલાં જ વાંચતી હતી તે મેં જોયું છે.' મેં કહ્યું: 'એ તો ફક્ત બે જ ચોપડી હતી—શકુન્તલા અને ક્ષીરેર પુતુલ.' દાક્તર કહે 'ભલેને એ બે જ, પણ બે યે શું ઓછી છે? આ ઉમરે બબ્બે પુસ્તકો લખ્યાં, આટઆટલાં ચિત્રો ચીતર્યાં, પછી તારું લીવર ન પાકે તો પાકે કોનું?' આટલી ઉમરમાં બાળકો માટે બે ચોપડીઓ લખી એમાં તો 'આટલાં બધાં' પુસ્તકો લખ્યાંની વાત બની ગઈ! દાક્તરની વાત સાંભળીને હું તો હસીહસીને બેવડ વળી ગયો.

જવા દો, એ વેળા તો બચી ગયો. દાક્તર ડી. એન. રાય પણ મને ઘણી હિંમત આપી હોમિયોપૅથિક દવા આપી ગએલા. પણ એ દરદ, એ પીડા તો સમૂળી જ ગઇ હતી. અગાઉ દર વખતે દરદ શમ્યા છતાં યે તેની થોડી અસર રહી જતી, પણ આ વખતે તો ખબર જ નહોતી પડતી કે આટઆટલું દરદ હજી થોડા જ કલાક પહેલાં મેં વેઠ્યું હશે. બે દિવસ પછી તો હું પહેલાંની જેમ જ હરવા ફરવા લાગ્યો. પણ આ વખતે સાજા થયા પછી એક વાર મનમાં થયું કે આટલી ઉમરમાં કોઇ દિવસ સરખી રીતે ભગવાનને યાદ નથી કર્યા. આ વખતે તો લગભગ રામરામ જ હતા! આવતા ભવની ચિંતા તો કદી મનમાં જાગી જ નથી, પેલે પાર જઇને જવાબ શું આપત? એ વિચાર મનમાં ઘોળાવા લાગ્યો. અલકની બાને જઇને કહ્યું 'જો, લાકડાની એક પાટ બીજા માળની અગાશી પર મુકાવજો. કાલથી હું રોજ નિયમિતપણે ત્યાં એકાન્તમાં બેસી ભગવાનનું સ્મરણ કરવાનો છું.

વળતી સવારે ઉપર અગાશીમાં ગયો. ત્યારે હજી ચારે બાજુ અજવાળું થયું નહોતું. પાટ ઉપર પૂર્વાભિમુખ થઈ બેઠો અને આંખો મીચી ભગવાનને સાદ દેવા લાગ્યો. પણ કઇ રીતે સાદ પાડું? કઈ રીતે, કયા શબ્દોમાં એને યાદ કરું એ સમજાતું નહોતું. મનોમન ભગવાનનું એક સ્વરૂપ કલ્પીને બોલવા લાગ્યો: 'આજ લગી તને ચિંતવ્યો નથી. મેં ભૂલ કરી એ ભારી. માફ કરો મને, ઓ હે દયામય, માફ કરો આ વારે.' આવી બાલિશતા કરતો. હું મથતો હતો હૃદયમાં ખરો ભાવ જગાડી આંખમાં બે ટીપાં આણવા. એવે વખતે મનમાં

થયું,—જાણે કાન પાસે કોઈ કહી રહ્યું છે કે 'આંખ મીંચીને જોઈ શું રહ્યો છે? ઉઘાડી આંખે જો.' અને ચમકીને આંખ ઉઘાડી સામે જોઉં છું તો આકાશ લાલમલાલ બની ગયું છે—સૂર્યોદય થઈ રહ્યો છે! શી મઝા હતી એ રંગોની! મનમાં થયું જાણે સરજનહારના દેહની જ્યોતિમાંથી સૂર્યદેવ ઊગી રહ્યા છે! સરજનહારની આ પ્રભાને ઉઘાડી આંખે જોવાને બદલે હું આંખો બંધ કરીને જોવા મથતો હતો! તે દિવસ સમજાયું કે મીંચેલી આંખે તેને જોવાની મારી ઈચ્છા ખોટી હતી. હું કલાકાર છું: આંખો ઉઘાડી રાખી એને જિંદગી આખી નિહાળતો રહીશ.

બારીન્દ્ર ઘોષને પણ મેં આ જ વાત કહી હતી. એક દિવસ એ આવ્યો મારી પાસે: કહે કે તમારી પાસે ચિત્રકામ શીખવું છે. મેં કહ્યું, 'ભલે શીખજે; પણ કંઈ ચીતર્યું છે? ચીતર્યું હોય તો તે બતાવ જોઉં.' અને એણે 'દુર્ગા'નું એક ચિત્ર બતાવ્યું ને કહ્યું કે 'આ ચીતર્યું છે.' દુર્ગાનાં બીજાં ચિત્રો જેવું જ એ ચિત્ર હતું. મેં પૂછ્યું 'આ કઈ રીતે ચીતર્યું?' એણે કહ્યું 'ધ્યાનમાં બેસીને પહેલાં એનું એક સ્વરૂપ નક્કી કરી લીધું, અને પછી એ જ ચીતરી કાઢ્યું.' મેં કહ્યું, 'પણ એ બરાબર નથી બારીન. ધ્યાનમાં જોવું નહિ ચાલે. ઉઘાડી આંખે એ જોતાં શીખવું પડશે. તો જ તું ચિત્રકાર થઈ શકીશ. યોગીના ધ્યાનમાં અને કલાકારના ધ્યાનમાં અહીં જ ફેર છે.'

આ આકાશમાં વાદળોની સવારી નીકળી છે: કેટલા રંગ, કેવું રૂપ અને કેટકેટલા ભાવોનાં દર્શન એમાં થાય છે! જ્યારે માંદો પડેલો અને હરફર કરવાની દાક્તરોએ મનાઈ કરેલી ત્યારે મોટે ભાગે વરંડામાં આરામખુરશી ઉપર વખત વીતાવતો. સ્થિર થઇને ચૂપચાપ બેઠો હોઉં, સામે હોય ઉઘાડું આકાશ, એકચિત્તે એ નિહાળતો રહું. એ જ સમયે આકાશમાં વિહરતાં વાદળોની વિચિત્રતા જોઈ શક્યો. કેટકેટલાં રૂપ તેમાં દેખાતાં!—મકાન-ઘર, વન-જંગલ, પશુ-પંખી, નદી-પહાડ: જાણે માનસસરોવરનાં રૂપ તણાઇને આંખોમાં સમાતાં હતાં! એક વાર વિચાર આવેલો કે આ વાદળ-ચિત્રોનો જ એક ચિત્રસંપુટ તૈયાર કરું! કેટકેટલી રંગોળીઓ આ વાદળોમાં વહી જાય છે.

એક વાર ડિઝાઈન ચીતરવા બેઠેલા એક કિશોરને જોયો. ચિત્રકામનાં સાધનો સામે રાખીને તે ઉપર મોભ ને વળીઓ તરફ જોઈ રહ્યો હતો! પૂછ્યું, 'અલ્યા ઉપર શું જુએ છે? ડિઝાઈન ઓછી ત્યાં લટકે છે? બહાર આકાશ તરફ નિહાળીને જો. ત્યાં અનેકવિધ આકૃતિઓ ભરી પડી છે. અને એ પણ ન ફાવે તો તારા ડ્રૉઈંગપેપર સામે જ જોતો બેસ. મોભ અને વળીઓમાંથી શું મળશે? કાગળ ઉપર નિહાળીને જોતાં પણ ઘણીવાર ઘણું ઘણું જોવા મળે છે. જાપાનીઓ તો જેના પર ચિત્રકામ કરવું હોય તે કાગળ સામે મૂકીને તેને જ બેઠાબેઠા જોયા કરે છે, અને પછી તેના પર ચિત્રકામ કરે છે. ટઈકાનને મેં તેમ કરતાં જોયા હતા. ચિત્રકામ કરવું હોય ત્યારે એ રંગ, શાહી, પીંછી વગેરે સાધનો લઈ, ચિત્રકામ જેના પર કરવું હોય તે કાગળ સામે પાથરી, ગોઠણ વાળી, કોણીભર ઊંધા પડે; થોડી વાર એકીટશે કાગળ સામે જોઇ રહે; ને પછી એક વાર પીંછી હાથમાં લઈ, શાહી કે રંગમાં બોળી, બેચાર ઘસરકા આમતેમ લગાવે ને નીચે મૂકી દે. બસ ચિત્ર તૈયાર! એ કોરા કાગળમાં જ ચિત્રનું રૂપ જોઈ શકતા. બેચાર લીટામાં એને વ્યક્ત કરવાનું જ માત્ર બાકી રહેતું. (ચાલુ)

બાંધ ગઠરિયાં (અનુસંધાન પૃષ્ઠ ૨૧૩થી)

ધંધામાં શરૂઆતમાં સિતારાની ચાલ હમેશાં અફલાતૂન જ હોય છે! જો પહેલી જ ચાલ માઠી નીકળી તો માનવું કે સિતારો તમારો આજન્મ દોસ્ત છે, તમને તારવા માગે છે. પણ પહેલો લાભ બતાવે તો માનવું કે આખરે આ અધવચ્ચે ફનાફાતિયા જ છે.

કમાયા. દલાલી શું એ સમજાયું. 'લેણુ', 'ઊંધો બદલો', 'ગાળો', 'ઉપરથી વેચાણ' વગેરેનો નવો શબ્દકોષ અમારી સાહિત્ય મંજરીમાં મહોરવા લાગ્યો. પછી તો છાતી ખુલી, ને ધીમે રહી ટાટા ડીફર્ડમાં ટાંટિયા ભેરવવા માંડયા. એ વળી દુનિયા જ અલબેલી છે, રંગીલી છે, રોમાંચક છે, ભલભલાને ચાંદતારા બતાવે એવી છે.

જાતજાતના શેરો વિષે શીખ્યો. રોકડાના અને સટ્ટાના, ડીફર્ડ અને ઑર્ડીનરી, ગિલ અને પરચુરણ, વ્યાજના અને વગર વ્યાજના, સારા ભવિષ્યવાળા અને નબળા, સારા રીઝર્વ ફંડના, બદલો ખાવાના, લઇને ફૂંકી નાખવાના,—આમ કૈંક જાતજાતનાં કાગળિયાં વિષે આપોઆપ જ્ઞાન થવા માંડ્યું.

નવરાશે કેરમ રમતા, નહિ તો ત્યારે અમેરિકાથી એક નવી 'મૉનૉપૉલી' નામની રમત આવી હતી એના દાવ ફેંકતા: અરધા કલાક-કલાકમાં તો તમે ખાસ્સી થોડી પ્રૉપર્ટી બનાવી લ્યો, ચાર માળા બાંધો, દસ ગાડી રાખો, ચાની કે ફૅક્ટરીની એસ્ટેટના માલિક બનો, ગીરો પણ મૂકો, જેલમાં જઈ દંડ પણ ભરો, ઉધાર પણ લ્યો, કંઈ કંઇ આસમાની સુલતાની થઈ જાય. તેમાં અમારા ભાગિયા તો પૂરા જાણકાર અને એક્કા.

કમાયાં. સેન્ચુરી, સિમ્પ્લેક્સ વગેરેથી માંડી છેવટે ડાઇંગ, અને આમ સિન્ધિયા; પણ આખરે શેર સટ્ટાનો રાજા તો ડીફર્ડ જ. કરસનદાસ, તાપીદાસ, ચુનીલાલ, જાફરભાઇ, પ્રેમચંદ રાયચંદ વગેરે જૂના મહારથીઓની કારકિર્દી નજર સામે ભભૂકવા લાગી. ને ખુદ નર્મદે પણ નહોતું ઝોકાવ્યું કે? પણ નર્મદને નતીજો કેવો મળ્યો એ તરફ તો લક્ષ્ય દોરવ્યું જ નહિ.

પાંચસોના ડીફર્ડ સાતસોએ. અને આડસોએ ડબલ લીધેલા બારસોએ, એમ ગાડી એકધારી ચાલી. બર્માં જૂનામાં અને નવા બેલાપુરમાં ઊછળવા લાગ્યા. ભાવતાલની કોઇ અનેરી સૃષ્ટિમાં જીવવા માંડ્યું આજ લાખ દેખાય, કાલે સવા લાખ; પરમ દિવસે નરમાઈમાં પચાસ હજાર, પછી રીઍક્શન, ને પાછી તેજી; મંદીનાં મોં કાળાં, તેજીની બોલબાલા; વલણ, જાતજાતી રૂખ, સમાચાર, બજેટ, છાપાં, અફવાશાઈ ગામલોકનું પડવું, સિન્ડિકેટનો ખેલો, રાધનપુરી સુરતી અમદાવાદી મારવાડી વગેરે જુદાજુદા સંકેલોની ચાલબાજી, મોટા સટોડિયાનું એકાએક લેણુ ને પાછલે હાથે વેચાણ;—એમ વાયરો ચાલ્યો—રાતના ઉજાગરા વેઠી ચાલ્યો.

કમાયા. નફામાંથી નવા શેરો લેતા ગયા, ઓવરડ્રાફ્ટ ખેંચતા ગયા. ભાગીદારી હવે આઠઆઠ આની થઇ હતી. તપેલે બજારે વેચતા, ઉછાળે નીકળી જતા. પડતા બજારે લેતા ને કૈંક તાલ અજમાવતા. ટૂંકમાં જે થોડા મહિનાની સિતારાની ચાલ સારી હતી એનો લાભ લઇ લીધો.

આડત્રીસની સાલનાં અજવાળાં બેઠાં. અંતરમાં ને બહાર. કંઈક અણસારા તો આવતા હતા કે જે કંઈ થોડું કમાયા છો તે લઇ, વહેંચી, બજારને રામરામ કરી, નારીએળ ભાંગી નીકળી જાઓ. શેર બજારમાંથી પૈસો કમાઇને બહુ ઓછા જ બહાર નીકળી ગયા છે, અને પછી તે સાચવી રાખવાના વિકટ કામમાં તો એથી પણ ઓછા પાર પડયા છે, અલ્યા આ તો છે શેર બજાર—સટ્ટા બજાર. લાહ્યલાહ્ય ભડકે બળે છે; પડયા તે ત્યાંથી નીકળી શકતા નથી; લાગી લત છૂટી શકતી નથી; ચેતીને નીકળી જાઓ.

પણ એ જ તો એમાં ખૂબી છે. નીકળવા ધારો તોપણ એકવાર

એ સકંજામાં સપડાયા પછી એમાંથી નીકળવું મહામુશ્કેલ છે. બજાર ઓવરબોટ થઇ ગયું; બૅંકોએ વખત જોઈ માર્જિન ઘટાડી; વળતાં પાણી થતાં બજાર તૂટવા લાગ્યું. ત્યારે પૈ ખોટ ખમવાનું મન થાય નહિ. વધશે–રીઍક્શન આવશે એમ ધારીને બેચાર ઠેકાણે બમણા જોરથી લેણ કાર્યાં. બાવીસસોના ત્રટ્યા ભાવ ઠીકઠીકના તે ગબડ્યા તેરસો પર, અને ત્યાંથી આઠસો પર. ટકોરી મારી બજાર બંધ કરવો પડ્યો, કમાણી સઘળી ધૂળ મળી, આંખે તમ્મર આવવા લાગ્યાં. નીકળવું કેમ, વલણ ચૂકવાશે ક્યાંથી, એની ચિંતામાં ભૂખ મરી ગઇ, ઊંઘ ઊડી ગઇ, ચિંતાની ચિતા ભડભડવા લાગી.

ભાગિયા મિત્ર કમાએલા; પણ એમણે મારી કમાણીનો ભાગ મારે નામે ક્યારે ય કર્યો હતો ખરો? ચોપડે ચડાવ્યો હતો? ના! હવે શાં ફાંફાં મારવાં? એ તો બચી ગયા. ફારમ પર તો મ.રું નામ હતું. આખી ખોટ તો મારે જ આપવી પડશે! છાતીનાં પાટિયાં બેસી ગયાં!

ત્યારે રમણિક સુખડિયા અને હું સાથે રહેતા. એને તો મારા દિદાર દેખતાં જ દયા આવતી. બનતી હિંમત આપે. કદી પણ ઠપકાનો બોલ ના કહે. થનાર થઈ ગઇ, જોયું જશે, એવા ટેકા આપી જીવાડે. બાકી એ દિવસોના ગભરાટે દિલમાં દાવાનળ સળગાવ્યો હતો. ચાળીસ હજાર–પચાસ હજારના ચેકો ફાડી આપ્યા, અને બૅંકમાંનાં પેલાં કાગળિયાં પણ બજારભાવે વલણમાં ભરી આપ્યાં! કમાણી તો ગઈ, પણ બાપે પરસેવો ઉતારી પાંત્રીસ વરસની નોકરીને અંતે એકઠી કરેલી—એમને ગ્રૅચ્યુઇટીની મળેલી વીસેક હજારની રકમ પણ સાફ થઇ ગઇ. અને ઉપરથી થોડા હજારનું દેવું માથે ઊભું થયું તે જુદું.

જે બેત્રણ જણાને થોડીઘણી મદદ કરેલી, એ પણ અત્યારે ઓળખાણ છાંડી બેઠા હતા, લીધેલા આપવાની તો વાત નહિ, પણ બને તો સામી માગણી કરતાં યે શરમાતા નહોતા! સટ્ટાના સવાદે જીભ પૂરેપૂરી લોચવાઈ ગઈ હતી.

દલાલી તો સમજ્યા, પણ શેર બજારમાંના બેત્રણ દલાલોનો પણ મીઠોમાઠો અનુભવ થયો. દલાલના માનસશાસ્ત્રનો સાચો અભ્યાસ એના હાથમાં પૂરા સપડાયા વિના કોઇને કદી નહિ આવે. લેણા નીકળતા રૂપિયા માટે એ જે રીતે આંટાફેરા ખાય છે, જબાન ચલાવે છે, ધાકધમકી આપે છે, મધલાળ બતાવે છે, ગભરાવે છે, ચિઠ્ઠીઓ લખાવી લેવા, હપતા બાંધી આપવા, રાતદિવસ ઉઘરાણીથી જે રીતે પજવે છે, તેનો ખયાલ લખાણથી નહિ આપી શકાય

વાતે સાચી. એની કમાઈ દલાલી ઉપર. નાણું ઉઘરાવી ન જાણે તો એનો ધંધો ભાંગી પડે. બે આંખની શરમ પર જીવે તો ભૂખે મરે. એનું કામ જ ઘરાક શોધી એને એકબે શેરનો નાનો ધંધો કરાવી, બને તો થોડું શરૂમાં કમાવી આપી, પછી એની સ્થિતિનો, ગુંજાશનો, પૈસા ભરવાની શક્તિનો ખાનગીમાં ક્યાસ કાઢી એને નાનીમોટી વાતોમાં લપટાએલો રાખી દલાલી કર્યા કરવી; મીઠાશ, બીજ, લાલચ, દમ, ડર વગેરે જાતજાતની તરકીબો વડે એને હાથમાં રાખી કામ કઢાવ્યા કરવું. આ સાધારણ કામ નથી, ભારે ચતુરાઇનું કામ છે. એમાં શરમ ન ચાલે, એમાં નાગાઇ કેળવવી જ પડે. વ્યવહારનો આધાર કેવળ ધન જ છે એવી જ એ દુનિયા છે, ત્યાં પછી આંખ-શરમ કે દિલદયાની આશા રાખવી એ મૂર્ખાઇ નહિ તો બીજું શું?

એ બેચાર મહિના તો બહુ ખરાબ ગયા. ભાગિયા કમાઇને ક્યાં યે અલોપ થઇ ગયા' એનો ભત્રીજો, મારો એક વારનો વિદ્યાર્થી, તેને દિલસોજી થાય. પણ બીજું એ પણ શું કરે? સટ્ટો કરવા નીકળો અને આગળથી કાગળ પર પાકું કરાવો નહિ, તો અધવચ્ચે રખડવાનું થાય જ. એમાં નવાઇ શી? સટ્ટાબજારમાં કંઈ સખાવતો કરવા લોકો નથી જતા, પૈસા બનાવવા જાય છે. હવે ઉઘરાણી માટે બેત્રણ દલાલો વારતહેવારે આંટાં મારવા મંડ્યા. હું કદાચ 'ફૅલોશિપ' નિશાળમાં બેઠો હોઉં અને ત્યાં દૂરથી એમને આવતા જોઉં તો મેદાન ઓળંગી 'ન્યૂ ઈરા'માં ભરાઇ જાઉં, અને રમણિક સુખડિયા મજબૂત જૂઠું બોલી એને વિદાય કરે, એવું પણ ચાલતું.

પાસે પૈસા જ નહિ તે બીજું શું કરું? અને સટ્ટો કરીને તેની ખોટ કોઇ પાસે માગવા જવું એ તો ધરાર જ ખોટી વાત છે. દલાલો આબરૂની બીક બતાવતા. આખરે એક જણ તો ચાર આની પતાવવા પણ તૈયાર થયો. પણ ચાર આની યે લાવવી ક્યાંથી?

કમાયા;—આખરે આ ચાર દિવસનું ચાંદરણું જોઈ લીધું. નાણું આવ્યું અને ગયું. પાછળ ઉઘરાણીના ઊકરડા મૂકતું ગયું. બેચાર મૅગેઝીનના જિંદગીભરના ગ્રાહક થઇ ગયા હતા તે લાભ; કોઇને કંઇ તે વખતે આપી દીધું તે સવા લાભ; બાકી બરકત કંઈ જ રહી નહિ. વચ્ચે સ્વિટ્ઝરલૅન્ડનો શોખ લાગ્યો હતો ત્યાં જઇને રહેવા માટે એક કૉન્સલ સાથે ઓળખાણ થતાં ઇન્ટરલાકનમાં એક ઘર પણ ખરીદ્યું હતું–અહીં બેઠાં, ફક્ત ફોટા જોઇને. ત્રણચાર મહિના વાટાઘાટ ચાલેલી. સાઠ હજારે એ ઘર લીધું, અને તરત ચાળીસ હજારે વેચવું પડ્યું! બસ, થઈ રહ્યું. નાણાંની ભૂરકી લાગી, અને આંધીની માફક આવીને ઊડી ગઈ

લેણદાર દલાલોમાં એક તો મોટા કાઠે બિઝનેસ કરનાર નીકળતાં એની પેઢી જ સૂઈ ગઈ. એને ત્યાં એના પોતાના ગોટાળા માટે પેઢી પર સીલ પડે તેની આગલી સાંજે રમણિક સુખડિયા અને હું એના ચોથા મજલાના વિશાળ દિવાનખાનામાં કરગરવા ગયા હતા. બારણે પેસતાં તો છાતી ધબકધબક થાય. રમણિક કહે 'એમ ગભરાય છે શાનો? ક્યાં ચોરી કરી છે? ધંધો કરવા ગયા અને માર ખાધો, એમાં રડે છે શું? આ બધા દલાલો કયા શાહુકારના દીકરા છે? હિંમત રાખ!'

સફેદ જાજમ પર બેઠા અને જુવાન શેઠ પધાર્યા. રમણિક એને ઓળખે એટલે ઓળખાણ આપી. અલબત્ત, ઓળખાણમાં 'ઈલાકાવ્યો' અને 'આગગાડી'નો કશો અર્થ જ નહોતો; એટલે એનું લંબાણ થાય તે પહેલાં જ શેઠે–કહ્યું કે 'તો પછી ધંધો શું જોઇને કરવા નીકળ્યા હતા? ચાર આની–આઠ આની કંઇ નહિ. મહિના માસમાં પૂરા ભરી જજો.' અને દુણાયલે મોઢે પાછા ફર્યા.

પેલા મહેસાણાના વીશીવાળાએ અમારી સારી કિંમત આંકી હતી; અહીં લેખકની કશી કિંમત હતી જ નહિ! રાતે ઘેર આવીને ખાય તો શું? ત્યાં સવારે રમણિક છાપું વાંચીને કહે કે 'ગઇ કાલવાળા શેઠને ત્યાં તાળાં, ચોપડા કોરટમાં, અને ગોટાળાનો ઇશારો જો આ અહીં જાહેર થયો છે! તું નકામો ગભરાય છે. આ મોટા ચોરો મોટા કબાલા કરે. કાલે જાણે શું યે મોટા શાહુકાર જેવા દમ મારતા હતા. લે ચાલ, હવે તો ચોપડે જે નીકળશે તે ખરું. કરવો છે ટેલીફોન?'

નોકરું તો કરતા જ નહોતા. વેપાર ખેડ્યાં ત્યારે આવો અને આ પરિણામ! કોઈ ભુખાળવો જમણ પછીનાં વાસણો ફેંદી ખાય એમ, જે બેપાંચ રૂપિયા આડાઅવળા પડ્યા હતા તે એકઠા કરતાં દોઢસો પોણીબસો રૂપિયા એકઠા થતા હતા: કોઈ પણ બાજુથી સરવાળો કરીએ તોપણ બસોનો આંકડો પહોંચતો નહોતો.

સોનામાં બાપના ડગલાનાં પાંચ બટન અને રણજિતરામ સુવર્ણચન્દ્રક ઉપર નજર વાગોળ્યા કરી! પસ્તાવાનો પાર નહિ. કંઇક તો કરવું પડશે એના વિચારમાં દિવસો પસાર થવા લાગ્યા. (ચાલુ)

સંસારનાં શહેરો

૧૯—મદ્રાસ

આંધ્ર અને તામિલનાડ વચ્ચે ઝગડાનું કારણ બનેલું અને મદ્રાસરાજ્યનું પાટનગર મદ્રાસ હિંદુસ્તાનનું ત્રીજા નંબરનું શહેર છે. ઇ. સ ૧૬૩૯માં વિજયનગરના હિંદુ સામ્રાજ્યના માંડલિક ચંદ્રગિરિના શ્રી રંગરાજા પાસેથી અંગ્રેજોએ કોરોમાંડલ કિનારાની જમીન મેળવી તે પર ફૉર્ટ સેન્ટ જ્યૉર્જનો કિલ્લો બાંધ્યો. મદ્રાસ શહેર ને મદ્રાસ રાજ્યનું એ પુરશ્ચરણ હતું.

આગળ જતાં અંગ્રેજોએ ઇ. સ. ૧૭૬૩માં કર્ણાટકના નવાબ પાસેથી ચિંગલપેટ જિલ્લો મેળવ્યો; ઇ. ૧૭૬૫માં શાહઆલમ પાસેથી ઉત્તર સરકારનાં પરગણાં મેળવ્યાં; ૧૭૯૨માં મ્હૈસુરના ત્રીજા વિગ્રહ પછી મદ્રાસ, સાલેમ ને મલબાર મેળવ્યાં, જ્યારે ૧૭૯૯માં ચોથા મ્હૈસુર વિગ્રહ પછી કાનડા, કોઈમ્બતૂર અને નીલગિરિ મેળવ્યાં; બેલારી, કુડાપ્પા, કર્નૂલ અને અનંતપુર ઇ. સ. ૧૮૦૦માં નિઝામ પાસેથી મેળવ્યાં; તથા કર્ણાટકનો બાકીનો ભાગ ૧૮૦૧માં મેળવ્યો, અને આમ મદ્રાસ ઇલાકો અસ્તિત્વમાં આવ્યો જેનું પાટનગર મદ્રાસ રહ્યું. અંગ્રેજો અને અન્ય પરદેશી સત્તાઓએ ભારતમાં જે પહેલવહેલાં થાણાં નાખેલાં એ પૈકીનું એક થાણું મદ્રાસ હતું.

ઈ. ૧૬૦૦માં વેપારઅર્થે સ્થપાએલી ઈસ્ટ ઇંડિયા કંપનીએ સૂરતની કોઠી નાખ્યા પછી તેણે આ વિશાળ ખંડમાં અન્યત્ર પણ વેપારનાં થાણાં નાખવાના જે પ્રયત્નો કરેલા, તેમાં પૂર્વકિનારે જામી બેઠેલા તેમના હરીફ વલંદાઓ(ડચ)સામે તેમણે નાખેલાં મછલીપટ્ટણ, પુલીકટ અને આર્માગામ ખાતેનાં થાણાંથી અંગ્રેજ વેપારીઓને બહુ સંતોષ ન હતો અને કોઈ ઉચિત સ્થાનની શોધમાં તેઓ હતા. એમાં આર્માગામની કોઠીનો વડો ફ્રાન્સિસ ડે, અહીં 'સાન થોમ'ના ફિરંગી (પોર્ચુગીઝ) થાણાની ઉત્તરે બે માઇલ પર આવેલા મદ્રાસપટ્ટણમ નામના એક નાના માછીમારીના ગામડાની જમીન ચંદ્રગિરિના રાજા વતી વહીવટ કરનાર નાયક પાસેથી મેળવવામાં સફળ થયો; અને બીજે વર્ષે (૧૬૪૦માં) તો અંગ્રેજ વેપારીઓ, સૈનિકો અને કારીગરોની ટુકડીઓએ અહીં આવી ઊતરીને ફૉર્ટ સેન્ટ જ્યૉર્જનો કિલ્લો બાંધવાનું શરૂ પણ કરી દીધું.

મદ્રાસનું નામ શા પરથી પડ્યું તે અંગે નહિનહિ ને છ માન્યતાઓ પ્રચલિત છે, જેમાંની એક કાંઈક પ્રમાણભૂત મનાય છે તે મુજબ માછીમારીના આ ગામડામાં રહેતા મદ્રસાન નામે એક પૈસાદાર ફિરંગીના નામ પરથી એ ગામડાનું નામ મદ્રાસપટ્ટણમ કહેવાતું. વળી એ મદ્રસાને અહીં ખ્રિસ્તી દેવળ બંધાવ્યાનો લેખ પણ છે. બીજી એક માન્યતા મુજબ એ દેવળ માદ્રે-દ-દેઉસ (દેવની માતા) કહેવાતું હોઇને સાન થોમના લોકો તેની ચોમેરના પ્રદેશને માદ્રેસાપટ્ટણમ કહેતા.


મદ્રાસ અનેક સુંદર અને ઐતિહાસિક ઇમારતો ધરાવે છે. દરિયાકાંઠે આવેલો માઇલો સુધીનો લાંબો એનો વિખ્યાત મરીના બીચ (કિનારો) એનો સુંદરતમ વિભાગ છે. સંત જ્યૉર્જનો કિલ્લો, સેનેટ હૉલ, મદ્રાસ યુનિવર્સિટી તથા અહીંનું જાણીતું મત્સ્યાગાર (ઍક્વેરિયમ)—જે આખા એશિયામાં બીજે નંબરે છે તે—વગેરે ત્યાં જ આવેલાં છે. એને સામે છેડે હાઇકોર્ટ, લૉ કૉલેજ વગેરે છે. ઘણીખરી સરકારી કચેરીઓ દરિયાકાંઠે આવેલા સંત જ્યૉર્જના જૂના કિલ્લામાં જ બેસે છે. કિલ્લાનો શસ્ત્રાગાર મદ્રાસ રેજિમેન્ટે લડેલાં યુદ્ધોની કેટલીક વિચિત્ર 'ટ્રૉફી' ધરાવે છે. કિલ્લાથી આશરે એક માઇલ પર વિશાળ રાજભવન (ગવર્મેન્ટ હાઉસ) આવેલું છે.

હાઇકૉર્ટ વિસ્તારમાં બાંધેલી દીવાદાંડી પરથી મદ્રાસ શહેર અને બંદરનું વિહંગદર્શન બહુ મનોરમ લાગે છે. બંદર સુધી જતો માર્ગ 'નૉર્થ બીચ રોડ' નામે ઓળખાય છે અને 'પૅરીઝ કૉર્નર'થી માંડી ઠેઠ રાયપુરમ સુધી તે પથરાએલો છે. મદ્રાસની મૂર માર્કેટ મુંબાઈની ક્રાફર્ડ માર્કેટ કે કલકત્તાની ન્યૂ માર્કેટ જેવી જ છે, જ્યાં હરકોઈ ચીજ મળી શકે. આ મૂર માર્કેટ પાછળ 'પીપલ્સ પાર્ક' નામે ઓળખાતું ઉદ્યાન તથા પ્રાણિસંગ્રહાલય આવેલાં છે. પણ મદ્રાસ જનારે જે જોવાનું ખાસ ન ચૂકવું જોઇએ તે તો ત્યાંનું સંગ્રહસ્થાન (મ્યૂઝિયમ). એશિયાનાં શ્રેષ્ઠ સંગ્રહસ્થાનોમાંનું એ એક છે. મસાલો ભરીને રાખેલાં જુદાંજુદાં પશુપંખીઓથી માંડીને પોશાકો, ઉપસ્કરો, અલંકારો, હથિયારો વગેરે જનસામાન્યને રસ આપતી અનેક વસ્તુઓ



'સાન થોમ' (સઇન્ટ ટોમસ)નો જે ફિરંગી વસાહતની બે માઈલ ઉત્તરે મદ્રાસ શહેર ઈ. ૧૬૩૯માં અંગ્રેજોએ વસાવ્યું તેની સ્થાપના પોર્ચુગીઝોએ ઈ. ૧૫૦૪માં કરેલી. એ સેઈન્ટ ટૉમસ આ સ્થળે ઈ સ. ૬૮માં ગુજરી ગયા હોવાની પ્રાચીન માન્યતા છે. એમના અવશેષ પર ઊભેલા આ દેવળમાં ઈ. ૮૦૦ની સાલનો લેખ ધરાવતો પ્રાચીન 'ક્રૉસ' હજી છે; ને સંત લ્યૂકે ચીતરેલું કહેવાતું માતા મેરીનું ચિત્ર (જે સંત ટૉમસ અહીં લાવેલા તે) પણ ત્યાં છે.

તે ધરાવે છે, તેમ ખંડિત મૂર્તિઓ, શિલાલેખો, સ્થાપત્યશોભનો, શિલ્પો તથા બીજા પુરાવશેષોથી સભર ભરેલો એનો બીજો





મથાળાનું ચિત્ર: અદ્યારના થીઑસૉફીકેન્દ્રના વિશાળ મકાનની પરસાળની ભીંતો પર જગતના સર્વ ધર્મોનાં પ્રતીકોનાં આલેખન. નીચે: ત્યાંનો ૧૦૦ વર્ષ જૂનો કહેવાતો વડ.

ત્રિભાગ અભ્યાસીઓ ને સૌંદર્યપિપાસુઓને ખૂબ રસજ્ઞાન દેનારો છે.

મદ્રાસના માઉન્ટ રોડને કલકત્તાના ચૌરંગી ને મુંબાઈના હૉર્નબી રોડની જોડે સરખાવી શકાય. વેપારનું એ મુખ્ય કેન્દ્ર છે. પશ્ચિમના પત્રકારત્વની ટોચને સાધનારા તથા તેની અજોડ લોકપ્રિયતા જેટલા જ અજોડરીતે કાર્યક્ષમ તંત્રવાળા 'હિન્દુ' પત્રની તથા બીજાં અખબારોની કચેરીઓ પણ ત્યાં જ આવેલી છે ત્યાંથી આગળ વધતાં ત્રિપ્લીકેન આવે છે, જ્યાં અત્યારે જુદાંજુદાં સરકારી ખાતાં બેસે છે, પણ પહેલાં આર્કટના નવાબો તેમાં રહેતા. ત્રિપ્લીકેનનો મરીના બીચ એ જગતનાં સુંદરતમ સાગરકાંઠાઓમાં બીજે નંબરે આવે છે.

પણ મદ્રાસમાં સંસ્કારરસિકને પ્રસન્ન કરે એવું શ્રેષ્ઠ સ્થાન તો કદાચ શહેરના એક દૂરને છેડે, અદ્યાર નદીના કિનારા પર આવેલું હિંદી થીઓસોફિકલ સોસાએટીનું મુખ્ય કેન્દ્ર અદ્યાર છે. નિસર્ગનું સાચું સાન્નિધ્ય અનુભવાવતી ત્યાંની વિશાળ ભૂમિમાં, સેંકડો વડવાઇઓના ટેકે ઊભેલા સો વર્ષ પુરાણા વટવૃક્ષની છાયામાં, પ્રશાંતરીતે પથરાઇને પડેલી થીઓસોફીની એ વસાહતનું વાતાવરણ સૌંદર્ય અને શાંતિ બંનેના રસ વડે આત્માને પુલકિત કરે છે.

દરિયાની સપાટીથી માત્ર બાવીસ જ ફૂટ ઊંચું.ને અક્ષાંશ-રેખાંશમાં ૬° ૩૫' ઉત્તરે ને ૭૮° ૭' પૂર્વે, વાયગાઈ નદીના દક્ષિણ તટે લગભગ પચાસ ચોરસ માઈલમાં વિસ્તરેલું. સવાચૌદલાખનીવસતિનું મદ્રાસ શહેર ઉત્તર અને દક્ષિણ હિંદ વચ્ચેની એક સંયોજક કડી સમાન છે. એની ભૌગોલિક સ્થિતિ વ્યૂહ દૃષ્ટિએ અત્યંત અગત્યની છે અને એ નજરે જ અંગ્રેજોએ ત્યાં અદ્યતન બારૂ બાંધેલું છે. પ્રથમ મહાયુદ્ધમાં જર્મન સબમરીન એમડન એ બારૂં સૂંઘી ગએલી. આપણા આખા દેશનો સમય જાળવતી વેધશાળા પણ મદ્રાસમાં છે. અહીંની વસતિ આર્ય નહિ પણ દ્રવિડ વંશની છે ને એના જુદાજુદા વિભાગો તામિલ, તેલગુ તથા મલયાલી એમ ત્રણ ભાષાઓ બોલે છે; શહેરથી લગભગ સાઠ માઈલ દૂર પ્રાચીનતમ દ્રવિડ સંસ્કૃતિનો ખયાલ આપતાં મહાબલિપુરમ્નાં ભવ્ય ખંડિયેરો સમુદ્રની છોળો ઝીલતાં ઊભેલાં છે, જેનો વિગતવાર સચિત્ર પરિચય આ અંકમાં અન્યત્ર આપ્યો છે.

શ્રી સુન્દરમે પોતાના પ્રવાસ-પુસ્તકમાં કરેલી આ શહેરની આલોચનાથી આ નાના લેખનું સમાપન કરીએ તો, 'આજની દ્રવિડ સંસ્કૃતિના કેન્દ્ર સમું, ત્રણસો વરસનું આયુષ્ય ધરાવતું મદ્રાસ, મુંબાઇ અને કલકત્તાની પેઠે બધી જ નાગરિક વિશેષતાઓવાળું છે. પરદેશીઓને હાથે વસેલાં અને વિકસેલાં એ ત્રણે નગરોમાં મદ્રાસ સૌથી ઘરડું છે, પણ વૃદ્ધિમાં સૌથી પાછળ છે. દસેક માઈલની લંબાઇનું આ શહેર પેલાં બેની સરખામણીએ લાંબા વિસ્તારમાં છે, છતાં વસતિમાં ઓછું છે; કેળવણીમાં આગળ વધેલું છે છતાં વેપારમાં મંદ છે; અને ઈલાકાની રાજધાની છતાં ચળકાટ અને ભભકામાં ઝાંખું છે. તેમ છતાં ઈતિહાસની પ્રૌઢતા તથા ધૂપ તેમાં પેલાં બેય કરતાં કદાચ વધારે પ્રમાણમાં પ્રતીત થાય છે. ફ્રેન્ચો અને અંગ્રેજોની સાઠમારી, તેમની તોપોના ધડાકા, લશ્કરના હૂમલા ને ધસારા, એ બધાના પડછાયા આ શહેરની આસપાસ હજી પણ ભમતા લાગે છે.'



હિંદભરમાં જૂનામાં જૂની મદ્રાસની મ્યૂનિસિપલ કૉર્પોરેશન



એશિયાભરમાં પ્રખ્યાત મદ્રાસના બીચ(દરિયાકિનારા)ની લગોલગ આવેલો બે માઈલ લાંબો 'મરીના'નો માર્ગ ત્યાંનું રમણીય સ્થળ છે.



એવા પ્રશાંત ને મધુર રમણીય દરિયાકિનારે મદ્રાસના સરસ્વતીધામ યુનિવર્સિટીનાં મકાનો આવેલાં છે. કેવું વિદ્યાને ઉચિત જ વાતાવરણ!

આખરે એવરેસ્ટનો પરાજય

(અનુસંધાન પૃ.૨૧૯થી) ચોટી સુધી પહોંચી જઈ શકશે, અને એટલે તો આ સાલની જૉન હન્ટના નેતૃત્વની આરોહક ટુકડીને તેણે એ શરતે જ સાથ આપેલો કે એવરેસ્ટની કાંધે છેલ્લી છાવણી પછીના અંતિમ આરોહણમાં તેને સાથે રાખવામાં આવે; અને એની એ શરત માન્ય રાખવામાં આવેલી. એની શ્રદ્ધા અંતે ફળી છે અને ન્યૂ ઝીલૅન્ડના એક મધમાખી ઉછેરનારા ઈ. પી. હિલેરી નામના હન્ટની ટુકડીમાંના એક જોડીદાર સાથે તેણે એવરેસ્ટ સર કર્યો છે. એ હિમશાર્દૂલે સાહસ-જગતમાં હિંદની શાન વધારી છે ને હિંદી સાહસિકોનાં લોહીમાં નવો ગરમાવો આણ્યો છે. આ વિજય તો એણે અને એના જોડીદારે ૨૯મી મેએ મેળવેલો, પણ બ્રિટિશ આરોહક ટુકડીના નેતા કર્નલ જૉન હન્ટે રાણી એલિઝાબેથના રાજ્યારોહણના તા ૨જી જૂનના દિવસે જ એ સમાચારને પ્રસિદ્ધિ આપી બંને ઐતિહાસિક બનાવોને સાંકળી લીધા છે. આ પરાક્રમગાથાની સંપૂર્ણ વિગતો તો એ ટુકડી હિમાલયની ગોદમાંથી પાછી ફરશે ત્યારે જાણવા મળશે, પરંતુ જે કંઈ વિગતો અત્યાર સુધીમાં બહાર આવવા પામી છે તે પણ એ વિષયનું મહત્ત્વ પ્રસ્થાપિત કરવાને પૂરતી છે.

પૃથ્વીના પટે માનવીના સાહસને પડકારતી છેલ્લી ચીજ કોઇ હોય તો તે એવરેસ્ટ હતું એ સિવાયનો તો આખો ભૂભાગ એણે પોતાના પગ તળે કાઢી નાખેલો છે. બ્રિટિશ રૉયલ જ્યોગ્રાફિકલ સોસાએટી અને આલ્પાઇન કલબે સંયુક્તપણે કર્નલ જૉન હન્ટના નેતૃત્વ નીચે મોકલેલી ટુકડીનો પ્રયાસ એ એવરેસ્ટના આરોહણનો અગિયારમો પ્રયાસ છે. ઇ. સ. ૧૮૫૨માં એવરેસ્ટ એ જગતનું સર્વોચ્ચ શિખર હોવાની જાણ થઇ અને ત્યારથી જ પહાડખેડુઓનાં દિલ તે પર પહોંચવા તલપી રહ્યાં હતાં. પરંતુ તિબેટનો દલાઇ લામા કોઈ રીતે તે માટે પરવાનગી આપવા તૈયાર નહોતો. છેવટે ૧૯૨૧માં એ પરવાનગી મેળવી શકાઈ ને જ્યૉર્જ લે મેલરી નામનો એક અંગ્રેજ શિક્ષક પર્વતારોહી ટુકડી સાથે તિબેટ પહોચ્યો. એવરેસ્ટની ઉત્તર બાજુએ તેની ટોચ સુધી પહોંચવાનો સીધો માર્ગ જ્યાંથી શરૂ થાય છે એ 'નૉર્થ કૉલ'ની ૨૩,૦૦૦ ફૂટની ઊંચાઇએ તે પહોંચેલો. ઇંગ્લંડ પાછા આવી એણે એવરેસ્ટનો વિજય હાથવેંતમાં હોવાની જાહેરાત કરી, પરંતુ એ કેવળ તેની એક કલ્પના જ હતી. હાથવેંતમાં વિજય મેળવવાની આશાએ નીકળેલા મેલરી, એના સાથી સેન્ડી ઇર્વિન અને હિમાલય પાસેથી જગત માટે 'સંદેશ' મેળવવા ગએલા ધૂની આરોહક મૉરિસવિલસન સહિત ૧૨ મજૂરોને એવરેસ્ટે એની હેમાળી ગોદમાં કાયમની નિદ્રામાં પોઢાડી દીધા છે: એમનાં અરમાન ભલે અધૂરાં જ રહ્યાં, પરંતુ એમની શહાદતે તો માનવસાહસનું એક અદ્‌ભુત પ્રકરણ આલેખ્યું છે.

આમાંનો મૉરિસ વિલ્સન તો એકલપંડે, કશાં સાધનસામગ્રી વિના કે કોઇ જોડીદાર વિના એવરેસ્ટ સર કરવા નીકળી પડેલો. નેપાળ સરકારે તેના હિમાલય ચડવા પર પ્રતિબંધ મૂકતાં તે એક તિબેટીની મદદથી પૂજારીનાં કપડાં પહેરી તિબેટની હદમાં નાસી છૂટયો. યૉર્કશાયરના ૩૫ વર્ષના આ જુવાને ૧૯૩૪ની ૧૭મી એપ્રિલે રૅાગબક ગ્લેશિયર પર પહેલવહેલો પડાવ નાખ્યો ને ત્યાંથી આગળ વધવા લાગ્યો. તેણે તેની રોજનીશીમાં લખ્યું છે: 'તરસ લાગતાં હું બરફ ખાઇ લઉં છું. હું પૂરેપૂરો સ્વસ્થ છું. એવું લાગે છે કે જાણે શરીરમાં માંસ નહિ, કેવળ હાડકાં જ છે, અને પ્રત્યેક શ્વાસ ભારે બનતો જાય છે.' એણે સાથે લીધેલા બે મજૂર એની ધૂનથી કંટાળી પાછા ફરી ગયા છતાં એણે તો પાછા ન ફરતાં આગળ વધ્યે જ રાખ્યું. ૩૧મી મેના દિવસે એણે પોતાની રોજનીશીમાં લખ્યું: 'અત્યંત સુંદર દિવસ છે....' બસ, એ એના અંતિમ શબ્દો. ત્યારબાદ ૨૨,૦૦૦ ફૂટની ઉંચાઇએથી એનું શબ હાથ લાગેલું.

એવરેસ્ટ પર ૨૮,૨૧૫ ફૂટની ઊંચાઇએ પહોંચી પાછી ફરનાર વ્યક્તિઓ જૉન હન્ટની છેલ્લી આરોહક ટુકડી પહેલાં માત્ર બે જ હતી. ગઈ સાલની સ્વિસ ટુકડી સાથેના શેરપા તેનસિંગ તથા રેમંડ લૅમ્બર્ટ. આગલી રાત એ બંનેએ ૨૭,૫૫૦ ફૂટની ઊંચાઈએ સાથે વીતાવેલી અને ત્યાંથી બીજે દિવસે આગળ વધેલા. શૂન્યથી ૬૫ અંશ નીચે જ્યાંનું ઉષ્ણતામાન રહે છે અને હવા ફેફસાં ન ભરાય એટલી પાતળી ને કલાકના ૧૫૦ માઈલ જેટલી ગતિમાન રહે છે ત્યાં એ બે જણા આગળ વધેલા, જોકે છેક ટોચ સુધી પહોંચી નહિ શકેલા, પરંતુ એવરેસ્ટ હવે લાંબો સમય અપરાજિત નહિ રહી શકે એવી શ્રદ્ધા તો એમને બંધાએલી જ.

ઈ.સ. ૧૯૦૭માં, ઇંગ્લંડના પર્વતારોહકોએ સ્થાપેલી આલ્પાઈન કલબની જયંતી પ્રસંગે, લૅાગસ્ટાફ, બ્રૂસ વગેરે આરોહકોએ એવરેસ્ટના આરોહણનો પ્રથમ સંકલ્પ કર્યો. પરંતુ એ નેપાળ ને તિબેટની સરહદ વચ્ચે આવેલું હોઈ બેમાંના એક દેશની પરવાનગી એ માટે અનિવાર્ય હતી. એ માટેના પ્રયાસો ચાલુ હતા ત્યાં પહેલું મહાયુદ્ધ આવ્યું. ત્યાર બાદ પાછા પ્રયાસો શરૂ થયા. તિબેટમાં ઉત્તર દિશાએથી આરોહણ સફળ ન થાય તો નેપાળમાંથી દક્ષિણ દિશાએથી એ કરવાનો પર્વતારોહકોનો વિચાર હતો.

૧૯૨૧ની સાલમાં સર ચાર્લ્સ બેલે દલાઈ લામા પાસેથી પરવાનગી મેળવતાં ઇંગ્લંડમાં 'માઉન્ટ એવરેસ્ટ કમિટી'ની સ્થાપના કરવામાં આવી, અને ઉપર્યુક્ત મૅલરી જેમાં સામેલ હતો એ ટુકડી લેફ્ટેનન્ટ કર્નલ સી. કે. હાવર્ડ બરીના નેતૃત્વ નીચે એવરેસ્ટના આરોહણે નીકળી. આ આરોહણપ્રયાસનું અંતિમ પ્રકરણ ચાલુ સાલના ૨૯મી મેના રોજ તેનસિંગના વિજયથી પૂરું થયું અને એ યશોગાથા પરિસમાપ્ત થઈ.

૧૯૨૧ના આ પહેલા પથકે એવરેસ્ટની સર્વ પ્રકારે મોજણી કરી અને મૅલરી તથા બુલૅાક રૅાગબકનો માર્ગ લીધો. એનાં કઢાણો પર ચડવું મુશ્કેલ હતું, પરંતુ ઈશાન બાજુએ એવરેસ્ટ અને 'નૉર્થપીક' ને જોડતી રાંગ જે ઉત્તર રાંગ ('નૉર્થ કૉલ') તરીકે ઓળખાય છે તેનો પ્રમાણમાં સરળ માર્ગ તેમણે શોધી કાઢયો. આમ એવરેસ્ટ પર પહોંચવાનો માર્ગ એમણે ખુલ્લો કર્યો. જો કે આ કામ સહેલું નહોતું. ૨૫,૦૦૦ ફૂટની ઊંચાઈએ હવા એટલી પાતળી હોય છે કે માણસને શ્વાસોચ્છ્વાસ લેવા પણ મુશ્કેલ પડે. ગતિ તો લગભગ કીડી જેટલી ધીમી રાખવી પડે છે. વિચારશક્તિ સુદ્ધાં ક્ષીણ થઈ જાય છે. આટલી ઊંચાઈએ શ્વાસોચ્છ્વાસ સહેલાઈથી લઇ શકાય તે માટે કૃત્રિમ પ્રાણવાયુનો જથ્થો કેટલાક પર્વતારોહકો સાથે રાખતા હોય છે. એવરેસ્ટના વિજેતા તેનસિંગ ને હિલેરીએ કૃત્રિમ પ્રાણવાયુનો ઉપયોગ કરેલો કે નહિ એ હવે પછી આપણા જાણવામાં આવશે.

એવરેસ્ટની ૨૩,૦૦૦ ફૂટ સુધીની ઊંચાઈ સુધી તો પર્વતારોહક સહેજે પહોંચી શકે છે. પરંતુ એ પછીના ૬,૦૦૦ ફૂટ તેણે અત્યંત ઝડપે પૂરા કરવાના હોય છે. જોકે આ 'ઝડપ' પણ અત્યંત મંદ ગતિની જ રહે છે, કારણકે જેમજેમ વધુ ઊંચે ચડવામાં આવે તેમતેમ વાતાવરણ પાંખું અને અપરિચિત બનતું જાય છે અને માનસિક તથા શારીરિક શ્રમ ખૂબ વધી જાય છે. આ કારણે જ છેલ્લા ૬,૦૦૦ ફૂટ માટે ત્રણ છાવણીઓ નાખવી પડે છે.

(અનુસંધાન પૃષ્ઠ ૨૦૮મે)


રાજ્યારોહણનાં રત્નો


આ માસની બીજી તારીખે ઇંગ્લંડની રાણી ઈલિઝાબેથનો રાજ્યાભિષેક થયો. બીજી બધી રીતે જેનું બંધારણ પ્રજાસત્તાક રાજ્યના જેવું છે એ ઇંગ્લંડમાં હજુ સુધી રાજાશાહી ટકી રહી છે, એટલું જ નહિ, પણ વ્યાપક લોકશાહીના આ યુગમાં પણ બ્રિટનની પ્રજા પોતાનો વહીવટ જાતે ચલાવતી હોવા છતાં તેના અધ્યક્ષ સ્થાને રાજવીને રાખીને જે અનન્ય પ્રેમ ને અપ્રતિમ ભક્તિભાવથી તેનો સમાદર કરે છે તે દેખીતીરીતે જ વિરોધાભાસ સમું લાગે છે. અંગ્રેજ લોકો પોતાને ત્યાંની રાજાશાહી માટે જે બચાવ કરે છે કે 'રાજા રાજ્ય કરે છે પણ હકૂમત નથી ચલાવતો' (The king reigns but does not rule) એ બચાવ પણ ઘણાને ખાલી શબ્દાડંબર લાગે છે. એમને મન બ્રિટિશ પ્રજા એ શબ્દભ્રમમાં અટવાતી ને વસ્તુને બદલે તેની છાયાથી રાચતી પ્રજા છે.

પરતું આ માન્યતા ઐતિહાસિક સત્યથી વેગળી છે. રાજવી સંસ્થાના આદર્શમાં આપખુદ સત્તાનો ખયાલ તો પાછળથી ભળ્યો. પણ બ્રિટનની પ્રજાએ તો પોતાના મૂળ આદર્શને સતત સ્મરણમાં રાખીને તેને પુનઃ સ્થાપિત કર્યા કર્યો છે, અને તે પણ સદીઓ સુધી કષ્ટ ઉઠાવીને. પરિણામે, જે બ્રિટિશ પ્રજા ૧૯૩૭માં એડવર્ડ આઠમાને તેના લગ્નનો પ્રશ્ન આડે આવવા માટે ગાદીત્યાગ કરાવી શકે છે, તે જ પ્રજા આજે ૧૯૫૩માં પણ કાંઇક અકળ કહી શકાય એવા ભક્તિભાવપૂર્વક તેની રાણીના રાજ્યારોહણ પ્રસંગે એવો હૃદયોદ્રેક અનુભવે છે કે રાષ્ટ્રસમૂહના દેશદેશમાંથી ટોળાંબંધ લોકો લંડનમાં ઊતરી પડે છે, તેની રાજ્યારોહણની સવારીની ચાળીસ ચાળીસ કલાક અગાઉથી તેના માર્ગમાં પ્રતીક્ષા કરતા બેસી રહે છે, અને એવરેસ્ટ સર કરવા ગએલી ટુકડી પણ એ વિજયના સમાચાર રાણીને બરોબર રાજ્યારોહણ પ્રસંગે ભેટ ધરવા ઉત્સુક રહે છે. બ્રિટિશ પ્રજાના આ ભાવની પાછળ રહેલી ઐતિહાસિક પરંપરા સમજવા જેવી છે. આ અંકની 'માધુકરી'માં એની એ રાજવી સંસ્થાનો ક્રમવિકાસ આપ્યો છે.

રાજ્યારોહણ વખતે બ્રિટનનાં રાજવી જે મુકુટ, રાજદંડ, તલવાર, વીંટી, પેગડાં આદિ ધારણ કરે છે તેમાં જગતનાં કેટલાંક ઐતિહાસિક ને મોઘાં ખ્યાતનામ રત્નો જડેલાં છે. લગભગ પાંચ કરોડથી પણ વધુ કિંમતનો એ ભવ્ય શાહી ખજાનો લંડનના ટાવરમાં આવેલા વેઇકફીલ્ડ બુરજમાં ચાંપતા ચોકીપહેરા નીચે રહે છે. ત્યાંથી માત્ર રાજ્યારોહણના પ્રસંગે જ તે બહાર કાઢવામાં આવે છે, છતાં પ્રજાને જોવા માટે તે ત્યાં સદાકાળ ખુલ્લો રહે છે અને વરસોવરસ લાખો માનવીઓ તે જોવા જાય છે.

એમાં મોટા-નાના મુકુટો, રાજ્યદંડો, અભિષેક માટેનું સોનાનું પાત્ર (ઍમ્પ્યુલા)





ડાબી બાજુથી: (૧) રાજ્યની તલવાર; (૨) સત્તાનો રાજદંડ, જેને મથાળે અઢી ઈંચ કદનો દુનિયાનો મોટામાં મોટો હીરો 'સ્ટાર ઑવ આફ્રિકા' જડેલો છે; (૩) ન્યાય અને દયાનો રાજદંડ, જેના મથાળાનો હોલો કરૂણાનો પ્રતીક છે; (૪) સંત એડવર્ડનો મુકુટ, જે રાજ્યારોહણ વખતે પહેરાવાય છે; પણ તેનું વજન લગભગ ૭ રતલ હોવાથી તે તરત ઉતારી બાજુનો (૫) પ્લૅટિનમ ધાતુનો ૨॥ રતલનો 'શાહી મુકુટ' પહેરાવાય છે, જે દુનિયાનો સૌથી કીમતી તાજ છે અને તેમાં હીરા, મોતી, પોખરાજ, માણેક વગેરે મળીને કુલ ૩૦૯૩ રત્નો જડેલાં છે!

તથા ચમચો, નક્કર સોનાનાં પેગડાં, તલવારો, રાજ્યારોહણની વીંટી વગેરે મુખ્ય છે. આ વસ્તુઓનો મોટો ભાગ માત્ર ૩૦૦ વર્ષ જૂનો છે. ઈ.૧૬૪૯માં ક્રૉમવેલે રાજા ચાર્લ્સ પહેલાનો શિરચ્છેદ કરી પ્રજાની વતી રાજ્ય પોતાને હસ્તક લીધું ત્યારે રાજાશાહીનાં બધાં પ્રતીકોનો નાશ કરવાના ઉદ્દેશમાં આવાં બધાં જૂનાં સાધનોનો પણ નાશ કરવામાં આવ્યો હતો; એટલે ચાર્લ્સ બીજો ગાદીએ આવ્યો ત્યારે કેવળ રાજ્યારોહણનું ગરુડ-આકારનું પાત્ર, ચમચો તથા રાણી એલીઝાબેથ(પહેલી)ના સમયની મીઠા-મરીની રત્નજડિત નાની શીશીઓ સિવાય પ્રાચીન એક પણ સાધન હાથ આવ્યું નહિ, ને બધી વસ્તુઓ એ કાળે—ઇ. ૧૬૬૧માં નવી બનાવી લેવામાં આવી.

રાજ્યારોહણના ત્રણ વિધિ હોય છે: પ્રજા આગળ રાજ્યકર્તાની રજૂઆત; અભિષેક ને આરોહણ—રાજ્યસત્તાનું ધારણ. સંત રાજા એડવર્ડ ધ કન્ફેસરે બંધાવેલા 'વેસ્ટમિન્સ્ટર'ના દેવળમાં (જ્યાં તેને તથા ઇંગ્લંડનાં બધાં રાજવીઓને દાટવામાં આવ્યા છે ત્યાં) તેની સમાધિની સમક્ષ આજ સદીઓથી પવિત્ર તેલ વડે ઈંગ્લંડના રાજાઓનો અભિષેક કરી તેમને પુનિત કરીને પછી રાજ્યસત્તા સોંપવામાં આવે છે. ક્રૉસના આકારમાં બાંધેલા એ દેવળના મધ્ય ભાગે રાજવી આવે એટલે કૅન્ટરબરીનો ધર્મગુરુ તેને પ્રજા સમક્ષ રજૂ કરીને ચાર દિશાએ ચાર વખત ફરીને સૌને પૂછે છે કે તમે આમને તમારા રાજવી તરીકે સ્વીકારો છો? અને ચોમેર એકઠા થએલા પ્રજાપ્રતિનિધિઓ 'ગૉડ સેઈવ ધ ક્વીન (કે કિંગ)' કહીને સ્વીકારનો નાદ કરે છે. તે પછી રાજવી બાઇબલ પર હાથ મૂકીને પોતાની પ્રજાનો સ્વીકાર કરે છે અને રાજ્યના તથા ધર્મના કાયદાકાનૂનો અનુસાર તેનું શાસન તથા રક્ષણ કરવાના શપથ લે છે.

પરસ્પરની આ સ્વીકૃતિ પછી કૉરોનેશનની ખુરશી—આરોહણના આસન પર આવીને રાજવી બેસે, એટલે ચાર ઉમરાવો આવીને સોનેરી ભરેલું એક જરિયાન વસ્ત્ર ચાર ખૂણેથી પકડીને તેને માથે ચદરવાની પેઠે ધરી રાખે છે, અને ધર્મગુરુ ખુલ્લી પાંખોવાળા ગરુડના આકારના પાત્રમાંથી પવિત્ર તેલ ચમચામાં કાઢીને તેમાં પોતાનાં આંગળાં બોળી રાજવીના બે હાથ, છાતી અને માથા પર તે લગાડી અભિષેક કરી તેને પાવન કરે છે. એ પાત્ર 'ઍમ્પ્યુલા' રાજ્યારોહણનાં સર્વ સાધનોમાં સૌથી જૂનામાં જૂનું છે. ગરુડના ગળા આગળથી પેચ ફેરવીને તેનું માથું જુદું કરીને તેમાં સુગંધિત દ્રવ્યોવાળું ઓલિવનું તેલ રેડવામાં આવે છે. એ પેચની બનાવટ પરથી તે લગભગ ઇ. ૧૩૯૯ની સાલનું હોવાનું જણાય છે. ગરુડની પહોળી પાંખો વગેરેવાળો બાકીનો ભાગ ચાર્લ્સ બીજાના વખતમાં ફરી કરવામાં આવ્યો છે. નગદ સોનાના અને નવેક ઇંચ ઊંચા એ વજનદાર પાત્રને નમાવી ગરુડની ચાંચ વાટે જે રત્નજડિત પ્રાચીન ચમચામાં તેલ કાઢવામાં આવે છે તે ૧૪મી સદીનો છે.



અભિષેકનું પાત્ર (ઍમ્પ્યુલા) તથા ચમચો

અભિષેક માટે ખાસ તૈયાર કરવામાં આવતા એ પવિત્ર તેલની બનાવટ જોકે છેક પ્રાચીન કાળથી ગુપ્ત રાખવામાં આવે છે, પણ વેસ્ટમિન્સ્ટરના ધર્મગુરુએ હમણાં માત્ર એટલું કહ્યું કે એમાં બીજી અમુક વસ્તુઓ ઉપરાંત કસ્તૂરી, અંબર, બેન્ઝિયન અને સિવેટની સાથે નારંગી, ગુલાબ, જસમાઈન, તજ અને સીસેમનાં તેલ પણ હોય છે.



પ્રાચીન શૌર્ય પરંપરાનાં પ્રતીક પેગડાં

તેલનો અભિષેક થઈ રહ્યા બાદ, પ્રાચીન કાળના સામંતો ને અમીરો વાપરતા હતા તે ઘાટનાં નક્કર સોનાનાં સુંદર કોતરણીવાળાં પેગડાં શૌર્ય અને શીલ (શિવલ્રી)ના પ્રતીક તરીકે રાજવીના પગની પાનીને અડાડીને તેના હાથમાં આપવામાં આવે છે; અને તે વેદી પર મુકાયા બાદ રાજવીની કમર પરની 'રાજ્યની તલવાર' તે પોતે કાઢીને વેદી પર મૂકે છે અને ધર્મગુરુ તેને 'પ્રજારક્ષણ અને ન્યાય'ની બીજી તલવાર આપે છે, જેની મૂઠ અને મ્યાન કીમતી રત્નોથી ખીચોખીચ ભરેલાં છે. દુનિયા આખીમાં તે કીમતીમાં કીમતી તલવાર ગણાય છે. જ્યૉર્જ ચોથાના વખતમાં લગભગ એક લાખ રૂપિયાને ખર્ચે તૈયાર થએલી એ તલવારના મ્યાન પર ઇંગ્લંડના ગુલાબ, સ્કૉટલંડના થિસલ ને આયર્લંડના શૅમરૉક પ્રતીક-પુષ્પોનાં રત્નજડિત સુશોભનો છે ને ઊંચા દમાસ્કસના પોલાદમાંથી તે બનાવેલી છે. પછી તે મ્યાનમાંથી કાઢીને ખુલ્લી કરીને વેદી પર મુકાય છે. કુલ પાંચ પૈકી આવી બીજી ત્રણ તલવારો છે. 'ધાર્મિક ન્યાય' માટેની બુઠ્ઠી અણીવાળી તલવાર, 'ઐહિક ન્યાય' માટેની અણીવાળી તલવાર ને દયા માટેની 'કર્ટાના' તલવાર. આ 'કર્ટાના' તલવાર દયા માટેની છે એમ દર્શાવવા તેને છેડેથી છએક ઇંચ ભાંગેલી છે.

આ પછી રાજવીના જમણા હાથમાં પૃથ્વીના ગોળાના આકારનો, છ ઇંચ વ્યાસનો સોનાનો 'ઑર્બ' અપાય છે, જેના મથાળે એવો જ રત્નજડિત ક્રૉસ છે; તે એમ દર્શાવે છે કે રાજવીની સત્તા ધર્મની આણ તળે છે અને પૃથ્વી પર તેણે ધર્મના આણ વર્તાવવાની છે.





મથાળે : રાજ્યારોહણની મુદ્રા
બાજુએ : ગોળો

પછી ઑર્બ લઇને તેના જમણા હાથની અનામિકા ઉપર 'રાજ્યમુદ્રા'—વીંટી પહેરાવવામાં આવે છે, તે એમ દર્શાવવા કે તે આજથી રાજ્યની સાથે સંલગ્ન છે. વિલિયમ ચોથાના વખતની વીંટી મોટી હોવાથી રાણી વિક્ટોરિયા માટે જે નવી વીંટી બનાવવામાં આવી તે હાલ વપરાય છે. તેની વચ્ચોવચ મોટો પોખરાજ જડેલો છે, અને તેના ઉપર નાનાંનાનાં માણેકો વડે સંત જ્યૉર્જનો ક્રૉસ રચેલો છે. ઇંગ્લંડમાં પણ આ રાજ્યારોહણ વિષેનાં શુકન અપશુકન ઘણાં ચાલે છે. જેમ્સ બીજાના માથા પર તાજ બરોબર રહેતો ન હતો તેથી તે આખી ક્રિયા દરમ્યાન પકડી રાખવો પડેલો, અને તેનો મુખ્ય સામંત તેને નમન કરવા આવતાં ગબડી પડેલો. આ અપશુકનને પરિણામે જ તેને થોડા વખતમાં ગાદીત્યાગ કરવો પડેલો એમ મનાય છે! એ જ રીતે રાણી વિક્ટોરિયાને


આંગળીએ વીંટી બહુ સજ્જડ બેસી ગએલી તે કાઢતાં ખૂબ દર્દ થએલું એમ રાણીએ પોતાની ડાયરીમાં નોંધ્યું છે; પણ લગ્નની વીંટી પેઠે આ વીંટી પણ જેમ સખત તેમ શુકનરૂપ ગણાય છે; અને સૌ જાણે છે કે ઈંગ્લંડના સૌ રાજવીઓ કરતાં વિક્ટોરિયાએ લાંબામાં લાંબો કાળ રાજ્ય કર્યું!

વીંટી પહેરાવ્યા પછી રાજવીના બંને હાથમાં બે રાજદંડ આપવામાં આવે છે: એક 'સત્તા અને ન્યાય'નો દર્શક અને બીજો 'ન્યાય અને દયા'નો. પહેલા રાજદંડને મથાળે દુનિયાના મોટામાં મોટા હીરા કુલિનનમાંથી બનાવેલા પેલા બે 'સ્ટાર ઑવ આફ્રિકા' પૈકીનો ૨॥ ઇંચ લંબાઇનો, ૫૧૬॥ કૅરેટ વજનનો સૌથી તેજસ્વી મોટો હીરો જડેલો છે અને બીજા 'દયા'ના રાજદંડને મથાળે ધર્મ તથા કરુણાના પ્રતીક રૂપ હોલાની આકૃતિ છે. બે હાથમાં બે રાજદંડ આપવાની પાછળ એ ભાવના છે કે સત્તા અને ન્યાય તથા દયાને કદી જુદાં પાડવાનાં નથી. શાહી ખજાનામાં આવા કુલ પાંચ રાજદંડ છે.

આ પછી, રાજ્યારોહણના વિધિની ટોચ રૂપ પરંપરાથી ચાલ્યો આવતો સંત રાજા એડવર્ડ ધ કન્ફેસરનો તાજ પહેરાવવાનો વિધિ થાય છે. સંત એડવર્ડનો એ મુકુટ જોકે ચાર્લ્સ બીજાના વખતમાં નવો બનાવેલો છે, પણ તે વિવિધ રત્નજડિત નક્કર સોનાનો કોઇ એટલો તો ભારે—લગભગ સાત રતલનો!—છે કે તે માત્ર થોડી જ મિનિટ રાજવીના માથા પર રાખીને ઉતારી લઈ તેને બદલે 'ઇમ્પીરીઅલ ક્રાઉન' નામનો 'શાહી મુકુટ' પહેરાવવામાં આવે છે.

આ 'ઈમ્પીરિયલ ક્રાઉન' રાજ્યારોહણનાં સમગ્ર સાધનોમાં સૌથી અધિક ઐતિહાસિક મૂલ્યવાળો અને કીમતીમાં કીમતી છે. વર્ષોવર્ષ પાર્લામેન્ટ ખુલ્લી મૂકતી વખતે તેમજ એવા બીજા રાજકીય વિધિ વખતે રાજવી એ જ તાજ પહેરે છે. રાણી વિક્ટોરિયા માટે વજનમાં હલકી પ્લૅટિનમ ધાતુનો બનાવેલો હોવા છતાં એ તાજ ૩૯ આઉંસ (લગભગ અઢી રતલ) થાય છે. એમાં નાનામોટા મળીને કુલ ૨૭૮૩ હીરા, ૨૭૭ મોતી, ૧૭ પોખરાજ, ૧૧ નીલમ ને ૫ મોટાં માણેક મળી કુલ ૩૦૯૩ રત્નો છે, જેમાં કેટલાંક તો જગતનાં નામાંકિત અને ઐતિહાસિક રત્નો છે. દુનિયામાં આજ સુધી મળી આવેલા મોટામાં મોટા (સાડાચાર ઈંચ લાંબા) 'કુલિનન' નામના હીરામાંથી કાપી કાઢેલા 'સ્ટાર ઑવ આફ્રિકા' નામના બે મહામૂલ્યવાન હીરા પૈકીનો બીજા નંબરનો હીરો આમાં છે; એજિનકોર્ટના મેદાન પર ફ્રેન્ચોને સખત હાર આપી ત્યારે પાંચમા હેનરીએ જે 'બ્લૅક પ્રિન્સ'નું વિખ્યાત માણેક પહેરેલું તે આમાં છે; રાણી એલીઝાબેથનાં એરીંગનાં ચાર લંબગોળ મોતી એની કમાન નીચે લટકે છે, સ્ટૂઅર્ટ કુટુંબનો જાણીતો પોખરાજ પણ આમાં જ છે; ને છેક ઈ. ૧૦૪૯માં એડવર્ડ ધ કન્ફેસરે પોતાના રાજ્યાભિષેક વખતે પહેરેલો તે હજાર વરસ જૂનો પોખરાજ પણ આના મથાળાના ક્રૉસ વચ્ચે જડેલો છે.

હિંદનો વિખ્યાત કોહીનૂર હીરો આમાં જડવામાં આવ્યો નથી; કેમકે તેને વિષે એવી માન્યતા છે કે કોઈ પુરુષ તે ધારણ કરે તો તેને માટે તે અપશુકનિયાળ છે, પરંતુ સ્ત્રીઓને માટે તે શુકનવંતો છે. આથી રાણી વિક્ટોરિયાના મુકુટમાં તે હતો; તે પછી એડવર્ડ સાતમાની રાણી એલેકઝાન્ડ્રા, જ્યૉર્જ પાંચમાની રાણી મેરી ને જ્યૉર્જ છઠ્ઠાની રાણી એલીઝાબેથના તાજમાં તે હતો.



આ મુકુટમાં વચ્ચોવચ સન્મુખ કોહીનૂર છે.

રાજવી મુકુટ ધારણ કરે કે તરત ઉમરાવો ને ઉમરાવજાદીઓ પોતપોતાના તાજ ધારણ કરે છે, સૌ એકી અવાજે 'ગૉડ સેઈવ ધ કિંગ (ક્વીન)' પોકારે છે, દેવળની અટારીએથી રણશીંગાં ફૂંકાય છે ને દેવળના ઘંટ ઘણુઘણી રહે છે અને લંડનના ટાવર તથા હાઈડ પાર્કમાંથી સલામીની તોપો ધણધણી ઊઠે છે.

કોહીનૂર (અનુસંધાન પૃષ્ઠ ૨૦૯થી ચાલુ)

ઈ. સ. ૧૮૩૯માં રણજિતસિંહના અવસાન બાદ અંગ્રેજો અને શીખો વચ્ચે લડાઇ શરૂ થઈ, જેમાં ચિલિયનવાલા મુકામે ઈ. સ. ૧૮૪૯ના ફેબ્રુઆરીની ૨૧મીએ લડાએલા છેલ્લા યુદ્ધમાં શીખોનો સંપૂર્ણ પરાજય થયો. અંગ્રેજોએ રણજિતસિંહના કિશોર વયના પુત્ર દુલીપસિંહને પદભ્રષ્ટ કરી દઈ અફઘાનિસ્તાનની સરહદ સુધીનું રણજિતસિંહનું પંજાબનું આખું યે રાજ્ય ખાલસા કર્યું. ઈ. ૧૮૪૯ના માર્ચની ૨૯મીએ થએલી લાહોરની સંધિ અનુસાર દુલીપસિંહને કોહીનૂર ઇસ્ટ ઇંડિયા કંપનીને સોંપી દેવો પડ્યો. શીખ રાજ્યના ખજાનચી મિશ્ર મેઘરાજે લાહોરના કિલ્લાના ગવર્નર અને દુલીપસિંહના રખેવાળ નિમાએલા સર જૉન લૉગિનને એ સોંપ્યો.

ઈ. સ. ૧૮૪૯ના ડિસેમ્બરની ૭મીએ સર જૉન લૉગિને ગવર્નર જનરલ લૉર્ડ ડેલહાઉસીને એ હીરો સુપ્રત કર્યો જે બદલ એને આપવામાં આવેલી રસીદ પર કાઉન્સીલના ત્રણ સભ્યો એચ. એમ. લૉરેન્સ, સી. જી. મેન્સલ અને જૉન લૉરેન્સ તથા હિંદ સરકારના સેક્રેટરી તરીકે એચ. એમ. ઈલીઅટની સહી કરવામાં આવેલી. લેડી લૉગિને લખેલાં પોતાના જીવનનાં સંસ્મરણોમાં એ આખી યે રસીદ ઉતારી છે.

લૉર્ડ ડેલહાઉસીએ પ્રકટ કરેલા પોતાના 'પત્રો'માં જણાવ્યું છે: 'કોહીનૂરને હું લાહોરથી મારા કમરપટા સાથે સીવી લીધેલા પાકીટમાં નાખીને લાવેલો અને મુંબઇ આવી મેં એ તીજોરીમાં ન મૂક્યો ત્યાં સુધી દિવસ કે રાત મેં એ અંગથી અળગો નહોતો કર્યો.' અંતે મુંબાઈથી ઇ. સ. ૧૮૫૦ના એપ્રિલની ૬ઠ્ઠીએ ઊપડેલી આગબોટ 'મીડીસા' મારફત કોહીનૂર ઇંગ્લંડ મોકલાવી આપવામાં આવ્યો.

ઈંગ્લંડમાં કંપનીએ એ હીરો રાણી વિક્ટોરિયાને ભેટ ધર્યો. વિક્ટોરિયાને નજરાણું થતી વખતે એનું વજન માત્ર ૧૮૬ કૅરેટ રહ્યું હતું; પરંતુ ત્યાર પછી યે વિક્ટોરિયાએ એને ફરી કપાવીને પહેલ પડાવતાં તેનું વજન માત્ર ૧૦૬ કૅરેટ જેટલું રહ્યું છે. આ રીતે ફરી કપાવવા પાછળ ૮,૦૦૦ પૌંડનો ખરચ થએલો અને ૩૮ દિવસ લાગેલા.

સદીઓ થયાં હિંદના ઇતિહાસ સાથે સંકળાએલો કોહીનૂર આજે બ્રિટિશ રાજમુકુટને શોભાવે છે. હિંદને એ પાછો મળે એવી મોટા ભાગના હિંદીઓની ઈચ્છા છે. જો વાટાઘાટો દ્વારા હિંદને તેનું હરી જવામાં આવેલું એ રત્ન પાછું મળવાનો સંભવ ન હોય તો તેની કીમત ચૂકવીને પણ તે આ દેશમાં પાછો લાવવો જોઇએ.





હો ધન્ય શેરપા જવાન સાહસમશગૅલ!
હો હૈમગિરિશીર્ષારોહક હિમશાર્દૂલ!
માનવવિક્રમના યશ-ઉજળા આ ગીતે
તેં અંતિમ ચરણ ઉમેર્યું ભવ્ય સુપ્રીતે.
આ હિદભાગની અપ્રતીત વીરશ્રી,
તેં જગને કીધ પ્રતીત વરીને જયશ્રી.
છો માનવ દેહે બદ્ધ રહ્યો ક્ષણભંગુર,
ના યશશ્વરિતે શાશ્વતનો એ અંકુર?—અશોક હર્ષ

એવરેસ્ટવિજેતા તેનસિંગ

જે સાહસપ્રાણ ગભણ શેરપા જુવાન પર આજે દેશપરદેશમાંથી પ્રશંસાનાં પુષ્પો વર્ષી રહ્યાં છે એ એવરેસ્ટના સફળ આરોહક તેનસિંગ નૉર્કેનું આજ સુધીનું જીવન એક પહાડખેડુનું જ જીવન રહ્યું છે. નાનપણમાં પોતાના દાદા પાસેથી અને ગઇ સાલ જ અવસાન પામેલા પિતા પાસેથી પહાડોના ખેડાણની અદ્ભુતરમ્ય વાતો એ સાંભળતો ત્યારથી જ હિમાલયની ગોદમાં ખેલતા કિશોર તેનસિંગને તેનાં ઉન્નત ગિરિશૃંગો પર પહોંચવાની લગની લાગેલી. એ લગનીને વશ થઈ એક દિવસ એ પોતાના ગામથી કેટલાક મિત્રો સાથે દાર્જીલિંગ નાસી છૂટ્યો. શરૂઆતમાં તો આરોહક બ્રિટિશ ટુકડીઓમાં સામાન્ય મજૂર તરીકેનું કામ તેને મળવા લાગ્યું, પરંતુ ધીમેધીમે તે શેરપાઓનો સરદાર બની ગયો. હિમાલયના ચઢાણમાર્ગોનો એ એવો ભોમિયો બની ગયો કે કોઇ પણ આરોહક ટુકડીને તેને સાથે લીધા વિના ન જ ચાલે.

એવરેસ્ટનાં અત્યાર સુધીનાં અગિયાર આરોહણોમાંથી નવ આરોહણોમાં તેનસિંગ શામેલ હતો. ઈ. સ. ૧૯૩૫માં એરિક શિપ્ટનની ટુકડી સાથે રહી એ ૨૪,૦૦૦ ફૂટ સુધી એ ટુકડીની જોડે પહોંચેલો. આ ટુકડીએ જ એવરેસ્ટ પર એકલા ચડવા ગએલા વિલ્સનનું શબ શોધી કાઢેલું. ઈ. સ. ૧૯૩૬માં રટલેજની ટુકડીમાં એ શામેલ હતો. ઈ. સ. ૧૯૩૭માં દિલ્હી મોજણીખાતાના મેજર આશામોહન સાથે તે ગઢવાલ ગએલો. ઇ. ૧૯૩૮માં મિ.



ટિલમૅન સાથે તેણે ફરી પાછો એવરેસ્ટના આરોહણમાં ભાગ લીધો. ૧૯૩૯માં તિર્ચમીર પર ચડવા તે ચિત્રાલ પહોંચેલો. પાંચ વર્ષ ત્યાં રહી તે તિર્ચમીર પર ૨૫,૦૦૦ ફૂટ અને બોનીજુમ પર ૨૦,૦૦૦ ફૂટની ઊંચાઇએ પહોંચ્યા બાદ ઈ. સ ૧૯૪૫માં દાર્જીલિંગ પાછો ફર્યો. ઈ. સ. ૧૯૫૦માં ફરી પાછો ટિલમૅન સાથે એવરેસ્ટ ચડતાં એમને 'શોકપા' (હિમમાનવ–'સ્નોમૅન')નાં પગલાં દેખાએલાં. એ જ સાલમાં પાકિસ્તાનમાં આવેલા નંગાપર્વત પરના ચઢાણ બાદ વળતી સાલે ફ્રેન્ચ આરોહક ટુકડી સાથે એ નંદાદેવી પહોંચ્યો, જેમાં એ ટુકડીનો નેતા દુપ્લે નંદાદેવીની ટોચથી થોડે જ દૂર મૃત્યુ પામ્યો.

૧૯૫૨ની સ્વિસ ટુકડીમાં તેનસિંગે એવરેસ્ટ પર ૨૮,૨૧૦ ફૂટની ઊંચાઇએ પહોંચી જગતનો ત્યાર સુધીનો આંક તોડયો. ટુકડીના નેતા શેવાલીએ તેના આ વિક્રમ બદલ



માસમાસનાં પંખી [૮૯]
કસ્તૂરો

ખડકાળ પ્રદેશમાં ઝરણાકાંઠે કોઇ લહેરી નિશાળિયા જેવી મીઠી સીટી વાગતી સાંભળો તો માનજો કે એટલામાં કયાંક કસ્તૂરો (Thrush) હાજર છે. તેની ઘણી યે જાતોમાંથી આપણે ત્યાં ઊતરી આવતા, ચાંચ, પગ ને આંખની કિનારીના પીળા રંગ વડે તુરત ઓળખાતા શ્યામ કસ્તૂરા તથા છેક હિમાલય તરફથી આવતા પાતળિયા દેહવાળા આસમાની કસ્તૂરા જાણીતા છે. ઉપર આપેલું ચિત્ર મેનાથી મોટા ને કબૂતરથી નાના ભૂરા ખભા ને કપાળવાળા તથા એવી જ ઝાંયવાળા ચમકતા કાળા રંગના આપણે ત્યાં દેખાતા કસ્તૂરાનું છે. પહાડીઓમાં ગીચ ઝાડી વચ્ચે કોઈ ઝરણાકાંઠે પૂછડી પટપટાવી, કે તેને પંખા જેમ પહોળી કરી ખૂણેખાંચરે ભરાએલાં જીવડાં કાઢતો એ દેખાય છે. પાણીનાં જીવડાં, ગોકળગાય ને કરચલાં એ તેનો મુખ્ય આહાર.

શિયાળામાં એ 'ક્રી...ઈ' એવો તીણો અવાજ કાઢે છે, પણ ફેબ્રુઆરીથી ઑગસ્ટ દરમિયાન તેના પ્રજનનકાળે એ અવાજમાં મીઠાશ આવી જાય છે. પરોઢિયે કે મોડી સાંજે સાંભળવા મળતી તેની એ મીઠી સીટી પરથી તે 'વ્હિસલિંગ સ્કૂલબૉય'ને નામે પણ ઓળખાય છે! જો નાનપણથી જ પાસે રાખી ઉછેરવામાં આવે તો તે સારી પેઠે હળી જતો હોઈ આ મીઠા અવાજથી આકર્ષાઇ ઘણા તેને પાળે પણ છે. પ્રજનનકાળે નર-માદા સાથે મળી કોઇ વહેતા પાણીની નજીકમાં, ખડકને ઓથારે કે તેની સીધી ઊભી દીવાલની પાળે યા તો કયારેક કોઈ ઝાડનાં મૂળિયાંની ગૂંચ વચ્ચે લીલ ને ઘાસમૂળિયાંને કાદવ વડે સાંધી, માળો કરી, તેમાં રાતા તપખીરી ને લવંડર રંગની છાંટવાળાં, ઝાંખા પીળા કે રાખોડી ઝાંયવાળાં, ત્રણ કે ચાર ઇંડાં મૂકે છે. તેના સેવનમાં તથા બચ્ચાંના ઉછેરમાં નર ને માદા બંને સરખો ભાગ લે છે.

તેને ભાવભરી અંજલિ આપી છે. આ મુખ્ય આરોહણો સિવાય જુદા-જુદા દેશની જુદીજુદી ટુકડીઓ સાથે નાનામોટા અનેક પહાડોનાં ચઢાણ એણે ખેડેલાં છે. પર્વતારોહક તરીકે તેણે એટલી તો કાબેલિયત મેળવી લીધી છે કે દાર્જીલિંગના લોકો તો એને 'બરફના વાઘ' તરીકે જ ઓળખે છે. અભણ તેનસિંગે પર્વતારોહણનો નથી પુસ્તકો દ્વારા અભ્યાસ કર્યો કે નથી કોઇએ એ વિજ્ઞાન એને પ્રત્યક્ષ સમજાવ્યું. પરિશ્રમ અને અવલોકન દ્વારા બધું પોતાની જાતે શીખતો રહી આજે એ જગતનો ચુનંદો પર્વતારોહક બન્યો છે.

સ્વિસ ટુકડીમાં રેમંડ લૅમ્બર્ટ સાથે ૨૮, ૨૧૦ ફૂટનું અંતર તેનસિંગે કૃત્રિમ પ્રાણવાયુની મદદ વિના જ કાપેલું એ હકીકત ઓછી નોંધપાત્ર નથી; અને છતાં, ટુકડીના બીજા બધા આરોહકો થાકીને લોથ થઈ ગયા હતા ત્યારે તેનસિંગનો ઉત્સાહ હજુ અપ્રતિહત જ રહેલો. એણે કહેલું, 'મને એ વખતે જો ગરમાગરમ ચાનો એક કપ પીવા મળ્યો હોત તો બાકીનું અંતર હું સહેજે કાપી નાખત. અને આ એની આપવડાઈ નહોતી એ તા. ૨૯મી મેએ એણે એવરેસ્ટ સર કરી બતાવી આપ્યું છે. આજ સુધી અપરાજિત રહેલા એ ગિરિશિખર પર વિજય મેળવવામાં એની સાથે રહેલી બીજી વ્યક્તિ હતી ન્યૂ ઝીલૅન્ડનો એક મધમાખી ઉછેરનાર હિલેરી.

તેનસિંગનો જન્મ ઇ. ૧૯૧૪માં પૂર્વ નેપાળના ખુમજુન ગામે થએલો. એણે લગ્ન દાર્જીલિંગની જ એક શેરપા કન્યા સાથે કરેલાં છે. તેનાથી થએલો પુત્ર અવસાન પામ્યો છે, પણ બે પુત્રીઓ છે જે દાર્જીલિંગની નેપાલી ગર્લ્સ સ્કૂલમાં ભણે છે. વર્ષોથી બ્રિટિશ આરોહક ટુકડીઓની સાથે રહ્યાથી તેનસિંગ હવે અંગ્રેજી સમજી શકે છે.

પર્વતારોહક ટુકડીઓના મજૂર તરીકે જિંદગીની શરૂઆત કરી આજે પર્વતારોહકોના અનિવાર્ય માર્ગદર્શક બની રહેલા તેનસિંગે આ સિદ્ધિ મેળવી હોય તો તે માત્ર તેનાં ખંત અને ધ્યેયનિષ્ઠાને આભારી છે. એ પહાડની ગોદમાં પહોંચે છે કે પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ જ જાણે વીસરી જાય છે. તેના કહેવા પ્રમાણે ૨૬,૦૦૦ફૂટની ઊંચાઈએ ચડ્યા બાદ નથી તેને ઘરબાર યાદ આવતાં કે નથી ભૂખતરસનું યે ભાન રહેતું. થૂંકીએ તો થૂંક પણ બરફની કાંકરી બનીને પછડાય અને ફેફસાંમાંથી બહાર ફેંકાતો શ્વાસ પણ મૂછના વાળ પર જામી જાય એવી ઠંડીમાં યે એનું ચિત્ત તો ચોંટેલું હોય છે શિખરની ચોટીએ પહોંચવાના એકમાત્ર ધ્યેય પર.

ગુલાબી ઝાંયવાળા ગોળમટોળ ચહેરાના તેનસિંગનું શરીર કસાએલું અને પડછંદ છે. ૬ ફૂટ ને ૮ ઈંચ ઊંચા આ હસમુખા જુવાનને નેપાળ સરકાર અને ભારત સરકાર બંનેએ સત્કારવાનો નિર્ણય કરીને એના અનન્ય વિક્રમને યોગ્ય અંજલિ આપી છે. જોકે એ વિક્રમ જ સ્વયં એવો છે કે જગતભરના સાહસપ્રિયોનાં દિલોમાં એનું નામ કાયમને માટે અંકિત કરી રહેશે...બ્રિટિશ ટુકડીના નેતા કર્નલ હન્ટે એવરેસ્ટ પરના અંતિમ આક્રમણ માટે નિશ્ચિત કરેલો. મિ. જી.સી. બૅન્ડ તેના પ્રયાસમાં નિષ્ફળ જાય તો જ તેને અંતિમ આક્રમણ માટે રજા આપી હતી; પરંતુ જગતનો પ્રજામત તો પહેલેથી જ એવો બંધાઇ ચૂકેલો કે તેનસિંગ સિવાય બીજા કોઇનું એ ગજું નથી. ઍલન શ્રીને હંટની ટુકડીના આરોહણના પ્રારંભે જ આગાહી કરેલી કે કે જગતના એ સર્વોચ્ચ શિખરના મથાળે પદારોપણ કરનાર પહેલવહેલો પુરુષ કદાચ એમનામાંનો સર્વશ્રેષ્ઠ પહાડખેડુ તેનસિંગ હશે. ('This year Tensing Norkay, greatest-mountaineer of them all may be the firstman to set foot on the topmost point of the roof of the world.')


ઈંગ્લંડની રાજવી સંસ્થાનો વિકાસ

માનવી પોતાના કુટુંબથી આગળ વધીને મોટા જૂથમાં રહેવા લાગ્યો ત્યારે એણે એક જણને જૂથનાયક તરીકે ચૂંટી કાઢવાનું યોગ્ય માન્યું, એની ન્યાયબુદ્ધિને અનુસરવાનું સ્વીકાર્યું ને એમાં પૂજનીયતા અને પવિત્રતાનું આરોપણ કર્યું. આ જૂથનાયક એ જ રાજવીસંસ્થાનું પ્રથમ પ્રતીક. એ પ્રાથમિક ભૂમિકામાં જૂથનો એ ક્ષેત્રપાલ (Corn-King) હતો. એ પોતાના જૂથ માટે જ જીવતો ને મરતો. કેટલીક વાર તો ક્ષેત્રપાલપદે વધુ યોગ્ય ને તરુણ વ્યક્તિને લાવવાનું નક્કી થતાં ને સ્વેચ્છાએ કૃષિદેવતા સમક્ષ પોતાનું બલિદાન પણ દેતો!

આ ક્ષેત્રપાલોનો દરજ્જો પ્રભુ અને માનવીની વચ્ચેનો કહેવાતો. આથી એ શરૂના જૂથનાયકોમાંથી ઉદ્ભવેલા રાજવી વંશોએ પોતાનું મૂળ સીધું ઈશ્વરમાં આરોપ્યું. રાજવી સંસ્થામાં દિવ્યતાના આ આરોપણ સાથે રાજા એ પ્રજાનો પિતા હોવાનો ખયાલ અનિવાર્ય બન્યો.

વળી રાજા જે જાતિનું રાજવીપદ સંભાળતો હોય એ જાતિના આદર્શોનું તે મૂર્તિમંત પ્રતીક હોવો જોઇએ; અને પ્રાચીન કાળમાં સર્વોપરિ આદર્શ યુદ્ધકૌશલનો હતો, એટલે સ્વાભાવિકરીતે જ રાજા પોતાની જાતિનો યુદ્ધનેતા બન્યો, ને આમ તેની સત્તાનો પાયો નખાયો.

ખ્રિસ્તી ધર્મના ઉદયે રાજવી સંસ્થામાં વધુ બળ પૂર્યું. નવમી સદીમાં વેસેક્સના રાજા એગ્બર્ટે કૅન્ટરબરીના ધર્માધ્યક્ષ સાથે સહકાર સાધ્યો. અને કૅન્ટરબરીનો ધર્માધ્યક્ષ સમસ્ત ઇંગ્લંડનો આધ્યાત્મિક નેતા હતો, એટલે આ જોડાણ પછી ઇંગ્લંડના દરેક રાજવીને



મથાળે : રનીમીડનું મેદાન, જ્યાં ઇંગ્લંડની પ્રજાએ રાજા જૉનના હાથમાં કલમ પકડાવીને 'મૅગ્નાચાર્ટા'ના ખરીતા પર સહી કરાવી હતી: નીચે : પ્રજાના એ હકનામા 'મૅગ્નાચાર્ટા'નો એક ભાગ.

દેવળ તરફથી સુગંધમર્દન કરવાની પ્રથા શરૂ થઈ, અને એના સામેનો અપરાધ એ પ્રભુ સામેનો અપરાધ ગણવામાં આવ્યો. એગ્બર્ટના પૌત્ર આલ્ફ્રેડે સૌને ડારતા ડૅનિશ આક્રમણકારોને હરાવ્યા ને સમર્થ રાજવી તરીકે બહુમાન પામ્યો. એણે ગંભીર ગુનાઓને 'રાજાની શાંતિ' સામેના અપરાધ તરીકે ગણી સજા કરવા માંડી. આ રીતે રાજા એ સર્વોપરિ દંડવિધાયક અને ન્યાયપ્રદાતા હોવાની વિચારસરણીનો પ્રારંભ થયો. ઇંગ્લિશ કાયદાનો જન્મદાતા તે આ આલ્ફ્રેડ.

એની પછી એગ્બર્ટના વંશના છેલ્લા રાજા 'એડવર્ડ ધ કન્ફેસરે' રાજવી સંસ્થાના નૈતિક અધિકારોમાં સંતને પ્રાપ્ત એવી અનન્ય પ્રતિષ્ઠાનો ઉમેરો કર્યો તે 'સંત એડવર્ડ'ને નામે પ્રખ્યાત થયો અને ત્યારથી રાજાના અભિષેક માટે ધર્માચાર્ય તરફથી 'ક્રાઉન ઑવ સેન્ટ એડવર્ડ'નો પ્રારંભ કરવામાં આવ્યો.

એની પછી નૉર્મંડીના ઉમરાવ વિલયમ ધ કૉન્કરરે ઇંગ્લંડ જીતીને એ સંત-રાજવીના કાયદેસર વારસ તરીકે પોતાને રજૂ કરવા પુષ્કળ શ્રમ લીધો. ત્યારથી સર્વ ભૂમિનો માલિક રાજા ગણાવા લાગ્યો. મોટા મોટા જમીનદારો એ રાજાના સામંતો બન્યા અને એ રાજા એ સામંતોને રક્ષણ આપવા બંધાયો. રાજા ને સામંતો વચ્ચે કોઈ મહત્ત્વનો પ્રશ્ન ઉપસ્થિત થતાં તેના નિકાલ માટે વડી મંત્રીસભા ('ગ્રેઈટ કાઉન્સિલ') અસ્તિત્વમાં આવી. પણ વચ્ચે સામંતો અને ધર્માચાર્યોને જેવું લાગ્યું કે રાજા સર્વસત્તાધીશ બનીને પોતાના અધિકારની આડે આવે છે, કે તરત તેમણે માથું ઊંચક્યું અને ૧૨૧૫ માં રન્નીમીડના મેદાન પર રાજા જૉનના હાથમાં કલમ પકડાવીને મૅગ્નાચાર્ટાના ખરીતા પર તેના હસ્તાક્ષર લીધા. કાયદો રાજાને પણ બંધનકર્તા છે, અને કોઈ પણ કાયદો સામાન્ય અનુમતિ વિના ફેરવી ન શકાય એવું બંધન પણ રાજા પર મૂકવામાં આવ્યું.

હેનરી ત્રીજાના સમયથી મંત્રીસભામાં વધુ લોકોને પ્રતિનિધિત્વ અપાતું ગયું અને તેને 'પાર્લામેન્ટ'નું નામ પણ અપાવા લાગ્યું.

રિનેસાં (Renaissance) અથવા પુનરુદયકાળ એ યુરોપમાં આપખુદ શાસનનો કાળ હતો ને ઇંગ્લંડના ટ્યૂડર રાજવીઓ પણ એ આપખુદીના માર્ગે વળ્યા. હેનરી આઠમાએ તો પાર્લામેન્ટને પોતાનો હાથો બનાવીને ધર્મસંસ્થા સામે મોરચો માંડ્યો. પોપ સાથેનો સઘળો સંબંધ તોડી નાખી ધર્મ સંસ્થાઓની સઘળી જાગીરો ખાલસા કરી ને આમ, જ્યાં શરૂઆતના રાજવીને કશો જ રાજકીય સત્તાધિકાર નહોતો ત્યાં ટ્યૂડર રાજવીઓ સર્વ સત્તાધિકારી બની બેઠા.

જો કે બીજી બાજુ ટ્યૂડર શાસનની સદી એ ઇંગ્લંડની રાષ્ટ્રીય અસ્મિતા અને મહત્તાનો પણ કાળ હતો. ઇંગ્લંડના શોધ-સફરીઓએ એ કાળમાં સાત સાગરો સર કર્યાં, આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે તે એક મહાન સત્તા બન્યું, અને ઇ. ૧૫૮૮માં સ્પૅનિશ નૌકાકાફલાનો પરાજય કરીને ઇંગ્લંડે મહાન દરિયાઈ સત્તા તરીકેની આત્મશ્રદ્ધા મેળવી.

પણ સ્ટુઅર્ટ રાજઅમલમાં એ રાજાશાહીની વધતી જતી આપખુદીની પ્રજાએ તરત ખબર લીધી. ૧૬૪૯માં ચાર્લ્સ પહેલાનો શિરચ્છેદ થયો, અને ઑલિવર ક્રૉમવેલે સત્તા હાથમાં લીધી. પરંતુ એની યે લશ્કરી સરમુખત્યારીથી લોકો એટલા કંટાળી ગયા કે ઇ. ૧૬૫૮માં એના અવસાન પછી ચાર્લ્સ પહેલાના પુત્ર ચાર્લ્સ બીજાને એમણે ઉમંગથી બોલાવી રાજા તરીકે વધાવી લીધો.

પરંતુ ઇંગ્લંડના ચતુર પ્રજાએ આ ફરીથી સ્થપાએલી રાજાશાહી આપખુદ બનીને લોકશાસન સામે ન બહેકે તેની સઘળી તકેદારી રાખી. રાજ્યઅમલની સત્તા હવે રાજવીની મંત્રીસભાને હસ્તક નહિ પણ પાર્લામેન્ટને હસ્તક હતી. જોકે વિદેશનીતિની તેમજ યુદ્ધ કે શાંતિની બાબતમાં રાજવીના અધિકારો કાયમ રહ્યા હતા, પરંતુ લશ્કર નિભાવવા માટેના ખર્ચની મંજૂરી તો તેને પાર્લામેન્ટ પાસેથી જ મેળવવી પડતી ચાર્લ્સ બીજો આ જાહેર પ્રજામતને નમતું આપીને કુનેહપૂર્વક પોતાનું સ્થાન જાળવી રાખી શક્યો, પરંતુ એની પછી એના ભાઈ જેમ્સમાં એવી કુનેહ ન હોતાં તરત પ્રજાએ એની વિરુદ્ધ પડી એને ઉઠાડી મૂક્યો ને એની પુત્રી મેરી તથા તેના પતિ વિલિયમ ઑવ ઑરેન્જને રાજગાદી પર બેસાડ્યાં. પછી તો પાર્લામેન્ટે અધિકારોનો ખરડો (બિલ ઑવ રાઈટ્સ) તૈયાર કર્યો, જેમાં સ્પષ્ટપણે બતાવી દેવામાં આવ્યું કે રાજવી એના દિવ્ય અધિકારો કે વંશ પરંપરાપ્રાપ્ત અધિકારોથી નહિ પરંતુ પાર્લામેન્ટની સંમતિથી જ શાસન કરે છે. રાજા કોઇ પણ કાયદો સ્વેચ્છાએ પાછો ખેંચી ન શકે. રાજાની લશ્કર પરની સત્તા દર વરસે પાર્લામેન્ટની મંજૂરીને પાત્ર બનાવવામાં આવી ને ન્યાયતંત્ર પરનો રાજાનો પ્રભાવ તો સમૂળગો દૂર કરવામાં આવ્યો. આ પછી ઇ. ૧૭૭૪ના 'શાહીલગ્ન ધારા'થી તો રાજગાદીના ઉત્તરાધિકાર પર અસર કરે એવાં લગ્નો પણ શાહી કુટુંબ ન કરી શકે એમ ઠરાવાયું. ઇંગ્લંડના રાજાની રાણીને તો હજુ કેટલાક હક છે, પરંતુ ઇંગ્લંડની રાજકર્ત્રી રાણીના પતિને તો ૧૯૩૭ સુધી કશા હક કે અધિકાર નહોતા. એ સાલમાં પસાર કરવામાં આવેલા એક કાયદા મુજબ રાણી જ્યારે રાજ્ય બહાર હોય અથવા ગંભીર માંદગી ભોગવી રહી હોય ત્યારે જે પાંચ રાજમંત્રીઓ (કાઉન્સેલર્સ ઑવ સ્ટેટ) નીમવામાં આવે તેમાં પ્રથમ મંત્રીપદ રાજકર્ત્રી રાણીના પતિને આપવામાં આવેલું છે.

ઇંગ્લંડના રાજવીપદના ક્રમવિકાસની આ કથા દર્શાવે છે તેમ ત્યાંની પ્રજાએ પોતાના હક્કની વિરુદ્ધ રાજસત્તાને કદી બહેકવા નથી દીધી; અને જ્યારે પણ રાજવી આપખુદ થયો છે ત્યારે તેની સામે તેણે લાલ આંખ કરી છે. ત્યારે બીજી બાજુ, 'પ્રજાને માટે જ જીવતો ને મરતો, પ્રભુ અને માનવીની વચ્ચેનો પ્રતિનિધિ બની રહેવા'ના પ્રાચીન આદર્શને ફલિભૂત કરવા તત્પર એવા રાજવી પર તે પોતાના હૃદયનો પ્રેમ અને ભક્તિ ન્યોછાવર કરતી રહી છે.

સાહસખેડુ શેરપા

આમ તો ખમ્બા, અમ્બદો, ફૂલા, લેપચા, ચૂબા, તમાંગ, ભોટિયા આદિ કેટલી યે પહાડી કોમના મજૂરો પર્વતારોહીઓ સાથે મજૂર તરીકે સામાન ઉપાડવા જાય છે, પરંતુ ચુસ્ત પાયજામો, અંગરખા જેવો ઝભ્ભો તથા ડાગલા જેવી અણિયાળી ગોળ લાંબી ટોપી અને સૂતરના મોટાં પગરખાંવાળા 'શેરપા' કે 'શેરબા' કોમના મજૂરો આ બીજા બધા મજૂરો કરતાં પહાડખેડુઓ માટે વધુ કામગરા ને અનુભવી સિદ્ધ થયા છે. નેપાળને ઇશાન ખૂણે તિબેટની સરહદ પર શોલુખંડ, સિક્કિમ, તથા દાર્જીલિંગ જિલ્લાનાં ગામડાંઓમાં તેઓ રહે છે. મંગોલિયન જાતિસમુદાયના આ અડીખમ શેરપાઓની રહેણીકરણી પણ લગભગ તિબેટવાસીઓ જેવી જ હોય છે. બૌદ્ધ ધર્મમાં અને જંતર-મંતરમાં એમને પૂરો વિશ્વાસ. સાથે નાચ-ગાન, પાન-બીડી તથા સરસવ જેવી કોદો નામની પહાડી વનસ્પતિમાંથી બનતા 'જા' કે 'રક્સી' નામના દેશી દારુના પણ એવા જ પ્રેમી. જુગાર પણ વખત મળે ન છોડે. ખેતી અને મજૂરી ઉપરાંત પશુઉછેર એ એમનો મુખ્ય વ્યવસાય. ગાય-ભેંસ, બકરી. સુવર, ખચ્ચર, ઘોડાં, મરઘાં એવું એવું પાળે અને દૂધ, ઘી, ઘેટાં-બકરાં વગેરે વેચીને કે જાનવરો ભાડે ફેરવી પેટગુજારો કરે. પણ પર્વતારોહીઓ સાથે રહી તેમનો સામાન ઊંચકવા જવું એમને સૌથી વધુ ગમે. પીઠ પર મણ દોઢ મણ વજન બાંધી પહાડ ખૂંદતાં યે તેઓ લહેરથી વાંસળી

ત્રગાડતા જાય. પુરુષની માફક સ્ત્રીઓ યે આવી મજૂરીએ જાય. આમ અવારનવાર પર્વતારોહીઓ સાથે જતાઆવતા હોઈ તેમનું એ વિષેનું જ્ઞાન પણ બહોળું થઈ ક્યારેક તો ભારવાહક થવા સાથે તેઓ માર્ગદર્શન પણ આપે ખરા. પહાડી ઋતુઓના યે પૂરા જ્ઞાતા. બરફ અને વરસાદની આગાહી તરત જ કરી દે. વળી, બરફની નીચે ઢંકાએલી જીવલેણ ફાટો ને કરાડો જેવાં પહાડી જોખમોની પણ તેઓ પોતાની લાકડી બરફમાં ઠોકી તુરત જાણી લઈ અનેકવાર પર્વતારોહીઓને સંકટોમાંથી ઉગારી લે એટલે પર્વતો સર કરવા નીકળેલાઓને તો શેરપા મજૂર અનિવાર્યપણે ઉપયોગી બની ગયા છે. આવા આ સાહસી અને બહાદુર શેરપાઓ ભારતની 'ગુરખા સેના'માં પણ સારી સંખ્યામાં ભરતી થયા છે.

ન્યૂ યૉર્કના સંગ્રહાલયમાં ભારતીય કલાનું પ્રદર્શન


ન્યૂ યૉર્ક શહેરના પ્રખ્યાત 'મેટ્રોપોલિટન મ્યૂઝિયમ ઑવ આર્ટ' નામના કલાસંગ્રહાલયમાં એક ખાસ વિભાગમાં ગયા માસ (મે)માં ભારતી-અમેરિકન સંસ્કાર સપ્તાહ નિમિત્તે ભારતનાં નવ સદીનાં ચિત્રો અને કલાકારીગરીના નમૂનાઓનો એક ભારતીય કલા વિભાગ ખોલવામાં આવેલો.

એમાંનાં ૬૦ જેટલાં ચિત્રો ને બીજા નમૂનાઓમાં પ્રાચીનમાં પ્રાચીન કલાકૃતિ એક તાડપત્ર પર આલેખાએલી પવિત્ર બૌદ્ધ હસ્તપ્રતમાંની 'બુદ્ધની સ્મૃતિપૂજા'નું આલેખન કરતી કૃતિ છે, જે ઇ.૧૦૯૦-માં ચીતરાઈ હોવાનું મનાય છે.

આ વિભાગમાં મોટા ભાગનાં ચિત્રો મુઘલ કલમનાં છે. શાહાનશાહ અકબરના દરબારના બસવાન, લાલ ને ધરમદાસ જેવા ખ્યાતનામ ચિત્રકારોએ ઈરાની કલાસાહિત્યનાં, ઐતિહાસિક સાહિત્યનાં ને મહાભારતનાં પાત્રોપ્રસંગોનાં દોરેલાં આ ચિત્રોમાં પશુઓ, વૃક્ષો અને પુષ્પોની ચિત્રકૃતિઓનો સમાવેશ પણ થાય છે. એમાં એના સર્જકોએ જોમ અને કોમળતાનો સુભગ મેળ મેળવ્યો છે. ઉપરાંત સુતરાઉ કાપડ પર કરાએલાં ચિત્રોનાં આલેખનો, સોનાનાં સુશોભનો ને એવા બીજા કલાકૃતિના નમૂનાઓ આ વિભાગમાં જોઈ શકાય છે. ૧૭થી ૧૯મી સદીનાં સોનાનાં બાજુબંધ, હાર, કડાં વગેરે આભૂષણોના નમૂનાઓ પણ અહીં છે.

મેટ્રોપોલિટન મ્યૂઝિયમ ઉપરાંત અમેરિકાનાં બીજાં કેટલાંક સંગ્રહાલયોમાં પણ ભારતીય કલાનો સંગ્રહ છે. બૉસ્ટનના મ્યૂઝિયમ ઑવ ફાઇન આર્ટ નામના સંગ્રહાલયમાં ભારતીય કલાનો મોટામાં મોટો સંગ્રહ છે. શિકાગો, કાન્સાસ અને સીટલનાં સંગ્રહાલયોમાં પણ ભારતીય કલાના નમૂના છે. એને લગતાં ચિત્રો આ સામે આપ્યાં છે.







મથાળે: ન્યૂ યોર્કનું જગપ્રસિદ્ધ 'મેટ્રોપૉલિટન મ્યુઝિયમ ઑવ આર્ટ.' વચ્ચે: એ મ્યુઝિયમમાંના ભારતીય કલાવિભાગનું સમગ્ર દૃશ્ય. નીચે: ભીંત પરના અકબરના સમયનાં ત્રણ નમૂનાઓમાં ડાબી બાજુથી (૧) અમીર ખુશરૂ દહેલવીની હસ્તપ્રત ખામસામાંનું ચિત્ર છે; અને (૨-૩) અમીર હમઝાની કથામાંનાં ચિત્રો છે.

એતી, પાંતી, વિનતી, પૂંઠનકી ખજવાર;
એતાં નહિ પર હસ્થડે, આપ કરનમેં સાર.

મહારાષ્ટ્રીય સંત એકનાથ ખૂબ નમ્ર ને પ્રેમભાવી હતા. તેમને ગુસ્સે કરવાના ઈરાદે એક માણસ, તે મંદિરમાં ભક્તિલીન હતા ત્યાં જઈ તેમને ખભે ચડી બેઠો. એકનાથે હસીને તેને કહ્યું, 'આવ ભાઈ આવ; મને મળવા તો ઘણા આવે છે, પણ તારા જેટલો પ્રેમ કોઈએ દાખવ્યો નથી. તું ભલે આવ્યો.'

અને પેલો માનવી આ ક્ષમાશીલતાથી શરમાઈ તેમનાં ચરણે ઢળી પડ્યો.


અનેકાર્થી શબ્દ : **સાફી**=વળતર વગરનું–'નેટ'; ચલમ પીવાનો કપડાનો કટકો; પતરાજી કે બડાઈ.

કહેવતોના અર્થ : 'આવતી વહુ ને બેસતો રાજા'–આ જાણીતી કહેવતનો સુવિદિત અર્થ એ છે કે (બંનેની માફક) માણસે પાડેલી પહેલી છાપ ઉપરથી જ તેની કિંમત અંકાય છે માટે નવાં સંબંધોમાં ખબરદાર રહેવું પણ એ આખો છપ્પો વળી કાંઇક બીજો જ (અને અનુભવે સાચો પડેલો) અર્થ દાખવે છે:

આવતી વહુ ને બેસતો રાજા,
પહેલી રાખે શરમ ને પછી મૂકે માઝા.

એક થાળી લઈ તેની અંદર સહેજ ગ્રીઝલ ચોપડી દેવું. પછી તે પર કોરા રંગ વડે રંગોળી પાડવી. થોડી વાર પછી તેના પર ધીરી ધારે પાણી રેડીને થાળી ભરી દેવી. સાચવીને પાણી રેડશો તો રંગોળી જરા પણ ભૂંસાશે નહિ અને જોનારાને ભારે નવાઈ લાગશે. (૨૫)

કાચને ગરમ કરતાં ઠંડા પાણીથી સાફ કરવાથી તે વધુ ચળકાટ મારે છે.




કાગળ કટાઇના આ નમૂનામાં એક સફેદ કાગળને અનેકગણી ગડી પાડીને તેની કિનારે સુંદર આકૃતિમાં કાતરથી કાપી લેસ જેવો આકાર બનાવ્યો છે.

ફીટલીનો આંકડિયો ઘણી વાર ગરમ થઈ જાય છે ત્યારે ઉપાડતાં પડતી અડચણ અટકાવવા આંકડિયા પર મજબૂત દોરી કે સૂતળીનાં બેત્રણ પડ કસોકસ વીંટી લેવાં. હાથ નહિ દાઝે. (૨૫)

એક માણસની ચામડી સરેરાશ સોળ ચોરસ ફૂટ જેટલી થાય છે.

શિક્ષક: મનુ, તેં આજે બિલકુલ લખ્યું નથી. મેં તને કેટલી વાર કહ્યું છે કે નવરા હાથ માટે સેતાન કાંઇક કામ શોધી કાઢે છે! ચાલ, હવે એ જ વાક્ય વીસ વખત લખી લાવ જોઈએ!



કલાકણિકા: જાજમો વગેરે જમીન ઉપરનાં પાથરણાં સુદ્ધાં માણસની રસવૃત્તિએ શણગાર્યાં છે અને તેમાં ગાલીચાની કળા દુનિયાભરની પ્રજાએ પોતપોતાની રીતે ખીલવી છે. પણ ઈરાનના ગાલીચા એ સૌમાં નામચીન છે. તેનો આ એક ઉત્તમ નમૂનો ઇંગ્લંડના કલાસંગ્રહસ્થાનમાં છે.



મહિષાસુરમર્દિની દુર્ગા : મહાબલિપુરનું શિલ્પરત્ન (ફોટો • જગન મહેતા) દક્ષિણ હિંદમાં કાંચી (આજના કાંજીવરમ્)ના પલ્લવ રાજાઓના શાસનકાળમાં સ્થાપત્ય-શિલ્પની એક વિશિષ્ટ પદ્ધતિ ધારણ કરવામાં આવી. ઈસવી સનની સાતમી સદીમાં થઈ ગએલા ત્યાંના રાજા મહેન્દ્રવર્મને પથ્થર-ચૂના ને લાકડાનાં છૂટાં સાધનોને બદલે મોટા અખંડ ખડકો ને પથ્થરોમાંથી આખા ને આખાં સળંગ મંદિરો કોરી કાઢવાની પ્રથા અપનાવી; અને તેનાથી સવાયો કલારસિક તથા બળિયો તેનો પુત્ર નરસિંહવર્મન, જે 'મહામલ્લ'ને નામે ઓળખાતો તેણે પલ્લવ મહારાજ્યના ધીકતા બંદર મહામલ્લપુર (જે આજે મામલપુર કે મહાબલિપુરના નામે ઓળખાય છે તે)માં એ પ્રકારનાં મબલખ શિલ્પ-સ્થાપત્યો સરજાવ્યાં. એના આજે રહેલા અવશેષોમાં શ્રેષ્ઠ ગણાતું શિલ્પરત્ન આ ઉપર આપ્યું છે. એક ગુફાદે ગુફામંડપની જમણી તરફની આખી ભીંત આવરેલા એ અર્ધ ઉપસેલા શિલ્પમાં અસુર મહિષનું મર્દન કરતી દેવી દુર્ગાનું—અસતનો પરાભવ કરતા સતનું—આલેખન છે. એ કાળના શિલ્પમાં હજી નાજુકાઈમાં સરી પડતી વિગતોની બારીકાઈ નથી આવી, પણ અગ્રચારી સર્જકનું પૌરુષ, આવેગ અને છટા તેમાં ભારોભાર છે. આકર્ણ ખેંચેલા ધનુષ તથા ખડ્ગ ધારણ કરેલા હાથવાળી, વિવિધ આયુધધારી, સિંહારૂઢ અષ્ટભુજા દુર્ગાની ટક્કર, પરાક્રમશીલ ને આક્રમક દેહછટા દાખવતું આવું બલવાન શિલ્પ એકમાત્ર ઇલોરા (વેળૂર)ના ગુફામંડપો સિવાય હિંદ આખામાં ક્યાંય નથી. યોગિનીઓ તથા ગણોથી વીંટળાએલી દુર્ગાના આક્રમક ભાવ અને પોતાના અસુરો સાથે નાસતા મહિષના પરાજયના ભાવનું નાટયછટાભર્યું એનું આલેખન ગતિશીલ અને ચેતનવંતું લાગે છે.